સાપુરનું કીસમત.

એક વાર્તા

લખનાર ગુલફાંમ.

કોઠ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

કીંમત આના ચાર.

જહાંગીર બેજનજી કરાણીનાં સ્ટેન્ડર્ડ પ્રીંટીંગ
નં૦ ૧૭ તથા ૧૮ પારસી બજાર

સાંકળિયું.

—:o:—

સાપુરનું કીસમત.

પ્રકરણ ૧ લું.

મારોબી હેવાલ પ્રીય વાંચનાર તું વાંચી લે. લોકા લોકની હકીકત તેં સાંભળી તો ભલા માણુસ મારીજ કાંય રહેવા દે? જીવ્યા કરતાં વાંચ્યું ભલું.

મારૂં નામ શાપુરજી સુખલાજી સુથાર છે.

મારો બાપ મુંબઇમાં ભોઇવારની સાંકડી સેરીમાં એક ડબલ શીડીવાલા ઘરમાં ભોંય તલીએ અડકાવાની ખરકીની પછવાડે નાની અંધારી અને ધુમાડાથી થોડી થોડી કાળી થયલી ઓરડીમાં રહેતો હતો તે સુથારનો ધંધો કરતો હતો અને ઘોભાઓ તથા ઘીવાળાઓમાં ખાટલા બનાવવા માટે એકકો ગણાતો હતો. હું તેનો એક પુરો દીકરો હતો અને તેને મને ઘણા લાડ અને માર વચ્ચે ઉધાર્યો હતો. મને મારા બાવાજીએ સુંથારનું કામ ઘણું શીખવ્યુ હતું. રંનદો કેમ ફેરવવો તે હું જાણતો હતો પણ તે કેમ પકડવો તે મને માલમ હતું નહીં. વીંધણાંથી આંધરૂં પડે છે તે તો મને માલમ હતું પણ વીંધણું લાકડાંનું બને છે કે લોઢાંનું તે ખબર ન હતી, એબી મને રોશન હતું કે ફરસી લોખંડની આવે છે તેને ધાર હોય છે અને તે વડે લાકડું છોલાય છે પણ તે કયાં વાપડવી તે મારી બલા જાણે. અને એવીજ રીતે મેં બીજા સંધા હથીયારોનું પકકું પુરતું જ્ઞાન મેલવ્યું હતું તોબી મારા બાવાજી કોઇ કોઇ વેલા કાંઇ નજીવી ભુલ માટે, જેવી કે બારણાનું અખંડ લાકડું વેહેરાઇ જાય અથવા ખીલો મારતાં પાટીયું ફાટી જાય તો મારો બરડો વાંસળાના દાંડાએ પખોડી કહાડતા.

વળી મેં જીવણરામ મેહેતાજીને ત્યાં ઠીક અભ્યાસ કીધો હતો. વીસે આંક પોપટની માફક બોલી જતો, પણ કોઇ વચમાંથી પુછે તો ઠઠે ગયું ગાડું. મેહેતાજીને ત્યાં શીખી ભણીને પરવાર્યો કે મારા બાવાજીએ મને મેહેરવાંનજી માખમારૂની ઇંગ્રેજી સ્કુલમાં (નીશાલમાં નહીં હં!) બેસાડયો. મને ઘણું અજબ એ લાગું કે કોઇ બીજા છોકરાને તેના માબ જીવનરામ મેહેતાજીને ત્યાંથી ઉઠાડી લેવાનું કરે તો મેહેતાજી તહરેવાર તાલ તલાવ કાલાવાલા કરી તે છોકરાને ઉઠાડી લેવા દેતા નહીં પણ મારા બાવાજીએ જ્યારે લેવાનું કહ્યું કે લાગલા મેહેતાજી તો ખુશી થઇ ગયા અને બોલ્યા "રાંડને જરા રતી કરાર વળશે." પણ પછવાડેથી મને માલમ પડયું કે કેહું સુકા છમનાના હું ડાકાં મુકતો, મેહેતાજીની અલીને દોડતો જઇને એકાએક નીશાળમાં માદા પડયા છે,' ત્યારે અલી રડતી કુટતી મેહેતાજીને પસંદ નહી હતી. ભલા આદમી મેહેતાજીને બીજી તહરેવાર મસકેરીઓ હતી તે અજમાવી જે

હવે મેહેરવાનજી માખમારૂની સ્કુલમાં આપણેતો બેઠા. આ મેહેરવાનજીના બાવા અસલ મારા બાવાજીના બાવા સાથે ઝાડના ખાલી કુંડાનો ભાગમાં વેપાર કરતા હતા. તેથી મારા બાવાને તેની ઉપર ઘણો વીશવાસ હતો. મેહેરવાનજીની સ્કુલ હનુમાનની ગલીમાં એક કુસાદે ઘરના પેહલા માળપર આવેલી હતી. આ આખું ઘર મેહેરવાનજીએ નવ રૂપીએ ભાડે રાખ્યું હતું. નીચેના ભાગમાં મેહેરવાનજી માખમારૂ તેવણના ધણીઆણી માણેકબાઇ મરઘી પાળું અને તેવણના આંઠ છોકરાં રહેતાં હતાં. આ આંઠ છોકરાંમાં સર્વેથી મોટું આંઠ વરસનું હતું, અને સર્વેથી નાનું તો દુધમલ હતું. હમારી સ્કુલમાં બે ઓરડા હતા. આગલા ઓરડામાં છ બાજટ હતા જે પર અગીઆર છોકરાઓ છુટા છુટા બેસી ઇંગ્રેજી ત્રીજી ચોપડી શીખતા હતા, અને પાછલા ઓરડામાં (જે ઓરડો રાંધણીને માટે બાંધ્યો હશે એમ મને લાગતું હતું ત્યાં) ચાર બાજટ પર સતર છોકરાં દબાઇ ચંપાઇને બેશીને પેહેલી અથવા બીજી ઇંગ્રેજી ચોપડીઓ વાંચતા હતાં.

પેહેલે દહાડે તો મને "લાસ્ટ" બેસાડયો અને બીજે દહાડે છ દોઢીઆં લાવવા કહ્યાં, તે સીવાય માસ્તરે મારી સાથે કાંઇ વાત કીધી નહીં. છોકરાઓતો મને જોઇને ગુસ ગુસ કરે ને મારી પાસે બેઠેલો એક ઓડાની જેવો પોર્યો લાંબા ટુંકા ડોકાં કરીને પાઠ વાંચે. મેં તેને પુછયું કે તે શું વાંચતો હતો તે ઉપરથી તેણે મને કહ્યું કે તેને તે ચોપડીનાં હજી મીનીંગ લીધા ન હતા તેથી તેનો માયનો તે સમજતો હતો નહીં.

બીજે દહાડે છ દોઢીઆં લઇને આપણે તો ગયા અને જગ્યા લીધી આ વેળા જરા સકારૂં હતું, તેથી માસ્તર હજી નીચેજ હતા, તેથી આપણેતો જઇને બેઠા કે છોકરા સંધા મારી નજદીક આવીને તહરેવાર વાતો કરવા લાગા. આપણે પણ વાતોમાં ભાગ લીધો, વાતે હસવાનું રૂપ પકડયું, હસવાએ મસકેરીનો આકાર ધારણ કીધો, અને મસકેરી પરથી મારા મારી સાથે ગડબડાટ અને રમખાણ મચી રહ્યું અને તે ધરતીકંપના દરમ્યાન માસ્તર મેહેરવાનજી માખમારૂ આવી લાગા અને તેવણના હાથમાની સોટીનો પેહેલોજ ફટકો મારા નવા બરડા પર પડયો. મેં જાણ્યું કે કોઇ છોકરાએ લગાવ્યો હશે, અને તેથી પાછું ફરી જોયા વગર મુક્કી ગુમાવી અને મેહેરવાનજીનું થોભરૂં રંગાવા સાથે ચસમો ઉડીને બાંક નીચે જઇ પડયો અને અલેચાની ઉભી ટોપી જમીન પર ઉંધી પડી ગઇ.

બીજીજ પળે સંધું માલમ પડયું અને હમો પોતપોતાની જગાએ ચુપાચુપ બેસી ગયા. મને બહાર કાહડવામાં આવ્યો અને પેહેલેજ દહાડે આપણા હાથ અને બરડા પર ગરમ ગરમ સપાટા પડયા. અને હવે પછીની કારકીરદી કેવી જશે ,તેનો નમુનો મલ્યો અને તે દહાડે આખો દહાડો બાંક ઉપર ઉભો રહેવાનો આપણને હુકમ થયો.

મારા છ દોડયામાં ઇંગ્રેજી પેહેલી ચોપડી અને તેના મીનીંગ મંગાવ્યા, અને તે બંધે
ી બંધની બંધજ સાંજના સ્કુલ છુટી ત્યાંસુધી ટેબલ પર પડી રહી, સાંજના ઘર ગયો
ીય વાંચનારને મારે જણાવવું જોઇએ કે મારી માતા મારા જનમની વખતેજ
ા હતી, અને તેટલા માટે હમારા ઘરમાં કોઇ પણ સ્ત્રી હતી નહીં, પણ પેહેલે
માસી રેહતાં હતાં, તેવન હમને રાંધી સીંધી આપતાં હતાં.)

માસીના માલ પર જઇ ભોણું ખાધું. માસીનો જીવ મારી પર
નેવન મને પોતાને ત્યાંજ રાખવા દેવાને મારા બાપાને કહ્યાં
માસી પાસે પાંચ પૈસાની પુંજી છે પણ આપણે કાંઇ તે

ભોણું ખાઇ નીચે આવ્યા અને પેલી ચોપડી ઉઘાડી પણ તેમાં મને કાંઇ સમજ પડે તેવું હતું નહીં તેથી તે પડતી મુકી ઘરમાંથી બહાર નીકળી મોહલાઓના પોર્યાઓ સાથે "કસાઇની મુડી" રમવા પડ્યા, અંધારૂં થતાં હું ઘરે આવ્યો અને મારા બાવા પણ થોડા વખતમાં આવ્યાં.

"કેમ દીકરા આજે હું હીખ્યો?" તેવને પેલી ચોપડીઓ જોઇ મલકાઇને મને પુછ્યું.

મેં આખા દહાડાની બનેલી ખરી બીના કહી જેથી તેવન ફફડીને બોલ્યા "મુવો તું હીખતો ને પઢતો" અને પેટીમાંથી મોવડાની બાટલી કહાડી એક ગ્લાસ તેવને પીધું ને હું ઓઢી પોઢીને ઉંઘાઈ ગયો.

હું નીશાળમાં એક વરસ રહ્યો તેટલામાં ઘણું શીખી ગયો; એ. બી. સી. તો આખી મોહડે હતી પણ લખવામાં પાંચ પચીશ ભુલ થઇ જતી. પેહેલી ચોપડીના વીશ પાઠ શીખ્યો હતો, પણ પેહેલા ઓગણીસ પાઠ મને બરાબર આવડતા હતા નહી અને એવીજ રીતે બધી બીજી બાબદો મેં મારી કરી લીધી હતી પણ તે સાથે માસ્તરને પણ કાંઇ થોડી મજાહ આપી નહી. જ્યાર ત્યાર માસ્તરની નેતરને તરો લગાડી મુકતો અને તેના ફટકા સાથે કરોકટ કટકા હવામાં ઉડતા તે ઘણુંજ ખુશ લાગતું હતું. કોઇ વેળા ખડીઆમાં લેવતી મુકતો અને માસ્તરના ખડીઓ ઉઘાડવા સાથે હાજરીની ચોપડીપર શાહીની ખરડાયલી લેવતી કુદાકુદ કરતી તે જોઇ બહુ મજાહ પડતી અને તે લેવતીના નાજુક બદન પર લાગેલી શાહીથી જે ખુશનુંમા આકાર ચોપડી પર પડતો તેથી નજર આનંદ પામતી હતી.

ભુગોળવીદ્યા શીખવતાં મેહેરવાનજી માસ્તર પોતાનો એક જુનો અને કેટલેક ઠેકાણેથી ગાપચાં નીકળી ગયલો હીંદુસ્થાનનો નકશો એક જુના પતરાના નલામાંથી કહાડી બે છોકરાઓ પાસે સંભાળથી પકડાવી પોતે બાંકપર પગ ચુકી ભીતે તાંગતાં, અને લાંબી નેતરે તેમાં દર શુક્રવારે "મુંબાઇ, દીલી, સીલોન અને સાતપુડાનો પાહડ" દેખાડતા. આ ચાર ચીજ ઉપરાંત હમો કાંઇ પુછતા તો તે તેમને જડતું નહીં અથવાતો તે ઠેકાણેનો મેપ જરા ફાટેલો માલમ પડતો. ઘણા છોકરાઓ ડાહ્યા થવા પુછતા કે "સાહેબ નર્મદા નદી કાંહ!" "કચ્છ કેની તરફ!" "કલકતા બતાવોની" ઇત્યાદી. એક દહાડો મનેબી જરા શુર ચહડયું અને મે જરા માસ્તરનો ડાહ્યો થવા પુછ્યું. "સાહેબ કાંદાવાલો મોહલો કઇ દીશાએ?" આ પુછવા સાથેજ મેપ દેખાડવાની નેતરના નવ જપેટા મારા બદન પર પડયા. હું એમ ધારૂં છું કે માસ્તરે તે જગ્યા મેપ પર દેખાડવાને બદલે મારા બદન પર ભુલમાં બતાવી દીધી.

પ્રકરણ ૨ જું.

એક વરસ વીત્યું અને હમારા ઘરમાં કાંઇ ગડબડ થવા માંડી. મારા માસી પોત બેહસ્તી ધણીના વતન (વડોદરે) જવા નીકળ્યા અને તેથી મારા બાપે પોતાનું ઘર સં અને રાધવા સીંધવા એક બાયડી કરી લાવવાનો વીચાર જણાવ્યો. મારા માસી ઘણા ભરાયાં અને ગાલ દીધી અને "બુઢો જાહરૂસ જપહપ" ઇત્યાદી વી ફેરી નાંખ્યો. અંતે જ્યારે મારાં માસીએ જોયું કે કાંઇ કીધાથી વ પણ પોતાની સાથે લઇ જવાનું જણાવ્યું, અને તે મારા બાવાએ તૈયાર કીધા.

ધોબી બીખાને ઘર મોકલી મારાં ધોવાયલાં અને દમ ભરાવી જલદી એક જોડો શીવાડી મંગાવ્યો. (

દરજી મારો સકલાથનો ફાટેલો દગલો કાપીને બદીઆન કરવા લઇ ગયો હતો તેને ત્યાં દાહડાના પંચોતર ફેરા ખાઇને અંતે શીવાડી લાવ્યો અને સંધુ એક કનતાનના, આંમડાના ઠીંગડાવાળા કોથલામાં ભરીને એક તાળું માર્યુ જે તાળાને સંધી કુંચી લાગતી હતી એટલુંજ નહીં પણ કેટલીક વખત કુચી વગર ઉઘડતું હતું અને કેટલીક વખત ગામની કુચી લગાડવા છતાં જરા સસરતું વસરતું નહી. વળી મેં મોટી સંભાળ મારી સ્કુલની ચોપડીઓ કોહલામાં મુકતા ભુલી જવાની રાખી હતી. અને તેમ હું ભુલી પણ ગયો, તેથી આગગાડીમાં બેઠા બેઠાએ સુગરાના કીધા.

મારા માસ્તર તો મારા જવાની વાત સાંભળીનેજ એક તસું ડોંગા થઇ ગયા, પણ સર્વે નીશાળના છોકરાઓ ગમગીન બન્યા. અંતે હું મેહેરવાનજી માખમારના માણેકબાઇ મરઘીપાળું અને તેવનના આંઠ કાઉ કાઉ કરતાં પોર્યાઓને મળી ભેટી છુટો પડયો.

વડોદરે પુગતાંજ મારા માસીના પોતાના ઘરમાં હમો ઉતર્યા.

મને એક ઇંગ્રેજી નીશાળમાં મોકલ્યો અને હું ત્યાં મારી મરજી ઉપરાંત ઘણું સારૂ શીખ્યો. અને ઇંગ્રેજી તથા ફારસીમાં વાતો કરતાં અને કાગજ પત્ર લખતાં તથા ચોપડીઓ વાંચતાં મારા માસીના પૈસાએ, મારા માસ્તરની કળાએ, મારી મેહેનતે અને છુટાપણાએ શીખ્યો.

ત્રણ વરસ સુધી અત્રે પણ શીખવા પછી મારી સોળ વરસની ઉમરે મને મારા માસીએ એક વેપારીની પેહેડીપર રાખ્યો. (પગાર વગર હં! અમથું શીખવા.)

આ પેહેડીપર બે વાણ્યા ભાગ્યા હતા અને તે બંને ભાઇ થતા હતા. વડાનું નામ જેઠો ને નાનાનું નામ ભાણો પણ આ નાનો અંગે મસ્ત અને જોરાવર હતો અને બંને ભાઇ જ્યારે કાંઇ બાબદસર મરાતા તો ભાણો જેઠાની કુંદી કરવાનેબી ચુકતો નહીં અને હું વચે પડતો ત્યારે મારૂં માસ પણ જરા સુજતું.

આ બંને ભાઇઓનો વેપાર ખાંડનો હતો તેવો મહીને દહાડે બેત્રણ સો રૂપ્યાની ખાંડ લેતા અને વેચતા હતા. મારા માસીએ જ્યારે મને આ વેપારીને ત્યાં રાખવા કાહડયો, ત્યારે મેં મારી એ વીશે નારાજી જણાવી પણ તેવને મને ઘણો પતાવી કહ્યું "દીકરા સપલ તારો બાપતો ભસ્તે ગીઓ ભુંડો નીકલ્યો અને તારી મતરાઇ તો રાંડ નાપાખ ઘણી ખરાબ હશે (જો કે મારા માસીએ કે મેં મારી મતરાઇને જોઇ હતી નહી યા તેને વીશે કાંઇ સાંભળ્યું પણ ન હતું) તે મહીરાં મુઇ તારા બાપને ભમાવ્યા કરશે તેથી તુંને તો હું કદી મુબાઇ તે મુઆના ઘરમાં મોકલું નહીં. આગ લાગે તેઓના ઘરને અને બારને (મારા બાવાનું પોતાનું ઘર ન હતું તેથી મને ઘણું લાગું નહીં.) વળી મારી પાસે કાંઇ પૈસો ટકો છે નહી! આ એક ઘરનું થોભલું બરેલું છે (ખુદા ખૈર કરે) તેમાં લાંબા તાંત્યા કરી પડવાનું છે વાસ્તે બાપા ..ં કાંઇ કમાઇ લાવશે તો તું પછવાડેના દહાડા પર સુખ જોશે ને તારા હાથની ધરતી મને ..દેશે નહી તો મને ગાળ દેશે કે મુઇ એ ઘરડી પરડી થઇને આવો માથે હાથ દઇને ..ણી કેલવ્યો. મારા દીકરા તું તો ડાહ્યો છે." મારા માસીએ કોટી કરીને કહ્યું "વાસ્તે ..એ લોકોને કેટલી ખુશામતે કબુલ કરાવ્યું છે. તારી એમાં નજર ઉઘડશે તો ..જોશે." ઇત્યાદી ઇત્યાદી.

..તા કે માસીજી પાસે દલ્લો છે પણ આ તેવનના બોલોથી આપણી ..તે કબુલ કરવાના વીચારથી વેપારે ચાલ્યા.

..ાં મને ઘણી સરસ આવડી અને તે સાથે ખાંડના પેતારા ..ર સુથારનું કામ હું શીખ્યો અને હવેજ મને માલમ

પડયું જે જેટલો હું મેરવાનજી માખમારને ત્યાં ઇંગ્રેજી શીખ્યો હતો તેટલુંજ મારા બાવાજીને સુથારનું કામ આવડતું હતું.

એક દહાડે હું ખાંડનો કોથલો શીવાડતો હતો અને જરા જરા ચમતી ખાંડ મોહડાંમાં મુકતો હતો કે નીચેથી કાંઇ મોટો અવાજ સંભલાયો હું દોડયો અને જોવું છું તો મારો નાનો શેઠ મોટાને ખુનામાં દાબીને મારતો હતો.

મારો મોટો શેઠ મારી ઉપર ઘણો મેહેરબાન હતો અને દીવાલી, હોલી, દસેરા, ને પુનમને દહાડે એકક આનો આપતો હતો તેથી ભાણાના બરદા પર મેં એક છાપટ મારી જેથી ભાણા ભાઇએ એક ઉંધો લપેરો ખાધો. હવે તે જેહાને મુકી મારી આગળ આવ્યો કે તેને કાંઇ પણ વખત આપવા વના તેના દાચામાં એક મુકી મેં જાહડી કે ભાણાભાઇ ભોંય પર ચતાપાત પડયા. પણ પડતાંજ પાછો ઉઠી બરડો પખોડીયા વના મારાં દીલ પર ધસ્યો કે મેં એક કાન પર સોલતીંગ લગાવી આડો નાંખ્યો. હવે મારો મોટો શેઠ વચમાં પડયો અને સંધી સમાધાની થઇ. અને ભાણાએ એક નાના પોર્યાને દોડીયું આપી રેવનચીનો સીરો ને આંબા અરધ મંગાવી પોતાના સેકાયલા ચેહેરા પર ખુબ તરેહસી ભરીને કાંજતો કરાંજતો દુકાનમાં આવી પાતલા પર બેઠો.

હું ધારતો હતો તેમ મને કાંઇ રજા મલી નહીં પણ હું ન ધારતો હતો તેમ બંને શેઠો વચ્ચેની મારામારી તે દાહડેથી બંધ પડી ગઇ.

પ્રકરણ ૩ જું.

૭ મહીનામાં મારો ત્રણ રૂપીઆનો પગાર થયો અને મારાં માસીએ ખુશાલીમાં સેવ રાંધી, બારણે ધોલી બેસાડયા અને મને આછું મીઠું કીધું.

બીજા ૭ મહીના ઉદયોગ અને મેહેનત વચે ગુપચુપ પસાર થઇ ગયા. અને ત્યાર પછી મારા પોતાનાજ વાંકથી મારા ઉપર નવી જોહેમત આવી પડી.

મને લાગું કે માણસ જાતમાં સ્ત્રીઓ ફીરેસ્તા છે તેથી મારે કોઇ બાઇડીના પ્યારમાં પડવું જોઇએ.

મારા શેઠના ઘરમાં બે જવાન સ્ત્રીઓ હતી, એક તો નાના શેઠની પંદર વરશની છોકરી જેનો માટી પરદેશ ગયો હતો તેથી શેઠને ઘરજ રેહેતી હતી તે, અને બીજી શેઠની રંડાયલી પાંતરીસ વરસની બેન.

આ બંને જણાઓ સાથે હું સેજસાજ લાડ કરતો મારા શેઠના ઘરમાં અરધી દજન સ્ત્રીઓ હતે તો તે સંધી ૭ સાથે હું ખચીતજ લાડ કરતે પણ કમનસીબે મારો એવો લાડ મારી ખુવારી લાવ્યો. હું જ્યારે બંનેને જુદી જુદી રીતે ખુશ રાખતો અને ને સાથે હસતો બોલતો ત્યારે કેહું તેઓને માલમ નહીં કે હું બીજી સાથેબી એમજ

એક દહાડે નાની સાથે ખુશ ગુફતેગોના દરમ્યાનમાં મોટી આવી લાગી જણીઓ મરાઇ પડી અને બીજેજ દહાડે મોટી સાથની ગુફતેગોમાં નાની ફરી લડી પડી.

નાનીને અદેખાઇ લાગી કે આ બુઢી સાથે હું લાડ કરૂં કહ્યું કે હું તેની બેન સાથે પ્યાર કરૂં છું અને મોટીએ દીકરી સાથે મહોબતમાં છું.

આ બાપને ભાઇ તો ભાણેજ હતો એટલે પછી પુછવું શું! પેહેલાએ જેમ ધાર્યું હતું તેમ બીજી પાસેથી મને છીનવી લીધો અને બીજાએ વીચાર્યું હતું તેમ પેહેલી પાસેથી મને જુતવી લીધો. પણ તે સાથે આ વેપારની પેહેડીની ખાંડની કોડલીને પણ છેલી સલામ કરવી પડી.

આપણે તો સંધા હથ્યાર અને બાકીના દાહડાના સવા બે રૂપીઆ લઇ ઘર આવ્યા અને સંધી બીના માસીજી આગલ રડી પડીને કહી.

પણ જુદા જુદા માણસો એક બનાવ કેમ જુદા જુદા આકારમાં જોય છે તે મેં આજે જોયું.

"ચાલ તેમાં શું છે" મારા માસીએ મને મયાળું ઠપકો આપ્યો. "કાહડી મુકયો તો મુવાને ત્યાં તું કાંહાં જવાને બેસી રહ્યો હતો. ધન નહી તો ધાન તો મળશે. રાંડ ગધેડીઓને જરા શરમ નહી આવી કે એવી એવી વાતો માટીડાની આગળ કરવા લાગી. બઇરાંઓથી શું ભલું તે થશે તારા બાપનોજ દાખલો લેની" મને બઇરાંઓના ફીરેસ્તાઇ વીચારમાં બીજો વીચાર પેસાડવાને સુંજાવ્યું "પેલી રાંડે તેને કેવો મરઘો કરી મુકયો છે" ઇત્યાદી—

આ પ્રમાણે આપણા માથા પરથી સંધો વાંક પખોડાઇ ગયો.

ઘેરમાં રહીને ખાતાં થોડા દહાડા ગયા કે મને ચેન પડયું નહી અને બજારમાં ફરવા લાગો અને દુકાનો પર જઇ પેતારા બનાવાનું કામ પુછવા લાગો. પેહેલાં તો બે ત્રણ વેપારીઓ મને કામ આપતાં શરમાયા અને કેટલાકોએ મને ખીલાજ મારવા દીધા. પાંચેક જણાઓએ દુકાનપરજ બેસાડી પેતારા બનાવી લીધા અને એ પ્રમાણે ગાડું ચાલ્યું અને માસીજી તો ખુશ ખુશ થવા લાગા કે દીકરો બેઠા બેકાર છતાંબી કમાય છે.

પ્રકરણ ૪ થું.

એક દહાડે હું ચાપાનેરના દરવાજામાંથી બહાર નીકલી પાકુતપરામાં થઇ આગળ જતો હતો તેટલામાં એક લુહારને પોતાના એક ચાકર સાથે મારામારી કરતો મેં સાંભળ્યો.

"શું છે? શું છે?" કરતો હું અંદર ગુસ્યો અને ત્યાંની ભઠી લોખંડનો સામાન ઇત્યાદી જોઇ અજબ થયો.

પેલો લુહાર કાંઇ મારી આગળ બોલી ગયો પણ હું પેલો સામન જોવામાં એટલો તો મસગુલ હતો કે મેં તે કાંઇ સાભળ્યું નહીં.

અંતે પેલા લુહારે પેલા ચાકરને કાહડી મુકયો અને મારી આગળ કકલવા લાગો કે હવે તેનો જમનો હાથ ભાંગી ગયો કારણ કે બીજું એવું માણસ મળવું મુશ્કેલ હતું.

મેં તરતજ મને પોતાને રજુ કીધો અને મારો બાંધો અને કાઠી જોઇ તેવન લતી ઓ અને સાડાત્રણ રૂપીઆના પગારે રાખ્યો.

લુહારનો ધંધો હું ધારતો હતો તેટલો બીકટ નહી નીકલ્યો. "લોખંડ લાલ થાય ત્યાં ...નસમાં રાખવું અને પછી તેને ટીપવું," એટલામાં લોહારનો ધંધો આવી ...ધ્યાનથી કામ કરવા માંડયું એટલુજ નહી પણ મારા શેઠની હરસે મારે ...ચાવી કરવા લાગો. અને મારા જુજ પગારમાં એકુ બે રૂપ્યાનો ઠીક

...પમાન હતો અને અંગે લઠ જેવો અને કદાવર હતો. તે જહ- ...ોહડું જોયા કરવાથી તેની આંખો પણ લાલ થઇ આવી ...ન બાયડી આસરે ૪૦) વરસની પણ ઘણી ખુબસુરત

હતી. તેની સાથે લાડ કરવાનું મારૂં ઘણું મન થયું પણ લોહારનું જહનુન અને તેનો હદોડો મને યાદ હોવાથી તે વાત અખાડા કીધી.

વળી એક ઇબ્રાઇમ કરીને મારા શેઠના સાલાના સાલાનો છોકરો પણ હમારી દુકાનમાં સવા રૂપ્યો ને બે આનાના પગારે ચાકરી રહ્યો હતો તેની સાથે હમો ખુશ મસકેરી કરતા હતા. અને તેને તપલા મારવાની મને ઘણી મહજા પડતી હતી.

"શાપુર શાપુર" આખો દહાડો મારો શેઠ બરાડયા કરતો હતો તેથી મારૂં નામ શાપુર છે કે કોઇ હથ્યારનું નામ તે મને ઘણું ગુચવન ભરેલું લાગતું હતું.

દીવાલીના દહાડા હતા અને મને અસલથીજ ફટાકરા પર ઘણો શોખ હતો તેથી મેં અને ઇબ્રાઇમે ખુબતહરેથી ફટાકરા ફોડવાનો ઠેડાવ કીધો પણ પૈસા વગર ફટાકરાવાલો કાંઇ ઇબ્રાહીમનો કાકો હતો જે હમને બંનેને મફત ફટાકરા આપે?

ઘણી ગોઠવણ કીધી અને ઘણી તાલો રચી પણ કાંઇ ઠેકાણું લાગું નહીં અને અંતે એક ઘરાકની સમરાવા આવેલી ગાડીની કમાનપર મારી નજર પડી. તે વેચીને ફટાકરા લાવવાનો હમોએ ઠેડાવ કીધો અને પાર પણ પાડયો.

(હું હમણા ધારૂં છું તેમ) ખાસી પંદર રૂપીયાની કમાન ત્રણ રૂપીઆમાં વેચી એક તોપલી ભરીને ફટાકરા લાવ્યા. અને તેની નાની આઠ નવ પોટલી બાંધી અને સંધા મજુરોની રોટલી ચટણીની આશરે બાર તેરેક પાટલીઓ હતી તેની સાથે મુકી કે મારા શેઠને તે નજરે પડે નહીં અને નજરે પડે તો તે વીશે કાંઇ વીચાર આવે નહીં.

આ કામ કરી રહ્યા પછી રાતના ફટાકરા ફોડવાની કેવી મહજા પડશે તે વીશે તહરેવાર અટકલો બાંધવા માંડી અને હશાહશ કરવા લાગા.

થોડા વખતમાં શેઠ આવ્યા અને હમો કામે લાગા. ઇબ્રાહીમ ધમન દાબતો હતો. હું ભઠ્ઠીની સામે બેશીને સ્કુઓને આંટા પાડતો હતો અને મારા શેઠ મારી અને ઇબ્રાઇમની વચે બેશીને એક ચકરના દાંતા તુટી ગયલા સમારતો હતો. તેવામાં એક ઘરાહક આવ્યું અને પેલી હમારી વેચી નાખેલી કમાન માંગવા લાગું. શેઠ ઉઠયા અને કમાન સોધતા સોધતાં બોલ્યાં "તમારી વાત જોતો હતો કે કયારે આવે કે આપી દઉં; સમારીને તૈયાર રાખી છે પણ એ ગઇ કાંહ શાપુર, ઓ શાપુર."

"જી" મેં ટુકો જવાબ દીધો અને સ્કુ એક તૈયાર થવા છતાં તેની ઉપરજ મંડી રહ્યો.

"પેલી કમાન કયાં મુકીછ?" શેઠે પુછ્યું.

"કહી? પેલી ગોલ હતી તે કે?" મેં પુછ્યું.

"હારે હા" ચીરડઇને તેવન બોલ્યા અને મને ઉઠીને તે ફોકટમાં સોધવાની ફરજ પડી. મારા હાથ ધુજતા હતા તેથી ઘણું ગોદલ થઇ ગયું. લોખંડના ઠીકરાંઓની ચોર પડી ગઇ. ખીલાનોં તોપલો ઉંધો વલી ગયો. પાણીની બાલદી વાંકી થઇ ગઇ અને બધું ઉં' ચતું બની રહ્યું.

પેલું ઘરાક થોડા વખત રહીને આવવા કહીને ગયું અને હમારી શોધ વગ॰ પુરી થઇ.

શેઠ ઘણા ચીરડાઇ ગયા અને મજુરોમાંના કોઇએ લીધી હશે ॰

"તમો બધાને ભુખા મારૂં એજ સજા બસ છે" એમ ॰

અને હમારા પ્યારા ફટાકરાની પોટલીઓ સંધી એકઠી કરીને

આતસ સાથે દારૂ ગોળો મલતાજ ધડાકા કડાકા ॰

બપોર્યા, ફુલજરી ને બાણુ, વીંછુ ને દારમ સંધા એ॰

સામન લાગી ગયો. ઇબ્રાઇમનું મોહડું દાઝી ગયું અને મારા શેઠની દાહડી બલી ગઇ અને આપણે તો વગર ઇજાએ ધરે ગોટલી મારી ગયા.

અને આ પ્રમાણે મારા લોહારના ધંધાનો અંત આવ્યો.

પ્રકરણ ૫ મું.

વળી આપણે ધરે બેઠા અને ખુશાલ મહજા કરવા પડ્યા પણ તેટલાં નવો બનાવ બન્યો અને મારો નવો ધંધો ઉઘડયો.

ગનેશરામ બાપુજી કરીને મારા મીત્રના કાકા સસરાનો છોકરો ચીતારો હતો તેની સાથે મને ઓલખ થઇ અને તેનો ધંધો મને બહુજ પસંદ પડયો. તે તહરેવાર પાત્યાંઓ તહરેવાર લાકડાં બારણા બારી ઇત્યાદી રંગી જાણતો હતો.

એ કામ પણ ઘણું સેહેલ હતું અને રંગમાં પીછી બોરી સહરેતા પાડતા તો હું પેહલેજ દહાડે શીખી ગયો.

પણ જે દહાડે મને ગનેશરામ સાથે દોસ્તી પડી તેજ દહાડે તેવનને મારા પગલાંની બરકતથી ચાકરી પરથી રજા મળી.

તેવન બેઠા બેકાર હતા અને આપણ કાંઇ ધનધન ધોરી ન હતા તેથી ઠીકજ જોડી થઇ.

તેનો બાહર ગામ જઇ ધંધો અજમાવાનો વીચાર હતો અને હું તેના વીચારને મળતો થયો.

વડોદરાથી તે કંટાલી ગયો હતો અને હું પણ (તેને ખાતર) તે શેહેરથી બેજાર થયો હતો.

તેના બચાંકચાં બઇરી હતી નહીં અને આપણાબી બાવા બે વેલા પરણેલા તેજ.

તે પોતાની મામીને સમજાવી પતાવી બાર ગામ જવાનું કબુલ કરાવી આવ્યો અને હું માસીને શીશામાં ઉતારી આવ્યો.

અને આ પ્રમાણે હમારી મુસાફ્રી સરૂ થઇ.

હમો બીજે દહાડે સાથે ઉપડયા. તેને પોતાની સાથે પીછીઓ, બે ત્રણ રંગની દાબડી બે પતલાં પાત્યાં અને પોતાને હાથે રંગેલો એક અને તેના આગલા શેઠને ત્યાંના એક હુશીયાર ચીતારના નમુના જાહેર ખબર તરીકે દેખાડવા સાથે લીધા. મેં પણ આશા, અજ્ઞાનપણું, બીનઅનુભવ અને દોહડ આનો સાથે રાખ્યો.

રસ્તામાં મારો દોહડ આનો પેહેલાં અને તેના છ આના પછી કરીને ખરચી ખાધા, અને રાત પડતાં એક નાના ગામડામાં જઇ પુગા. રાતો રાત તો એક ગાસની ગંજીમાં સુઇ રહ્યા અને સહવાર પડતાં ધંધાની અને ખોરાકની શોધમાં બહાર પડયાં પણ આ ગામમાં તો લોકો એવા હુશીઆર ને એક બીજામાં એવા તો પંકાયલા હતા કે મારવાડીને, પટેલને કે બુમલ્લાવાલા ખારવાને પોતાના ધરપર પાત્યાં તાંગવાની કાંઇ અગત હતી નહીં.

' સમજાવા છતાં પાત્યાં રંગવા તો નહીં આપ્યાં પણ થોડું સમજાવાથી ખોરાક આપ્યો.

'ર પુરો મુકી ખાલી ગજવાએ, ખાલી પેટે પણ સરસામનથી લાધેલી પીઠે આગળ

ે કેટલેક દહાડે પીખાયલી પીછી ધુલમાં ખરડાયલા રંગ, ભાગેલાં પાત્યાં અને

ાથે હમો અમદાવાદ આવી પુગા.

હમો બંને જણા વચે તકરાર નીકળી કે પેહેલાં શું કરવું? અંતે

આવવાનો ઠેડાવ કરી ચાલ્યાં. એક ધરના બારણા પર સંગે

અને તેની ઉપર એક પાત્યું હતું જે ઉપર "દાક્તર દેની-

દાકતર દેન્યલના ધરમાં જઇ તે દાકતર સાહેબની હમારા ધંધામાં કાંઇ મદદ માગવાનો વીચાર મારા મીત્રે જણાવ્યો અને અલબતા મેં તેને ટેકો આપ્યો, કારણ કે બીજું શું કરવું તે હું જાનતો હતો નહી. ધરમાં દાખલ થતાંજ એક શીનોર મલ્યો જેણે "કયું, રે ક્યાં મંગતા" કરીને પુછ્યું.

"દાકતર સાહેબને મળવું છે" ગનેશરામે જવાબ દીધો.

"બયેઠો જરા" એમ કહી શીનોરજી ચાલી ગયા ને એક લાલ્યો જરા વારમાં આવ્યો.

"ડાછતર ને મરવા આવેલા કે ભાય?" તેણે પુછયું.

"હા ભાઇ દાકતર મલશે કે!" મારા મીત્રે પુછયું.

"તો ની કાંય મરે વરી? પણ ડાછતર બહુ ઢોંગી છે જો, મારો હહરો છાકરોનેબી હછાવી હછાવીને મારી લાખે. ને લોકોના જોતાં જાતાંમાં એવા દાંટરા તોરી પારે કે તું કેહેકે આ હું?" પણ તે વધારે બોલે તેટલાં પેલો શીનોર પાછો આવ્યો અને હમને તેડી ગયો.

દાદરપર માર તમારે ગલીચા બીછાવેલા ને માંહે પીતલની સીક જડેલી. ઉપર ગયાને દાકતરના ઓરડામાં દાખલ થયા. તે ઠીંગણો, દોંગો ને ભુત જેવો હતો. જરા પીધેલોબી હશે. હમોને જોઇને તે "આવોજી આવોજી" કરી ગુજરાતીમાંજ બોલ્યો અને મારો મીત્ર ઓરડામાં દાખલ થયો, ને હું તો બહારજ ઉભો. દાકતરે તેને કહ્યું. "માફ કરજો ઘણો વખત ખોટી થયા, જોઇએ મ્હોહું ઉઘાડો" ગનેશરામ સમજીઓ કે એ હસમુખો છે તે કાંઇ વળી હસવાનું કરેછે અને વળી તેની મદદજ માંગવા આવેલા એટલે તેને રાજી કરવામાં અકલ ખર્ચી મ્હોહડાની ફાટ ઉઘાડી ગનેશરામ તો બેઠા. "જરા હજી વધારે" દાકતરે કહ્યું અને જરા હશીને ગનેશે મ્હોહું જરા વધારે ઉઘાડયું કે દાકતરે તો ચપ દેતું કે કાંઇ હથ્યાર મોહડામાં ધાલી તપ દેતો કે એક દાંત ખેંચી કહાડયો ને ગનેશરામ એક બરાડ મારી બુમે બુમ પાડવા લાગો ને લોહીના કોગરા કાહડવા લાગો અને દાકતરને ધીંમ કરતી એક મુકી છાંતીમાં લગાવી દીધી. હું વચે દોડી ગયો ને મારા નાલા દાકતરને ગાળો દેવા લાગો.

દાકતર કહેકે "કુચ ફકર નહીં હમના સારૂ થશે."

"શું સારૂ થશે તારૂ કપાલ જીવતો દાંત શેને પાડયો? એમાંબી કાંઇ હસવાનું હશે" ગનેશે ચીરડાઇને કહ્યું.

"ત્યારે કહો દાંત દુખતો હતો" દાકતરે ફગલાઇને પુછ્યું.

"અરે દાંત કોણ સસરાનો દુખેચ? હમો કામ સર આવ્યા હતા" મેં હવે મારી તરફથી જરા દમ ભરાવ્યો. હવે દાકતરે જોયું કે તેનાથી કાચું કપાયું છે ત્યારે તે હમને પટાવા લાગો અને શા કારણસર આવ્યા હતા, તે પુછવા લાગો. ગનેશરામે ઘોલ્યાનો દુચો મોહડા પર દાબી કાંસતાં કાંસતાં પોતાનું આવવાનું કારણ કહી સંભલાવ્યું.

"અરે ભલા મનીખ હું શું જાણું, પેહેલાંથીજ બોલીએ કેની?" દાકતર ઉલતો સતે' થવા લાગો." પણ ચાલો જે થયું તે થયું. તમુને દુઃખ થયું તેનો બદલો વાલી આપું' એમ કહી ટેબલ આગલ હાથાની ખુરશી તાણીને તે પર બેઠો ને ચરચર કરતી ચીતરી કાહડી ગણેશરામના હાથમાં મુકી કહ્યું "આ ચીઠી લઇ મારાં માણ અને હમના મુંબાઇથી એક 'કવીન નાટક મંડલી' નામની પારસીઓની આલેક કાવસજી કાનની કરીવાલો છે, તેવન તમુને પરદા રંગવા ચાક

હમોતો દાકતરને વાંકા વલી વલીને સલામ કરી બહાર હીંડયા. અરધો કલાક સુધી ચાલ્યા પછી એક ખુંટા ને ખં

૧ાા

અને માહે પેઠા. દાકતરની ચીઠી વાંચી તરતજ કાવશજીએ હમુને ચાકરીએ રાખ્યા અને ગણેશનો ત્રણ રૂપ્યા ને મારો બે રૂપ્યા પગાર માંડયો. પણ પરદા રંગવાને બદલે પરદા ખેંચવાનું હમુને કામ સોપ્યું. આપણે તો એકજ વેલા મુંબઇમાં જાંબુલી મોહોલાની નાટકશાળામાં ગોપીચંદનો નાટક જોયલો પણ તે કરતાં આ લોકના નાટક ઠીક હતા પણ નાટક કરવાનું કામ બહુ સેહેલું હતુ. માલેક જે કાંઇ કાગલ પર લખી આપે તે મ્હોડે કરીને રાગડા તાની પરદાની બહાર બોલી જવામાં નાટકી થવાતું હતુ.

જે દહાડે હમો નવી ચાકરી પર ગયા તે દહાડે બપોરે થોડા ચોખા, મુઠીએક દાળ, પુલ્યામાં ઘી, ચમતી મીઠું અને એક લાકડાંની ચીર ગનેશને આપી અને તેવને પકાવી ખાધુ ને આપણે તો બધાની સાથે બેશીને ખુબ તરેહથી દબાવ્યું. ત્રણ વાગે ને એક અંધીઆરૂ, (મેં પછવાડેથી જાણ્યું તેમ કુાં૦ નો બબરચી) એક મોટો કાંસ્યો ભરીને વરાલના ગોટે ગોટ નીકલતી, લાલ, વગર દુધની, ચાહે મારી આગળ મુકી ગયો. મેં તેને પુછ્યું "ભાઇ એને શું કરૂં?"

"શો કરે જો? પીઝાની ગોલામ! ડાહ્યો શું થાયશ." એમ કહીને લટકો કરી બાદશાહ ચાલી ગયા.

મુંબાઇમાં મારા બાવાજી જ્યારે જરા તરા માદા પડ્યા કરતા ત્યારે માસી પાસે ચાહે કરાવીને પીતા હતા. અને મને કોઇ દહાડે ઓકારી થતી ત્યારે બાવા મને નેતરે મારી મારીને પ્યાલું ભરીને ચાહે પાતા હતા, કારણ કે ચાહે ને નામેજ મને તાપ ચહડતી હતી. હવે આ નાની જેવી તપેલી જેવો કાંસ્યો કેમ પુરો કરૂં. તેનો વીચાર કરવા લાગો તેવામાં પોંચાજી પરી નામના એક મુછ બોડાવીને છોકરી બનનારા એકટરનું નાનું ટામી નામનું કુતરૂં મારી આગળ પુછડું હલાવતું આવ્યું. મેં તેને પેહેલે પસવાર્યું ને પછી હાથમાં ઉંચકી ખોલા પર બેસાડી તેનું નાનું બાલથી ભરેલું મુડું જોર કરીને દપ દેતું કે ચાહેમાં બોરી કહાડયું કે કુતરૂં તો કેઆઉ કેઆઉ કરતું મારી છલાંગને પાસેના ઓરડામાં નાઠું અને બીજીજ પલે મોટો ધડાકો થયો હું તો પાસેના દાદરના ખુનામાં સતી ગયો. બધા એકટરો એકઠા થઇ ગયા કે "શું છે? શું છે?" કરી એક એકને પુછવા લાગા ને તે લાગ જોઇને હુંબી ખુનામાંથી નીકળી ગનેશને પુછવા લાગો કે "એ થયું શું?"

માલમ પડયું જે ઇંદરને માટે જુલતું તખત જે તૈયાર થઇ રંગવા સારૂં તે ઓરડામાં ટેકાઓ ઉપર અંતરંગ ગોઠવેલું હતું તે કેઠું ગબડી ગયલું અને ખુરદો થઇ જમીન પર ઢગલો થઇ પડેલું ને પેલું કુતરૂં પગમાં પુછડું ઘાલી આગલા પગે મુછ સાફ કરતું એક ખુનામાં ભરાયલું.

"પણ તું બહાર બેઠેલો ટો કની તે શું થયું ટે ટેં ઝોયું કે?" બાદશાહબી ત્યાં આવી ને મને પુછવા લાગા.

જી તમે ચાહે આપી ગયા કે હું કસ્તી પાયજા કરવા નીચે ગયો ને આવીને જોઉંચ ય" મેંબી ઠોકી દીધું.

કાનની કરીવાલા કેટલાક કકલ્યા ને કુતરાને તથા પોંચાજી પરીને ચોપરતા પેટ ધરી ધરીને હસવા લાગા.

પ્રકરણ ૬ ઠું.

પેહેલે દહાડે તો નાટક જોવા હું છુપાઇને મોટા પરદાની ઓરડ્મમાં ઉભો. કેઠો નાટકબી તે દહાડે નવોજ કહાડેલો. ચલકતા દગલા પેહેડીને આમથી તેમ પોર્યાઓ ને માટીડા દોડા દોડ કરે, ને ગોરી ગોરી છોકરીઓ તહરેવાર જરીઆન પેહેડી રેશમી કસબના ભરેલા કપડાં પેહેડી ફરે ને તેમને માટીડાઓ ચુમી લેઆ કરે. નાટકબી હીંદુસ્થાની ભાષામાં થયો તે આપણી તો બલાબી સમજી નહીં. પણ બીજે દહાડે માલમ પડયું જે પેલી ગોરી ગોરી છોકરીઓ તો મારી રાંડનાં કાલા ઠણુક જેવા પોર્યા તે મોહોડા પર ચુનો લગારી ગોરા બની છાતી કાહાડી બઇરી બનેલાં! રહેતે રહેતે સમજ પડી કે ચલકતા દગલા તો બધા ખોટા કસબના દેખું. નાટક કરનારા અઠાવીસ જણા હતા. તેમાં ચારજ છોકરી બનનારા હતા ને તે છોકરી બનનારા તો નાંખ પર માખ બેસવા નહી દે. જો કે મુછ દાહડી બોડાવીને દીસના તો હીજડા જેવા કરડવા દોડે તેવા, માલેક કાવસજી કાનની કરીવાલા તો શાહાજાદાનો ને એવા મોટા ઈશકી ભાગો બજાવે, એક મીઆંબી હતો તેનું નામ મેં ત્રણ દહાડે મહા મેહેનતે મહોડે કીધું કે-"નુરઅલી સાદક હાજી સુલેમાન મુ તખલુસ કમર" તે તો કેઠો કવી હતો અને એ મહીને ત્રણ મહીને નવો નાટક હીંદુસ્તાની બોલીમાં લખી કહાડતો અને પછી તે મ્હોડે કરીને લોકો આગલ એકટરો ભરડી જતા હતા. તેને બધા ઘણું માન આપતા તેથી હુંબી તેને દરરોજ નમી નમીને સલાંમ કરતો.

એક પડદા રંગનાર પારસી હતો તેતો પડદા એવા રંગેકે હું તો શું પણ મારો ઉસતાદ ગનેસરામબી ડોલા કાડીને જોયા કરે.

હમોને ચાકરી રહ્યા ને પાંચ મહીના વહી ગયા તેટલાં વખતમાં મેં મારી માસી પર સાત રૂપ્યા મનીઆરદર કરીને મોકલ્યાં અને ત્રણ કા૦ લખ્યાં. તેનો જવાબ માસીએ વીઠલ મારવાડી પાસે દુકાંની દુકાંની આપીને લખાવ્યા કીધો પણ પાંચ મહીના પુરા થતાંજ મારા મીત્ર ગનેશરામ બાપુજીએ રજા માંગી કારણ કે તેની મામી ઘણી માંદી પડી હતી, તેનો તાર વડોદરેથી આવ્યો હતો. તેને રજા આપી ને હું તો ચાલતી ચાકરીમાં લાત મારવાનું પસંદ નહીં કરીને ત્યાંજ રહ્યો ને વળી તેની સાથે જઇને તે શું હું કાંદા કાપવાનો હતો. એક દહાડે ફારસ થવાનો હશે તેમાં વાજુ નીકલવાનું હતું તેથી કાવસજી માલેકે મને પુછયું કે "કેમ બચા સપલ સ્ટેજ પર પેંપુરી લઇને નીકલશે?"

મેં હીમતથી જવાબ દીધો "હા સાહેબ" અને રાતના પેંપુરી લઇને આપણે તો મેદાન પડયા. પેંપુરીમાં ફુક માર્યા કરવા મને જણાવામાં આવ્યું હતું. તેથી આપણેતો એવી પેંપુરી ફુકી કે બધા જણા હસે. બીજે દહાડે શેઠે પુછયું "બચા સપલ કાલે સ્ટેજ પર ગ[illegible] ત્યારે ધ્રુંજ્યો હતો કે?"

શું જવાબ દેવો તે મને સુજે નહીં કારણ કે સ્ટેજ પર જવાથી ધ્રુજવાનું હું સમજ્યો કે સ્ટેજ પર જઇને ધ્રુજવાના ઢોંગ કરવાના હશે તેથી મેં માફ કરો જરાકજ ધ્રુજ્યો હતો."

"કાઇ નહીં ફરીથી જાય ત્યારે એમ ના કરતો" એમ [illegible]

પાંચ છ દહાડા ગયા પછી રાજાની દરબારમાં બેસ-

તેથી શેઠ બીજો અખતરો મારી પર અજમાવા ધાર્યો

અસતરની મેલી પણ બહારથી ભપકાવાલી મુસલમાનની પાઘડી પેહેડી ફરી આપણે રંગ ભુમી પર નીકળ્યાં. પણ આજે બરાબર ધ્રુજવાનું મને યાદ હતું તેથી જેવો પદડો ઉઘડયો કે મેં તો તાપ ચહડી તાહડનું લખલખું ભરાયું હોય તેમ ધ્રુંજવા માડયું. પેહેલાં તો લોકો મને જોઇને હસવા લાગા અને પછી એકટરો મને જોઇને ચીરડાવા લાગા અને અંતે એટલી ગડબડ તમાસગીરોએ કરી મેલી કે પદડો પાછો પાડવો પડયો અને પદડો પડતાંજ મારા બદન પર દપોદપ મુકીઓ આસપાસથી પડી. જ્યારે બધું સમાધાન થયું ત્યારે મને શેઠે નજદીક બોલાવ્યો અને બે ચાર ગાલો દઇ પુછયું "નખોદ ગીયા એમ કરવું હતું ત્યારે શું કામ સ્ટેજ પર જઇ મુઓ?" "સાહેબ માફ કરો હવેથી બરાબર ધ્રુજશ." મેં જાણયું કે હજી બરાબર ધ્રુજાયું નથી. માહરા શેઠતો મ્હોડું જોવા લાગા અને બીજાઓ હસવા પડયા. પછી મેં ખુલાસો કરી જણાવ્યું ત્યારે મારા શેઠબી બધાની સાથે ખેં ખેં કરીને હસવા લાગા અને મને તપલો મારી એક રૂપ્યો આપી બહાર કહાડયો પણ મને કાંઇ આ બનાવની પેહેલાં તો સમજ પડી નહીં. પણ પછવાડેથી ખબર પડી કે મારે ધ્રુજવું ન હતું ખેર.

હવે હું અવાર નવાર સ્ટેજ પર નીકલવા લાગો. અને મને જોઇને લોકોબી ખુશી થવા લાગું તેથી શેઠે મારો ૨ રૂપ્યાનો પગાર વધારી એકદમ સાતનો કીધો ને હું તો ધર્યો ધરાયો નહીં. પણ મેં મારા શેઠને સાફ કહ્યું કે "તમો કહેશોતો હજામ બનશ, મોચી બનશ, ધોડો બનશ, પણ મુછ બોરાવીને બઇરી બનવાનો નથી."

અમદાવાદથી હમો નીકલી ભાવનગર ગયાં અને ત્યાં એક માંડવો નાંખી નાટક કરવા માંડયો.

પ્રકરણ ૭ મું.

ભાવનગરના રાજા સાહેબને એક દહાડો હમારા માલેક અરજ કરવા ગયા કે "સાહેબ પીદવીઓ ઉપર મેહેરબાંની ફરમાવી હમારો નાટક જરા એકુ વેલા જોઇને ઉપકાર કરી જાઓ." રાજાજીએ હા પાડી અને નાટક જોવા આવ્યા. નાટકશાલાની બહાર વાવતા તાંગવા સારૂ બજારમાં જઇ જારીઆં જેવાં કોએલાં પીલાં લીલાં કપડાંનો ગાંસડો કાવસજી લઇ આવ્યા. અને પટલા સસતા સડેલા બાંબુ મંગાવ્યા અને બહુ ભપકાદાર દમામથી નાટકશાળા સણગારી મેલી. મહારાજા ધીરાજે રાતના નવ વાગે આવવાને કહ્યું હતું પણ બરાબર સાડા દશને પાંચે તેવનની સવારી આવી પુગી જે અરસામાં ઘણા ખરા એકતરોએ અકેક ઉંઘ ખેંચી કહાડી.

નાટક રાજાજીને બહુ પસંદ પડયો અને માલેકને ત્રણ હજાર રૂપ્યા ઇનામના અને દરેક એકટરને બબે સો રૂપ્યા બખશેશના આપ્યા. મારા બશો રૂપ્યા મેં અનામત ઉંચા મુકયા.

હમો ત્યાં એક વરસ સુધી રહ્યા જે અરસામાં મહારાજા ઘણી વખત નાટક જોવા 'વ્યા હતા અને તેથી કોઇ કોઇ વખત એકટર પાસે ત્રણ ત્રણ હજાર સુધીની પુંજી થઇ. 'ાપણેતો મારકુટે એકજ હજાર એકઠા કરવા પામ્યા. પણ મારા પગારમાંથી બે ' બાકીના મારાં માસીને માટે હું દર મહીને મોકલતો અને પેલા બેજ રૂપ્યા ' હતો.

બીજા ઘણા મહીના કહાડતે. પણ એક નવી હોનારત બની જેથી 'વં પડયું. પણ મને તો તે ગામની સાથે નાટકનો ધંધો પણ

' પારશી નામે ધનજી ઘેખરો રહેતો હતો તેતો કેઠો મારા ' બોલાવે ને તેની બાયડી સુકા બુમલા ભુંજીને ખવાડે.

આ ધનજી જરા પેંગો હતો ને ચાલતો ત્યારે ચાર માણુસની જગા રોકતો. જરા જાડોબી ખરો ને પેંગો એટલે ઠીંગણો તો હોવોજ જોઇએ ને વલી સદરા જરા લાંબા પેહેરતો તેથી લેંગાની મોહરીબી દેખાય નહીં. ખરપસાત જેવા મોટા ખરે વાલેલા જોડા પેહેરતો ને એક વેલા મને યાદ છે કે એક મરચી સુકાવા નાખેલું ધઉનું દુધ ચુઠવા પડી તેને એકજ જોડો છુટો મારી લંગડી કરી મુકી જેથી તેની બાયડી ભીખી ભવાનીએ ધનજીને હજારો ગાલ દઇ કાસમ કલઇગર પાસે મરચી કપાવી મંગાવી અને રાંધી ખાધી પણ કલેજી મારે સારૂ ઢાંકી મેલી.

ભીખી તેના વર કરતાં ઉંચઇમાં બેવડી હતી તે પતલી અને ખુબસુરત હતી. પણ મારી વ્હાલી તો કલાંટ ભારી, ભલા ધનેતરને કે સુરતના મોદીનેબી ચોપરીને ઉભી રહે પણ તે બે માટી બઇએરને એક પુરી દીકરી હતી. તેનું નામ માણક કરીને હતું તે માણક ચઉદ વરસની હતી. ને ખુબસુરત તો એવી કે જાને તેનું નામ. જરા આસુદી, ગોરી ગોરી દુધ જેવી ને ગાલ પરતો જાને તાડી પીને હમનાજ ખજુરા પરથી આવી હોયની તેવી લાલી. હુંબી ધનજી ઘેખરાંને ઘેરે દરરોજ અમથો અમથો ધકેલા ખાયા કરૂં ને માણકને ચેડા કાહાડીને હસાવું. માણક મને કોલમીનો પાટયો કરીને ખવાડે ને હું બબરચી બમન દારૂની હરસે નાટકશાલાની રાંધણીમાંથી ગોસ્તનાં બોટાં, ચાપમાંના પપેટા, એવું એવું લઇ આવી મારી માણકને આપું.

મને માણક બહુ પસંદ પડી અને હવેજ મેં જાન્યું કે મારા પેહેલાં ખાંડવાલા શેઠની બેહેન અને દીકરીના પ્યારમાં પડયો હતો, તે હું મારી તરફથી મને પોતાને તાણી તોડીને તેમના પ્યારમાં પાડયો હતો. અને મને એમ લાગે છે જે મારી મરજી તેની ઉપર મોહી પડવાની ન હતે તોબી હું તેની ઉપર મોહી પડતે.

મને એક દહાડો ભીખીના બલાપાથી જણાયું કે માણેક અસલ કોઇ છોકરા સાથે નાનપણામાં અદરાયલી પણ તે છોકરો મરી ગયો ને માણક બચારી અસતાઇ. તેથી ગામના લોકો તેનું પગલું ઘણું ખરાબ છે, એમ કહી કોઇ તેને લેતું નથી, અને ગરીબ બીચારી માણક પરણ્યા વનાની આવડી મોટી ઉમર સુધી રહી ગયલી. મેં ભીખીને દીલાસો દીધો કે કાંઇ નહીં ખુદા છે તો વલી એનો ઉઠાવ થઇ જશે. કોઇ અલ્લાનો લાલ નીકલી આવશે.

એક દહાડે હીરજી હબસી નામનો એક એકટર મારા શેઠ આગળ મારી રાવ લઇ ગયો કે હું પાસેના ધનજી ઘેખરાના ઘરમાં ઘડી ઘડી જઇને નકામાં ટાહેલાં કરૂં છું.

મારો શેઠ મારી સાથે મોટે મોટે મરાયો ને દમ ભરાવા લાગો કે "કોઇના ઘરમાં જવાનું તને શું કામ? બગડીને ધુર થઇ જશે. મારી કુવીન કુ૦ નું નામ વગોવાશે. તો પછી મારી રોજી જતી રહેશે."

મેં કહ્યું "સાહેબ એ તો મારા સગાંનું ઘર છે ત્યાં તેઓ મને બોલાવેચ ત્યારે શું ક

"શું કરે વરી?" શેઠે વધારે મોટે બુમ પાડીને કહ્યું "એમ કહીએ કેની છે. ખબરદાર ફરીથી ગયો છે તો."

મેં તો "વારૂં સાબ" કીધું પણ માણક આગળ જ્યા વના કાં

હું તેની આગળ જ્યા કરૂં ને હીરજી હબસીને બુમ પડાવાનું શરૂ

હીરજીભાઇની ચાહેમાં તરો દરરોજ વાસ આવે અને

મરાબ અને બમનદારૂ સાખશીઓથી હીરજીને જુઠો

પોતાની કુવીન કુ૦માં વગર કારણે મારામારી કર

કરે. વલી તેવનની ખાસ અભરાઇની દોરી કતરાઇ ગઇ હોય તેમ કાપી નાંખી અભરાઇ તોડી પાડું. અને તેની ઉપર મુકેલાં પ્યાલા રકાબી, બબાની બાતલી, વાઇન ગલાસ ઇત્યાદીની કચુબર નીચે વેરાઇ પડે. બધા એકટરો ખુશી થાય કે આ નીંદાખોર ને ચાર્યા હીરજી હબશીની ઠીક લેવડી બને છે. કોઇ કોઇ દહાડે હીરજીભાઇની બાટલીમાંથી મોટું ગલાસ ભરીને દારૂ પરદા ખેંચનાર રામા ઘાટીને પીવા આપું. ને કોઇ દહાડે આખી બાટલીજ ધનજી ઘેંખરાને ભેટ કરી આવું, જાને પારકે પૈસે દીવાલી.

હવે નવા નાટકનું રીએસલ ચાલતું હતું. તેમાં મારો હજામનો ભાગ હતો. અને હીરજી મુસલમાન બનવાનો હતો. તેમાં હીરજીની દહાડી બોરતાં મારે હાથે જાને ચપકો મુકઇ જાયચ ને હીરજી મને ગાલ દેય કે:—

નાપાખ હજામ દહાડી કીઆ ખરાબ હએ
મુજે કૈસા દીઆ તુંને આજાબ હએ ?

આ ગાલ તે મને દઇને એક ધબો મારે છે. બે ત્રણવાર તેને સમજાવીને કહ્યું કે "હીરજીભાઇ શેઠ ધબો મારોછો તો ઠીક છે પણ આસતેથી મારો નહીં તો તમારૂં ડીચકું એકજ ટપલામાં ઉડાવી દેવશ."

કાવસજી માલેક હમોને એકટીંગ આપવા રીએસલમાં બેસે. જે "એમ હાથ કરો, તેમ મોહોડું કરો, વાંકા વલી જાઓ, નસકોરૂં ચહડાવો" ઇત્યાદી સમજાવ્યા કરે તેવનેબી હીરજી હબશીને કહ્યું કે "મરવા દેની આસ્તે ધબો માર નહીં તો એના રાથોડ જેવા હાથનું એકુ દારમ બારમ ચીરમાં મારશે તો તારૂં કોટલું રંગાઇ જશે. પણ ભાઇએતો શું કીધું જોયું કે ધબો તો જોરમાં નથી મરાતો ત્યારે પેલાં મીઆ તુરઅલી સાદક હાજી સુલેમાન મુ તખલુસ કમરને સમજાવી બીજી બે લીટી કવીતાની જોડાવી લાવ્યો કે

નાપાખ હજામ દહાડી કીઆ ખરાબ હએ,
મુજે કૈસા દીઆ તુંને આજાબ હએ,
મઉલુન ! પલીદ ! બેહ્યા ! દગાખોર !
શયતાન ! મુજી ! કાફર ! ચશમચોર !

મેં કાવસજીને કહ્યું કે આ પાછલી બે લીટી હું બોલવા નહીં દેઊં, કારણકે મારી તરફના કપટ ભાવથી હીરજીભાઇએ એ ખાસ જોડાવી છે. કાવસજી પેહેલાંતો વમાસનમાં પડયા, પણ પછી બધા એકતરોની મીટીંગ ભરી, અને તેમને ફડચો કરવાનું સોંફ્યું. લાંબી તકરારો ચાલી તેમાં મેંબી એક બે કલાક ચાલે તેટલું ભાષાન કીધું, જેનો મીનીંગ કોઇ સમજ્યું નહીં, ને હું ધારૂંછું કે હુંબી નહીં સમજ્યો હોવશ. અંતે મત લેતાં એમ ઠર્યું કે હીરજીભાઇએ આ લીટી બોલવી નહીં.

હું તો બહુ મલકાઇ ગયો અને અસેમસે હીરજીની એવી ઠેકડી કરવા માંડી કે તેના ...બાઇ જાય. નવો નાટક સનવારને દહાડે બહાર પડયો અને હું મહોડા પર લપેટો ... પાઘડી અને વાન્યાની દગલી પેહેડી લેંગાના પાયજા ચહડાવી તે પર ધોતર ...ાં ધોપતી લઇ લેહેકો કરતો સ્તેજ પર આવ્યો, અને હીરજી મીઆંની ...રૂં પાકવવા સારૂં જોકે તેના ભાગમાં નહીં લખેલું હતું તોબી **નહીં લેકન સચા હજામ હયે."**

...રે ખરૂં ગાપચું દહાડી પરથી કહાડયું. આથી હીરજીભા-...ની લાઇન બોલ્યા.

નાપાખ હજામ દહાડી કીઆ ખરાબ હએ,
મુજે કૈસા દીઆ તુંને આજાબ હએ;
મઉલુન! પલીદ! બેહયા! દગાખોર!
શયતાન! મુજી! કાફર! ચશમચોર!

અને એમ બોલી ધરરર કરતું દારમ એવું જાડયું કે મને ફેર આવી ગયા. પણ હું આ વેળા એકટર છું અને હીરજીભાઇ સ્ટેજ પર મારો મુરબી છે અને તેનો હું નોકર છું તે સંધું ભુલી જઇ હીરજીભાઇને આડો નાંખી એવોતો ગીસવા માંડયો કે તે મુસલમાન છે તે ભુલી જઇ બુમ પાડવા લાગો કે "માયરે, બાપરે, કોઇ આવોરે, કોઇ છોડવોરે."

તમાસગીરો હુર્યો કરવા લાગા, એકટરો સ્ટેજપર દોડી આવ્યા અને ડ્રોપસીન ઉતારી દેવામાં આવ્યો.

કાવસજી માથે માથા કુટવા લાગા અને મને તરતજ મારો સંધો અસબાબ ઉપાડી ચાલતો થવાનો હુકમ થયો. રાતના અગીઆર વાગા હતા, અને તેવે વખતે હું ક્યાં જાઉ તે મને કાંઇ સુજે નહીં. મેં ઘણા કાલાવાલા કીધા. પણ મારૂં કાંઇ વળ્યું નહીં, અને અંતે તે ઘરમાંથી મારી દેવદારની પેટી અને થોડો ઘણો સામન પડદા ખેંચનાર રામાને કાલાવાલા કરી તેની પાસે ઉંચકાવી ધનજીભાઇને ઘરે ગયો અને સંધી વાત તે મારા બુઢા દોસ્તને ઉંઘમાંથી ઉઠાડી કહી સંભળાવી.

તેવને મને ઘણો દીલાસો દીધો અને પોતાની ખાતલી પર સાથે સુવાડયો.

બીજે દહાડે સહવારના હું ઉઠયો અને બહાર નીકલી જોતું છું તો નાટકશાલાનો માંડવો ત્રણ હોરાજી દોડા દોડી કરી મજુરો પાસે ઉતરાવતા હતા. મેં ખબર કહાડી તો જણાયું કે કાવસજી તો સહવારના પોહરમાં છ વાગેની ગાડીમાં પોતાના સંધા એકટરો સાથે સર સામન પેક કરીને અસબાબ ઉઠાવી મુંબાઇ તરફ ઉપડી ગયા હતા.

મને આશા હતી જે સહવારના કાવશજી કાનનીકરીવાલાને સંધો મારો હેવાલ જણાવશ તો જરૂર મને માફ કરશે પણ હવે તો તે આશાબી બ્રશત થઇ.

મારા મીત્ર ધનજીભાઇએ મને સહવારના ફરી ઘણો દીલાસો દીધો અને માણેક પણ મને પટાવા લાગી. આહા! મારી માણેક તેના દીલાસાથી મેં ઘણો ગમ મુકયો. પણ હવે મેં મારી માસીને વડોદરે જઇ મલવાનો વીચાર કીધો ધનજીએ તો મને ઘણો સમજાવ્યો કે "દીકરા ઇફાજ રે. હું તને કાંઇ હારી જેવી ચાકરી અપાવા." પણ મેં તો સાફ ના પાડી. માણેકેબી મને ઘણું સમજાવ્યું. પણ એક વેલા જે મારો જીવ ઉચલ પડયો તે કેમે કરતાં મરે નહીં અંતે મારે માટે ભીખીએ ભાત્યું તૈયાર કીધું અને મારા માગવા વના ધનજીએ મને પોતાને પૈસે ટીકીટ કરાવી આપવાને માથે લીધું.

હું સંધાને મલી ભેટીને છુટો પડયો અને મેં જતી વેલાએ જોયું કે મારી માણેકની મીઠી આંખોમાં આંસુઓ હતાં.

હું વડોદરે સહી સલામત આવી પુગો અને મારી હેતવંતી પાલનહાર માસીતો મને જોઇને બહુજ ખુશી થઇ, અને તેનો હરખ એટલોતો કરીને તે રડી પડી. મારી બેહસતન માતાની જગ્યા રાખનાર તે થોડો ખુશી થયો નહીં. મને મારી માસીએ જણાવ્યું કે મરણ પામ્યો હતો. અને મારી સાવકી માય એક મેહેલી ખબરથી હું દલગીર થયો બીજીથી ખુશી

હતો. તેણે જોકે મને આવી રીતે રવડતો મુક્યો હતો તોપણ મારી ખાતરી હતી જે તે મને ચાહતો હતો, અને મરતી વેલાએબી તેને મને યાદ કીધો હશેજ. મારી સાવકી માય નાતરૂં કરી ગઇ તે જાણી હું ખુશીતો એમ થયો કે તે જો એમજ રહેતે તો પાંચે દહાડે તે મારે માથે પડતે. તો વલી હું તે પીડાને લઇને કહાં જતે?

વડોદરે આવવા પછી હવે શું કરવું તેના વીચારમાં પડયો. મારી પાસે એક હજાર ને અઢાર રૂપ્યા હતા. તેમાંથી કાંઇ ધંધો કરવાનો મેં વીચાર કીધો.

લાંબા અને કઢંગા બેવકુફી ભરેલા તહરેવાર વીચારો કીધા પછી કોઇ સાથે ભાગ કરીને દુકાન માંડવાના કેડાવ પર હું આવ્યો.

પ્રકરણ ૮ મું.

મોટો મલસરી કરીને એક પારસી યાકુતપરાં આગળ મુનશીની હવેલીની નજદીક એક નાની લાકડાંની વખાર માંડી પડેલો હતો. તેની સાથે મને જ્યારે હું પેહલાં વડોદરે આવ્યો ત્યારથીજ દોસ્તી હતી, અને આ લકડયા સાથે ભાગ કરવાનો વીચાર મેં મારી માસીને જણાવ્યો. જે વાત માસીજીને પસંદ પડી. મેં મોટા સાથે મલી તે વીશે વાત કીધી, અને તે પણ કબુલ થયો. મેં પેહેલાં તેના ચોપડા તપાસ્યા તો મને માલમ પડયું જે દર મહીને તે વીસ પચીસ રૂપ્યા નફામાં ઘર લઇ જતો હતો અને દુકાનમાં આસરે સાતસો આંઠસોનો માલ રાખતો હતો. મેં પણ મારી તરફથી પાનસો રૂપ્યા આપ્યા અને અરધો ભાગ કીધો. મોટો જોકે વેપારમાં કુશલ હતો ધાનતનો પાધરો હતો. તેથી મને કાંઇ અડચણ પડી નહીં. હમોએ દુકાનમાં માલ વધાર્યો અને ભાવ જરા કમતી કીધો કે હમને ઘરાકો ઘણા મલવા લાગા. અને પેહેલેજ મહીને મારે ભાગે વીસ રૂપ્યા આવ્યા. આ પ્રમાણે કામ ચાલવા લાગ્યું. મોટો મને દરરોજ નવું નવું શીખવતો ગયો. વેપારમાંની નાની નાની લુચાઇઓ તેણે મને બતાવી, અને તે વધારે હુશીઆરીથી મેં તેને બજાવી બતાવી. ઘરાકોને છેતરવાની કળા તેણે મને શીખાડી. અને વધારે સફાઇથી તે કળા અમલમાં લાવી મારા ભાગ્યાને મેં હેરત કીધો. હલકો માલ ઊંચા તરીકે વાપડવાની કુનેહ તેને મારી આગલ ખુલી કીધી. અને તે કુનેહ ચંચલાઇથી વધારે લાભકારક બનાવી મોટાને અજાયબ કીધો. આમ બીજું એક વરસ નીકલી ગયું જે અરસામાં હમો પણ ઘણા પગ ભર થયા. અને બીજી પાસેની દુકાનો પર સરસાઇ મેલવી. હમારો ધંધો ઘણો સરસ ધીકયો. અને હમારી પેહેડી પણ વધારે મોટી થઇ. પેહેલે મહીને હું માત્ર વીસજ રૂપ્યા ઘરે લઇ ગયો હતો. પણ હવે તો દર મહીને ૧૦૦ રૂપ્યા લઇ જવા લાગો. મોટો મને મસકો લગાડે કે "બાપા, બાપા, આ બધા તારા પરતાપ જો. તું ભાગ્યો ન થતે હું કાંઇ એકડું કરતે નીજો."

ગ હું કહેતો જે "નહી મોટાજી તમારી દોલતથી હું કમાવુંછું. અને તમારી મેહે-
બાજે આવી સુખી જીંદગી ગુજારૂં છું."

જાને વડોદરાની રાણી હોય તેમ ફરે ને ભલા ધનેતરને દમ ભરાવે કે
પરજી જેવો ગામમાં કોઇ નહીં."

પી કરતી એક નવી પંચાતી મારા ઘરમાં જાગી. દીન ઉગતાં
" હવેતો તું મોટો થીઓ તે કેડે તારૂં વીહાલ કર."
પ્રીય વાંચનાર હું એ વાત કાંય ના પાડતો હતો

કારણ એજ કે મારો જીવ અને જીગર માત્ર એકનેજ મેં અરપણ કીધું હતું. તે મારી વ્હાલી અને હેતવંતી માણેક હતી. મારા દીલને મેં વચન આપ્યું હતું કે "ઓ અંતકરણ તું જો સાચુજ રહેશે તો તને માણેકના દીલ સાથેજ જોડી આપશ."

હું ધનજી ઘેખરા પર અથવાડ્યામાં એકવાર કાગજ લખતો. અને ચાર કાગજે એક જવાબ તેની તરફથી ફરી વલતો અને તેબી મારી સોહામની પુજ્ય પુતલી માણેકના હાથ દસતકથી, જોકે તેના હરફ કાના માત્ર વનાના છેકા છેકીથી ભરેલા અને ભલા લખેશરી મેતાનેબી ન ઉકલે તેવા હતા. તોબી તે મને ઘણાજ પ્યારા લાગતા હતા અને તે હું હેતે હેતે દહાડામાં દશ વાર વાંચી મારી તરશી આંખની જુદાઇની તરશ છીમાવાની કોસેશ કરતો હતો. માણેક સાથેજ પરણવું નહીં તો નહીંજ એ મારો પક્કો વીચાર પાર પડશે એમ મારા અંતઃકરણમાંથી છુપો જવાબ મલતો હતો. હું મારી પેહેડી પર જમીન પર પાંથરેલી સાહીના દાઘવાલી સેતરંજી પર જોડા કહાડી પગ પર પગ ચહડાવી જાડા વાણ્યાના પેટ જેવા ઉપસેલા તકયા પર પીઠ ટેકવીને ચોપડાથી ભરેલી પેટીની સાંમે કોઇ ઘરાક ન હોય ને એખલો બેસતો ત્યારે અથવા સહવારના પોહરમાં ઓટલા પર પાણીનો કલસ્યો લઇ દાતણ કરતો એકાંત અકરૂ બેસતો ત્યારે, અથવા રાતના નવ વાગે ને પેહેડી પરથી થાકેલો આવીને મારા સાદા પણ સગવડવાલા બીછાનામાં પડી શાંત મગજે ભારવત્યા ગણતો ત્યારે, મારી માણેક મારા મગજમાં રાજ કરતી હતી અને તેનુંજ ચીત્ર મારી કલ્પનાની પીછી હવામાં દોરી મારી સનમુખ ધરતી.

પ્રકરણ ૯ મું.

એક દહાડે હું રાતના મારા ભાગ્યાથી છુટો પડી દુકાન બંધ કરીને ઘરે જતો હતો, તેટલાં મને કોઈએ બોલાવ્યો.

રાતના તે વેલાએ નવ વાગા હતા. ચંદરમાહા પોતાના રૂપેરી સાજ સાથે ખુદરતની રચના જોવા અને સેંકડો દેખાવોના દીલખુશ ચીત્રો ને વધારે દીલપજીર બનાવાને બહાર નીકલી ઘણોજ ધીમે કદમે આસમાનના બાગમાં તારાઓના ટોળા વચે ફરતો હતો. વડોદરામાં ઘણે ઠેકાણે ચુપ ચાપ થઈ ગયું હતું અને સંસારી લોકો વગે સગે થઈ ગયાં હતાં.

યાકુત પરં ખુદ વડોદરા શેહેરની બહારછે. ત્યાં તો તે વેલાએ સંધું એકાંત અને નવરૂંજ હતું. કોઇ લાલ મીઆં પરદેશી પોતાની ચીલમ ચહડાવતો ખંદેરાવની ઘોડીનો ખ્યાલ કઠોર સાદે ગાતો હતો, કોઈ સન્યાસી કેંઠેથી માગી અથવા તફડાવી લાવેલા લોટની એક ખુનામાં ઝાડ નીચે બેસી તપેરીને રોટલી કરવામાં મસગુલ થયો હતો, અને એવુંજ એકાદ માણુસ ઘણે દુર નજર પડતું હતું.

આ વેલાએ મેં ઉપર કહ્યું તેમ કોઈએ મને મારૂં નામ દઇ હાંક માર્યો. તે અજાનો હતો અને હાંક મારનાર કોઇ મરાઠો જેવો લાગતો હતો હું ...
તેની નજદીક ગયો અને બોલાવાનું કારણ મેં તેને પુછ્યું.

"સાપુરજી શેઠ એક અગતનું કામ છે માટે મેહેરબાની ...
પેલાએ જવાબ દીધો.

"ભાઇ તું કોણ છે? અને મને ક્યાં લઇ જ...
તારી સાથે આવનાર નથી" મેં સાફ જવાબ દ...

"બચુરા માતાના કસમ લઇ કહું છું" તે મરાઠો બોલ્યો "કે તમને ઇજા થશે નહીં."

"હેં હેં હેં બચા ઇજા થશે.!" હું હશીને મારા જોરપર મુસતાક રહી બોલ્યો, "તારા ઘરા ગામ ગયા હોય તોજ તો. તો પણ મારે તારૂં કામતો પેહેલાં જાણવું જોઇએ."

"ઠીક છે શેઠ ત્યારે હું તમુને મારૂં કામ પેહેલાં જણાવું છું" તે ધીરેથી મારા કાનમાં પડીને બોલ્યો. "તમને લાભ થાયતો મને તેમાં ભાગ આપશો?"

"પણ મને ખુદાએ જે આપ્યું છે તેથી વધારે લાભનો લોભ હું રાખતો નથી." મેં જવાબ દીધો.

"પણ ખુદાએ જે તમને આપ્યું છે તે તમારા હાથમાં ન રહેશે ત્યારે?" મને ભડકાવે તેવો સવાલ તેને મને પુછ્યો.

"એટલે?" હું એટલુંજ પુછી શક્યો.

"સાંભલો. હું તમુને કહું તે ધ્યાનથી સાંભલો" પેલો મરાઠો મારી વધારે નજદીક આવીને બોલ્યો, "હું પોલીસનો સીપાઇ છું અને મારૂં નાંમ રામચંદ્ર છે. તમારી વખારની થોડેક દુરની વખારવાલા ધણી કાસમભાઇ મીઆંએ તમારો ઘાટ ઘડ્યો છે. કાસમભાઇએ મને ઘણું ખોટું કીધું છે તેનું વેર લેવાને અને તે સાથે તમને લાભ કરાવી ઇનામ મેલવવાને અને વલી તે કામ કરવાથી પોલીસમાં પદવી ચહડવાનો વખત બની આવે તેવુંછે. તમારી વખાર આજે રાતે બાર વાગે તે સલગાવી દેવાની ગોઠવણમાંછે. અને તે કાંમ માટે તેને મને અને એક બીજાને ભાડે રાખ્યો છે. પણ તે ભાડું મને જોઇતું નથી મને મારૂં વેર જોઇએછે. મેં એક બીજા પોલીસ સીપાઈને એ વાતથી વાકેફ કીધોછે, અને તે કાસમ ભાઇના માણસને અને કાસમભાઇને પોતાને આગ લગાડતાંજ પકડવાનો હમારો ઠેડાવછે."

"યા ખુદા આ નવી આફત વલી કયાંથી આવી?" મેં મનમાં તેના વેરનો અને મોઢે તેનો ઉપકાર માન્યો અને તેને કહ્યું કે "ભાઇ રામચંદ્ર હું ઘર જઇ જમીને હમણા આવું છું. તમો ઉભા રહો. જો હું ઘર નહીં જવશ તો મારી માસી નકામું ધોધીઆરૂં કરી મેલી મને શોધવા નીકલશે."

તેને તે કબુલ કીધું હું ઘરે ગયો જલદી જમ્યો અને કાંઇ બહાનું કાહાડી જલદી મારા ઓરડામાં જઇને સુવાનું ડોલ ઘાલ્યું. મારા માસી નીચે વાસણ ઉજાડતાં હતાં, તેટલાં હું મારા ઓરડામાંથી પાછો નીકલ્યો. અને તેવન ન જોય તેમ ઘરની બહાર સતી ગયો. પેલો રામચંદ્ર ઉભેલોજ હતો તેની સાથે મેં ચાલું મુકયું.

હમો બે માઇલ સુધી ચાલ્યા અને તે અરસામાં હું મારા વીચારના વમલમાં એટલોતો ગરકાવ હતો કે હમો કયાં ચાલતા હતા તે મને માલમ પડયું નહી પણ મને ધ્યાન આવતાંજ હું ઉભો રહી ગયો.

"ભાઇ આપણે કહાં જઇએ છીએ?" મેં પુછયું

નવી કહાં?" તે બોલ્યો" કાસમભાઇને ઘરે; કાસમભાઇ, તેનો એક માણસ અને ે અગીઆર વાગે નીકલીને તમારી વખાર તરફ જનાર છીએ. તમો હું કહું શીપાઇ સાથે ઉભા રેહેજો. અને હમો ત્રણે જણા જેવા કાસમભાઇ માંડીએ કે તમો હમારી પુઠે પુઠે આવજો."

ઉતરી. થોડેક ચાલ્યા કે રસ્તાની એક ઓરડુ પર એક ેને રામચંદ્રે ઇસારત કીધી કે તે તેની નજદીક આવે. ેને પુછયું.

"હા. એમને હું લાવ્યો છું. ચાલો જલદી સાડા દશ થવા આવ્યા." એમ કહી રામચંદ્ર હમને લઇ આગળ ચાલ્યો.

વળી થોડેક ગયા પછી એક નાનું મંદીર આવ્યું જેની સાંમે એક નાની હવેલી હતી આ મંદીર અને હવેલી ત્યાં તદન એકાંત હતી અને આસપાસ બીજું કાંઇ રહેઠાણ જેવું હતું નહીં. મંદીર નાનું હતું અને તેનાં બારણા બંધ હતાં. મંદીરની બહાર યા આસપાસ કોઇ માણસ હતું નહીં અને પેલી હવેલીમાં બારીએથી દીવાની રોશની દેખાતી હતી. પણ માંહે કોણ છે તે માલમ પડતું હતું નહીં.

હમો તે મંદીરની સીહીડી પર ચહડયા. ને રામચંદ્ર બોલ્યો "ભાઇ, આ સામેનું કાસમભાઇનું ઘર. તમો મંદીરનું બારણું ઉઘાડી અંદર ઉભા રહેવો અને ચીમાઇને જોયા કરો."

"પણ અંદર કોઇ હશે ને તે કાંઇ ગડબડ કરશે ત્યારે?" મેં પુછયું.

"નારે ભાઇ અંદર કોણ હોય? એતો પડત મંદીર છે એમાં તે કોણ આ વેળાએ આવતું હતું." પેલા બીજાએ રામચંદ્રની બદલી જવાબ દીધો.

હમો મંદીરનું બારણું ઉઘાડી અંદર દાખળ થયા. અંદર તદન અંધારૂં હતું તે એટલું કે હમો એક બીજાનું મોહોડું વટીક જોઇ શકયા નહીં. પણ હમો અંદર દાખલ થયા તેવુંજ રામચંદ્રનાં સોહબતીએ બારણું એક ધડાકામાં બંધ કરી દીધુ, અને મને હડસેલો મારી બારણાથી દુર કરી દીધો. મેં એક પલમાં જાણ્યું કે કાંઇ કાવત્રું છે, અને તેથી કુદકો મારી જે તરફ બારણું હતું તે તરફ ધસ્યો અને એક સખત મુકી મારી રામચંદ્રના સોહબતીને ચીસ પાડતો જમીન પર ફેંક્યો. પણ બીજીજ પલે હું કોઇનાં જબરદસ્ત પંજામાં સીકડઇ ગયો. અને મારી આસપાસ ઘણા માણસોનાં પગલાંનો અવાજ આવવા લાગો.

મેં ઘણું જોર કીધું પણ મારૂં કાંઇ વલ્યું નહીં અને બીજીજ પલે કોઇએ બતી એકક પછી સલગાવા માંડી અને થોડા વખતમાં તે અંધકાર પુર રોશનીમાં બદલાઇ ગયું.

મેં આસપાસ નજર ફેરવી જોયું તો વીસ હથ્યાર બંધ મરાઠાઓ મને ઘેરીને ઉભા હતાં. તેઓએ મારા હાથ મારી પીઠ પર બાંધ્યાં અને મને જણાવ્યું કે એકબી હું ચીસ પાડશ તો તેઓ મારાં મોહડામાં દુચો દેશે. આ મંદીર માત્ર એકજ ઓરડાનું બનેલું હતું. વચો વચમાં કાલી માતાનું મોટું બાવલું હતું. જેની આસપાસ બતીઓ સલગાવેલી હતી. કાલી માતાનો ચેહેરો તદન કાલો હતો. તેનાં માથાં પર સઘડી બલતી હતી. અને એક હાથમાં તલવાર લઇ કોઇ રાક્ષસનું ખુન કરતી તેને ઉભી રાખી હતી. તેને તદન કંકુ અને તેલમાં ખરડી મુકી હતી. અને ફુલોનાં ઢગ તેનાં પગ આગલ હતાં. એક મોટી તસ એક તરફ હતી. જેમાં કાંઇ લાલ કપડાંએ વીતાડેલું મુકેલું હતું.

હું અજાયબી સાથે વીચારવા લાગો કે આ લોકોને મને આ પ્રમાણે છુપો દગાથી લાવી કેદ કરવાનું કારણ શું હશે? પણ હું વધારે વમાશું તે આગમચ પેલા મારી આસપાસ ઉભેલાં મરાઠાઓમાંનો એક—જે તેઓનો વડો લાગતો હતો તેને પેલાં રામચંદ્રનાં સોબતીને પુછયું. "કેમ સામલ રામચંદ્ર ગયો કે?"

"હા માહારાજ તે હવેલી તરફ ગયો છે. હમણા આવશે." તેને જવાબ દીધો.

બે ત્રણ મીનીટ તદન ચુપકીદી વચે ગઇ અને પછી મંદીરના બારણા પર સાત ટકોરા માર્યા. વળી બહારથી બે ટકોરા માર્યા કે સામલે બારણું ઉઘાડયું

બારણું ઉઘડતાંજ એક અતીઘણો કાળો, મોટો, કદાવર ઘરેણાંગાહાંથી દાખલ થયો, અને તેની પછવાડે બીજા દશ જણા—જેઓમાં રામચં આવ્યા. પેલા મરાઠાને સંધા વાકા વળી નમ્યાં.

પેલા મરાહાએ મને પકડનારાઓને અસારત કીધી જેથી તેઓ મને લઇને એક કોરે દીવાલને અઠીંગીને બેઠા, અને હમારી બરાબર સાંમે મસનદ પર પેલો મરાઠો બેઠો, અને સંધા તેનેથી થોડે દુર અદબવાળીને ઉભા.

થોડે વારે વળી બારણા પર ટકોરા થયા, વળી બારણું ઉઘડયું, અને સાત ગોસાંઇઓ હાથમાં મસાલ લઇ દાખલ થયા. તેઓમાં જે પેહેલો ચાલતો હતો તે તેમનો વડો લાગતો હતો. તેને જોઇ પેલો બેઠેલો મરાઠો ઉઠયો અને તેને પગે લાગ્યો, અને પછી બાકીનાઓ તેને પગે પડયા.

બધાને "કલ્યાણ! કલ્યાણ" કરતો તે પેલા મરાઠા પાસે બેઠો અને પાછા સંધા ચુપ ઉભા રહ્યા.

ચુપકીદી તોડી પેલા વડા ગોસાઇએ પુછયું. "જસવંતરાવ તારો કોલ આજે પરીપુર્ણ કર."

જસવંતરાવ! અરે ખુદા હું કોણ સપાટામાં હતો? જસવંતરાવ? જેણેથી વદોડરાનો ગાયકવાડ તો શું પણ ઇંગ્રેજોબી કંટાલ્યા હતાં, જેણેથી તેઓએ તોબા પોકારી હતી. તે જબરદસ્ત લુતારો તે ભીલ જેવો ક્રૂર અને દૈત જેવો જહનુની પીંદારો! યા રહીમ તુંજ મને તાલનાર? તુંજ બચાવનાર? તુંજ આ ખુની ખવીશોને હાથથી છોડવનાર? પણ આ લોકનું અત્રે મને લાવવાનું કારણ તો મારે હજી જાણવું હતું.

"મારૂં વચન પાલુંછું માહારાજ" પેલા ધાટકી પીંડારાએ કઠોર ધાડા સાધમાં કહ્યું.

"કયાંછે તારો ભોગ?" ગોસાઇએ પુછયું.

"આ રહ્યો" જસવંતરાવે મારી તરફ આંગલી કરી કહ્યું.

મારા કપાલ પર ઠંડો પરસેવો ફુટી નીકલ્યો, મારૂં લોહી થંબ થઇ ગયું, મારા મગજને ચકકર આવી ગયાં, અને ઓરડો અને મંડીર મારી આસપાસ ચકરદી ખાતાં હોય તેમ મને લાગું મારા નીરદોશ જીવનો ભોગ આપવાનો આ કઠોર મરાઠાનો વીચાર હતો.

મેં આજ લગન કોઇને દુઃખ દીધેલું નહીં, કોઇનું જાણી બુજીને બગાડેલું નહીં, કોઇને કપટ યા વેરથી હેરાન કીધેલો નહીં, તેનો આ કેવો અંજામ? મારી ચશમો પાંણીથી ભરાઈ ગઇ અને મેં મારા કીરતારની બંદગી મનમાં કરવા માંડી. મારી માસી અને માણુક મને યાદ આવ્યાં, અને તેઓની યાદ મને વધારે રડાવા લાગી.

પણ પેહેલો આંચકો પસાર થઈ ગયો. હું જરા દ્રઢ થયો, અને દ્રઢ થવાથી મને વધારે હુશીયારી આવી, અને હુશીઆરીએ મને વધારે કઠણ બનાવ્યો.

મેં હીમતથી મરવાનો ઠરાવ કીધો. જવાંનીમાંજ કાંઇપણ મોજ મજાહ જોયા યા ભોગવ્યા વના, કાંઇપણ બચાવ કરવાના સાધણ વના, આશા ઉમેદો છાતીમાંજ લઇને,—વાહાલાઓને મારા મરણની જાણ વના, અને મારી શોધમાં ભ્રષ્ટ થવાજ સરજેલી આશાઓ તેમનામાં મુકીને આ દોરંગી દુન્યાથી પારકા ખુનીઓને હાથે તેમના વેહેમને લીધે અને નાપાક લોહીના ...સ્યા નીચ અને ધોંગી ધુતારા સાધુઓનાં ખોટાં ફરમાનને લીધે, હું માર્યો જતો હતો.

...છીબી મારા પવીત્ર અને ઉત્તમ ધર્મમાં ફરમાવેલી ક્રીયા મેલવવાનો સંભવ હતો ... મેં મારી છાતી કઠણ કીધી, મન મકમ કીધું, અને આંસુ પાછા ફેરવ્યાં.

... ધારેલો ભોગછે." પેલા જસવંતરાવે ફરીને કહ્યું.

...ગસીછે એમ કેમ જાણયુ.?" વડા ગોસાંઇએ પુછયું.

...ની ઇસારતથી અને પકડી રાખનારે મારી દગલી ઉંચકી મારા

"બરોબર છે" ગોસાઇએ તે જોઈને કહ્યું. "એ પારસી ખરો" પછી તે મારી નજદીક આવીને બોલ્યો. "ભાઇ તારા જેવો નસીબવાલો કોઇ નહીં. તારી દેહ ઘણી સારી ખપ આવી. હે શીવ! સર્વની દેહ એમજ તું ખપ લાવ." ઉચાં હાથ કરીને તે ગમાડ ધોંગીએ ચલાવ્યું.

મને એવું થયું કે જો મારો એક હાથ છુટો હતે તો કાપેલી મરઘીની પુછડી મારી માસી જેમ સપાટામાં ઉખેડી કહાડેછે તેમ હું તેની ગુંચવાયલી દહાડી પીખી નાંખતે. પણ નાચાર. હું ચુપ ઉભો રહ્યો.

"કામ ચલાવો," સાધુ બાવાએ હુકમ કીધો.

મને કાલી માતાની બરાબર સાંમે લઇ જવામાં આવ્યો, અને પેલા સાત ગોસાઇઓમાંના પાંચ મારી આસપાસ ફરી વળ્યા, અને બે હાથમાં કંકુની પીઆલી લઇ બધાને ટીલક કરવા માંડયાં. પેલા પાંચે જોગીઓએ ભણતર શરૂ કીધું, જે નજદીક પા કલાક સુધી ચાલ્યું. આ વેળા મારા દીલમાં શું થતું હતું તેનું વર્ણન હું કેમ કરૂં? મારી નસોમાં જાણે થંડું પાણી વહેતું હતું. મોહતની સામસામા હું ઉભો હતો. મોહોત મારી સાંમે હસીને જોતું મને લાગતું હતું. હવે બંચવાનો ઉપાય યા સંભવ હતો નહીં. ખેર. જેમ ખુદાની ખાહેસ.

પેલા વડા સેહેતાને, અરે સાધુએ, અસારત કીધી અને પેલી મોટી તસ ઓરડાની વચે લાવી મુકી, અને તેમાંથી પેલું લાલ કપડાંએ વીતાલેલું જસવંતરાવના હાથમાં એકજણે આપ્યું. તે તેને છોડયું અને ઓ કરીમ! તેમાંથી એક મોટી છુરી તેને કહાડી. એક ઠંડું લખલખું મારા બદન પરથી પસાર થઇ ગયું, પણ ફરી મેં હીંમત ધરી, અને હીંમતથીજ મરવાનો મેં ઠેડાવ કીધો.

પેલાં માણસોએ મને અંચીતી એક આંટી મારીને જમીન પર તોડી પાડયો, અને બે માણસોએ મારા હાથ પગ અને બેએ મારૂં માથું પકડયું, અને મારી ગરદનની નીચે પેલી તસ એક જણે લાવી મુકી. મેં એક ચીસ વટીક પાડી નહીં. પણ મારા મુખ પર મારા ખુદાનું નામ હતું. જસવંતરાવે પેલી મોટી છુરી લીધી, અને કાલી માતાની મુરતી આગલ જઇ સાત વખત પગે પડી બોલ્યો, "હે શંકર પતની? મેં ગયે વરસ બાધા લીધી હતી કે જો હું મારૂ ધારેલુ દયવત એકઠું કરી શકું તો તને એક પારસી નરનો ભોગ આલું. હે દયા શીલ દેવી? હે માહાતમાં, મહા બલવાન, માહા કૃપાલુ, માતા? મુજ તારા સેવક પર દયા કરજે, તારી કૃપા વધારજે, અને મને સુખી રાખજે."

તેને આ પુરૂં કીધું કે વલી બધાં ગોસાઇઓ ગડબડાત મચાવતા ભણવા લાગા. જસવંતરાવ પેલી છરી લઇને મારી નજદીક આવ્યો. તે મારા ધરપર વાંકો વલે તે આગમચ મેં કાણ ફાડી નાંખે તેવી એક ચીસ મારા પુર બલે પાડી, તેજ વખતે મંડીરનું બારણું ઉઘડી ગયું, અને કેટલાક માણસો દાખલ થયાં.

જસવંતરાવ તે છરી સાથેજ તે માણુસો પર ધસ્યો પણ જાણે તે માણસોની સંખ્યાંનો છેડાજ ન હોય તેમ એકક પછી મંદીરમાં આવતાંજ ગયા. હવે મને પકડી રાખનાર માણસોએ છોડી દીધો, અને નહાસભાગમાં અને જપાજપીમાં સંધાં પડયાં. ચીસા ચ અને બુમા બુમ ત્યાં ચાલી રહી. હથીઆરોના અવાજો પરગરા સંભલાવા લાગા, ગ મુગો મુગો માતાની મુરતીની પછવાડે બાંધેલા હાથ સાથેજ સંતાઇ ગયો અને ? મુર્તીને લાતો મારી મારૂં વેર લેવા લાગો.

જ્યારે સંધું પાછું સમાધાન થયું ત્યારે બહાર નીકલી જોવુંછું તો વડોદરાના કોટવાલ સાહેબ અને તેમના ખાસ સીપાઇઓ ત્યાં હતા.; મારા હાથ એક સીપાઇએ છોડી નાખ્યા કે હું લાગલો કોટવાલ પાસે જઇ ગુઠણ પર પડયો, પણ તેનો ઉપકાર માનવાને બદલે નવધાર આંસુએ મેં રડવા માંડયું.

કોટવાલે મને ઘણો દીલાસો દીધો અને બીજે દહાડે ચાવરી પર આવવાનું કહી પોતાના બે સીપાઇઓ સાથે મને મારે ઘરે મોકલ્યો.

જતાં જતાં મેં જોયું કે રામચંદ્ર અને પેલો વડો સાધુ મુરડાં થઇ પડેલાં હતાં, અને બીજાઓ સંધા નહાસી ગયા હતા. યા ખુદા! પાપીઓનો આ કેવો લાયક ફેજ! નીરદોશને ખુનથી બચાવી દેશીતને મલેલો કેવો આજાબ!

હું ઘરે ગયો. બહારનું બારણું ઠોકયું. તે મારી માસીએ ઉગાડયું. તેવનના સ્વપ્નામાંબી નહીં કે હું તેમની નજરે પડશ. તેવન તો મને જોઇને પેહેલાં અજાયબ થયાં ને વળી ગુસ્સે થયાં.

"લે રે વાહ? તેં આએ શું માંડીયુંચ? અરધી અરધી રાતે બહાર કાંહ રવડેચ? માંડ લાગો તો બસ છકી ગયો હવે. મુઆ એતો ચોટા લુચાનું કામ. તુંને શરમ નહીં આવતી કે મારી હરસે એમ ખરાબ થાયચ ને જાતભાતને હીનું લગારેચ? બરીયું રે તારૂં જીવતર. હું તે તુંને કેમ સંભાલતી ફરૂં? હેન અચક. ગોતી નીકળ્યા કોઇ જોશે તો છોકરી નહીં આપશે ને નામ હલકું પડશે તો હું કાં જેરનો ફાકો ભરશ." ઇત્યાદી.

મેં તો પેહેલાં ચુપ રહી બધું સાંભળ્યું અને જ્યારે તેવન જરા થંડા થયા ત્યારે મેં સંધી વાત કહી સંભળાવી કે તેવન તો ઘડીમાં રડવા લાગાં, ઘડીમાં હસવા લાગાં, ઘડીમાં મને કોટી કરે ને ઘડીમાં જસવંતરાવને ૫પેતની સાલ ઓઢાડે.

રાતના તેવને કેટલી માનતા સુનતાની બાધાઓ લીધી અને મારાજ ઓરડામાં આવીને સુતાં. જાણે જસવંતરાવનો કોઇ જાસુસ મને ત્યાંથીબી લઇ જવાનો હોયની?

પ્રકરણ ૧૦ મું.

બીજે દહાડે હું કોટવાલજીની ચાવરી પર ગયો ત્યાં મેં મારો સંધો હેવાલ જાહેર કીધો જે તેવને નોંધી લીધો. મેં એક શીપાઇને પુછયું કે તેઓ કેવી રીતે તે મંદીરમાં આવી કટોકટને વખતે મારી મદદે આવી પુગા હતા?

તેણે મને જણાવ્યું કે પેલા સાત સાધુઓમાંનો એક ગઇ સહવારે કોટવાલ આગળ આવ્યો, અને મોટા ઇનામની આશામાં સંધી વાત જાહેર કીધી. આ ઉપરથી કોટવાલે તેને તેની માગણી મુજબ લાંચ આપવા જણાવી, અને એવી ગોઠવણ કીધી કે તે ગોસાંઇએ કાંઇબી તાલ તલાવતથી મંદીરનું બારણું ખોલું મુકવું, કે કોટવાલ સીપાઇઓ સાથે અંદર દાખલ થઇ સંધાને કેદ કરી લે. આ પ્રમાણે પેલા ગોસાંઇએ કંકુનું સંધાને ટીલક કરતી વેળાએ મંદીરના બારણાની સાંકળ હળવેથી કોઇ જોય નહીં તેમ કહાડી નાખી અને અને કોટવાલ છોડવવામાં ફતેહમંદ થયો. પણ પેલા લુતારાને કેદ કરવામાં તે નીશફળ થયો. ...લ આથી ઘણો નાસીપાસ થયો હતો પણ આપણે તો ખુશાલ હતા.

...ની ભીંતો પર જાહેરનામાઓ છપાયાં, અને જસવંતરાવને પકડવા માટે ઇનામો

હવે હું વધારે સાવચેત થયો. જરા ઉમરબી વધી ખરી કેની? તે જરા ડાહ્યાબી બન્યો એમ કરતાં બીજા છ મહીના વહી ગયા ને હમારી વખાર વધારે સારા પાયા પર આવી. અને હમોએ લાકડાના બીમોનો વેપાર કરવા માંડયો તે જરા તગુમગુ ચાલ્યો કે વડોદરામાં ધર્મશાળા બાંધવાનું કનતરાક નીકળ્યું, તેમાંનું લાકડું પુરૂં પાડવા માટે હમોએ ટેનડર નાંખ્યું.

ઇજનેર સાહેબને ત્યાં છ મરઘી ને દશ રતલી કેક મોકલ્યાં, કારકુનજીને માટે કોપર-બરાસનો ખુમચો ભરીને શાકર ને પેડાં તથા તેમના બુચાને માટે રૂપાનો ઘુંગરો મોકલ્યો, કારભારી ભાઇને માટે ટોપલો ભરીને ફરમાસુ સપરચન મોકલ્યાં, અને એમ ઇદર ટીદર કરીને હમારૂં ટેનડર પાસ કરાવ્યું.

ટેનડર પાસ થયું. અને હમારા કામની ધમાલ ચાલી. મારા ભાગ્યા મોટાજી વખારે રહ્યા અને હું બંદરે જવા નીકળ્યો. ભાવનગરના જંગલમાંથી બીમ લાવવાનો મારો વીચાર મારા ભાગ્યાને કહ્યો, અને તે તેને પસંદ પડયો. મેં મારી માસીને આ વાત કહી પણ તે તો ફફડી પડી, પણ મહા મુશકેલે બીજી કાંઇ માનતા સુનતા લઇ મને જવાની રજા આપી, અને એ પ્રમાણે શાપુરજી કનટ્રાકટર જંગલમાં લાકડા કપાવા ચાલ્યા.

કાંઇ મારા પ્રીય મુંબાઇના વાચનાર સાહેબો ધારતા હોય તેમ લાંકડાં ચપોચપ કાપીને ગાડા ભરી મોકલી આપવામાં સહેલ ને સોખું કામ નથી જો!

આખા આખા દહાડા તાપ અને તડકામાં રવડવું પડયું, ભુખે ટોકાવું પડયું, જમીન પર સુવું પડયું, સેંકડો વખત જમીન માપવી પડી, કમર ભાગે તેવા આંચકાના ગાડામાં કોશો સુધી મુસાફરી કરવી પડી. તે સાથે વાઘની ધાસ્તી, બાંબુના ફણગાની બીક, જંગલી તાપ લાગું પડવાનો સંભવ ઇત્યાદી, દુઃખો વેઠી વેઠીને અંતે જોઇતાં લાકડાંઓ કપાવી વડોદરે મોકલી આપણે ચાલ્યા આની તરફ ભાવનગર.

રસ્તામાં મને એક રાત એક ગામડ્યાના ઘરમાં રહેવું પડયું. આ ગામડયો જાતનો લાલ્યો હતો. અને જોકે વડોદરાના પારસીઓ તો તેને અડકેબી નહીં. પણ આપણે તો તેને ઘરે રહ્યા, જમ્યા અને વળી સુતા. રાતના સુવા આગમચ મેં તેને પુછયું કે "ભાઇ તું ઇફા તદન એખલો કેમ રહેલો કે નહીં આસેપાસે ઘર મળે એ એમ કેમ?"

"શું કહું ભાઇ દુઃખે પાપે હું ત્યાં રહેલો છું" તે સુદ્ધ વાન્યો બોલતો હોય તેમ બોલવા લાગો. "મારી વાત જો તું સાંભળે તો ખચીતજ રડે."

"શું તારી વાત જરા મને કહે" મેં જીજ્ઞાસાથી પુછયું.

"જો સાભળ" તે બુઢો લાલ્યો મારા ખાટલાની સામે પથારી નાંખી સુતો હતો તે પર ઉઠી બેસી બોલ્યો "વાત જરા લાંબી છે પણ તું સાભળશે તો કહેશે કે આ શું?" અને તે નીચે પ્રમાણે વાત ચલાવવા લાગ્યો.

મુંબઇનો જગજીવન જેઠા નામનો વાન્યો લખશાપતી અને ઉંચા ખાનદાનનો હતો. જગજીવનનો બાપ જેઠો મરણ પામ્યો હતો અને જગજીવન પચીસ વરસની ઉમરમાં પોતાના બાપની ગંજાવર મીલકત અને જાગીરોનો ધણી થયો હતો. તે ઉંચો પતલો અને ઘઉના રંગનો પણ ડોલદાર ચેહેરાનો હતો, તે શીખેલો અને સુધરેલો હતો, અને પોતાના કુટુંબ તરફ ઘણોજ મયાલુ અને તેમની કાળજી રાખનારો હતો. તેની બેહેનો હતી, અને મા હતી. તેના બાપના ભાગ્યાની વીધવા તેનાજ ઘરમાં રેહેતી હતી, અને તેની છોકરી રતનબાઇ સાથે તે નાનપણથી પરણેલો હતો. તે પોતાના બાપના ભાગ્યાને "કાકા" કહેતો અને તેની બાય-

ડીને ઘરમાં સઉ "કાકી" બોલાવતાં હતાં. જગજીવન હસમુખો અને મોજીલો હતો પણ છકેલો અને ઉડાઉ ન હતો. હું જગજીવનની ચાકરીમાં હતો.

જગજીવન દર વરસે ગરમીમાં બહારગામ ફરવા જતો હતો અને તે વેળા પોતાનો દોર દમામ ભપકો સપકો ઘેરે છોડી તદન સાદો, મને સાથે લઇ છુપે નામે જતો હતો. છુપું નામ રાખવાનું તેને એજ કારણ હતું જે મોટાઇ ભોગવતાં તે કંટાળી જતો હતો, અને જો કે તે કંટાળાથી નહાસી બહાર ગામ જતો, તો ત્યાં પણ તેના નામના પ્રતાપથી તેની ખીજમત અને મેનીજ અસાધારણ જડફ અને સંભાળથી થતી, જેથી તે વધારે ને વધારે કંટાળતો, તેથી તે છુપે નામે અને સાદા પોશાકમાં બહાર ગામની સેહેલ અને સાથે ગરીબાઇની મોજ એકજ વેળા ભોગવી આવતો હતો.

એક વખતે તે બહાર ગામ ગયો ત્યારે દર વખતનાં કરતાં વધારે વાર બહાર ગામ રહ્યો હતો અને તેને માટે ઘેરે કોઇ ફકર ન કરે તે માટે પોતાની આગમજ મને ઘેરે રવાના કરી દીધો હતો. હું ઘેરે ગયો ત્યારે મને રતનબાઇએ પુછ્યું કે જગજીવન કયાં હતા. મેં પેહેલાં તો બહું ઉડાવ્યું. પણ જ્યારે મને ઘણા બજીદ થઇ પુછ્યું ત્યારે મેં જગજીવનનો ખરો હેવાલ જાહેર કીધો. પેહેલાં તો તે ઘણી ચીરડાઇ પણ પછી તે એક ઠેડાવ પર આવી, અને તે ઠેડાવ તેને મને જણાવ્યો, મેં ઘણીબી તેને સમજાવી પણ મારૂં કાંઇજ વળ્યું નહીં ? અને અંતે તેની વાત મને કબુલ કરવી પડી.

રતનબાઇની બેહેનને હું જઇને તેડી લાવ્યો અને તે બંધે જણાએ ઓરડામાં બેસી ઘણો વાર વાત કીધી. આ બેહેન રંડાયલી હતી, અને પોતાના ઘરમાં એક રાંધનારી સાથે એખલી રહેતી હતી. તે બેહેને પાછી ફરતી વેળાએ પોતાની માને કહીને રતનને અને મને બે દહાડા પોતાને ઘર રહેવા તેડી ગઇ. તેજ રાતના હમોએ આગગાડીના સ્ટેશનપરથી ઉપડી ચાલું મુક્યું, અને પારડીના સ્ટેશન પર પુગા. રતને આગગાડીમાંજ પોતાનો પોશાક બદલીને વાણીઆ મરદનો પેહેડયો હતો.

હમને બહુ દુર જવું હતું માટે મને લહડતો ચાલતાં જોઇ રતન બોલી :

"હું મારી થાક, આવી સેહલાઇથી ખમી શકું છું. અને તું જરાબી હાંફતો બંધ થતો નથી. તને શું થાય છે? બોલ જલદી બોલ રામલા" (મારૂં નામ રામલો છે.)

"મને આજનું કામ ગમતું નથી" મેં કહ્યું "અને જેવને મારામાં વીશવાસ મુકયો તેનીજ સામે આ કામ કરતાં મને આંચકી લાગે છે."

"પાછો જા ત્યારે ! જા પાછો હીચકારા" રતને પોતાની લાંબા પાપણની આંખમાંથી ધીકાર ફેંકીને જહનુનથી કહ્યું. "રસ્તો કાપ. આ મુસાફરી હુંજ પુરી કરશ. મારી નસમાં હીચકારૂં લોહી દોડતું નથી અને સયતાન વટીક આ વેળાએ કહે કે 'આગળ ના જા.' તોપણ મારી હીમત હઠવાની નથી."

"ચુપ ચુપ." સયતાનના નામથી જરા ધ્રુંજીને હું બોલ્યો "આવી રીતે એવી અપવીત્ર ચીંજો માટે ના બોલો. ખાતરી રાખો કે હું તમુને કદી છોડી જવશ નહીં. મેં તમને મદદ કરવાના સોગન લીધા છે, તે હું પાર પાડી પાળશ. પણ મારૂં હઇડું તે કામની યાદથી ધ્રુંજે છે."

રતનબાઇએ જરા હસીને કહ્યું "હું સમજું છું, રામલા બરાબર સમજું છું. આખો દહાડો જે તારા જોરે તને મદદ કીધી તે રાતની વેળાએ ના પાડે છે. પણ રામલા તું મારે માટે ના બીહ, તું પાછો સ્ટેશન પર જા. હુંજ મારૂં કામ એખલે હાથે પાર પાડશ."

"નહીં નહીં" મેં જવાબ દીધો "એમ કદી હું કરૂં કે? આવી રાતની વેળાએ આવા કામપર તમને એખલાં છોડી જવાની મારી છાતી કદી ચાલેબી કે?"

પણ આ હમારી વાતને દરમ્યાન હમો એક ઝાડની નીચે બેશીને થાક ખાતા ગામડયા આગળ આવી લાગાં.

રતને તેની નજદીક જઇ પુછયું "ભાઇ તું મને કેહ કે ગામ કીફ્રા આવ્યું છે?" તેણે ગામડી બોલીમાં વાત કરવાના ફાંફ્રાં મારવા માંડયાં. "હમોને ગામમાં બહુ જલદી પોંહોંચવું જોઇએ."

"હહુવે" પેલા ગામડ્યાએ જવાબ દીધો.

"શું હહુવે?" રતને ચીરડાઇને તેને દમ ભરાવી પુછયું, પણ તરતજ મેં તેનો હાથ દાબી તેને "શ"ને બદલે "હ" બોલવાની યાદ આપી.

"હું રહતો દેખરાવા" ગામડ્યાએ ટુકો જવાબ દીધો.

"તારે તો તારો બહુ ઉપકાર થશે" ફ્રરી તેના જવાબથી હરખમાં આવી ગામડી બોલી બોલતાં ભુલી જઇ જવાન રતને જરા નમીને કહ્યું.

"તું કોણ છે ને ઇફ્રા કાં આવેલો?" ગામડ્યાએ સવાલ કીધો.

"તુને શું તેનું?" રતને લાલ થઇ તુંડપણે કહ્યું પણ તરતજ નરમ પડી જઇ તેને પતાવા માડયો કે "ભાઇ જોની હમો તારી માફ્રક ગામડ્યાજ છીએ—"

"ઇએ આતો મનેઓ છેતરે" પેલા ગામડ્યાએ તેને બોલતાં અટકાવી "તું મભઇનો તે હું તારી બોલી પરથી ની પારખું કે? હમી હમી વાત કરની નીતો રહતો દેખરાવીનેજ મોકલાતો? હેરી થઇને ગામડીઓ હું કામ થઇ મરતો હોહે તે."

મેં હવે રતનને કહ્યું કે "એને ઉડાવામાં કાંઇ સાર નથી."

"એ ગમાડ મને સાંભળ" રતન પેલા ગામડ્યાની નજદીક જઇ ઘણા જુસ્સાથી બોલી "હમો થાકી ગયા છીએ અને ઘણા ભુખા છીએ, વળી હમને માલમ છે જે દમન ઘણું દુર છે, અને અત્રે કેંહે નજદીકમાં છીપા ભીમા નામના કોઇ ભાડેલાનું "હરીઉ" નામે ગામ છે. માટે જો તું હમુને તે હરીઆં ગામનો રસ્તો બતાવશે તો હું તને આ આપશ" એમ કહી એક રૂપ્યાની ભરેલી થેલી તેને દેખાડી.

"ને ઉબી તીફ્રાજ જવાનોતો પણ રહતામાં થાક લાગેલી તે જરા થોભેલો" તે ઉઠતાં બોલ્યો "લે ભાઇ ચાલ તારૂએ કામ થાએ ને મારૂએ."

હમો હરીઉં ગામ તરફ્ર ચાલવા લાગા. "છીપા ભીમાને તું ઓલખે છે કે?" એકાએક પેલા ભોમ્યા તરફ્ર ફ્રરીને રતને પુછયું.

"ઓરખે? ઓ મારા બાપ તેતો આખા દરીઆનો ને તેની એનીફ્રા ને તેની મેરના હંધા ખેતરનો ધણી છે તેનેજ ની ઓરખે કે? તેતો બઉ બઉ બઉ પૈહા વારો હું એમ હમજુ કે એ જો માંગેતો તમારી હારી મભઇબી વેચાતી લીએ" ગામડ્યાની અકલ પ્રમાણે જવાબ દીધો.

"કેહેજે છીપાની એક પંદર વરસની છોકરી છે?"

"એક પોરી છે કુમલી કરીને તેની હું વાત! તેનું રૂપતો જાણે ભલું હીતા પારબતી જેવું ને ઉં મકુજે એવી પોરી તે તે તેજ છે."

"પરણેલી હોશે" રતને દેખાઇતી રીતે અચકીને પુછયું.

"નારે તેની તો વાત કાંઇ જુદીજ. જોની બાપા રહતો બહુ લાંબો છે તેથી હુ તેની વાત કરૂ કે નીથી જાય કેમ ની બોલેલો?"

"હા ચલાવ તારી વાત ચલાવ" રતને જવાબ દીધો.

"એ કુમલી ત્રણ વરહની ઉતી કેની તારે છીપાએ તેની હગાઈ દમનના ગેલાભાઇ હેઠના નાના પોયરા હીરાભાઇ હાથે કીધેલી. હીરાભાઇબી મોટો દહ વરહનો તે વેળા હવે આપરે તમારે ઇમ થીઉં કે હીરાભાઇનો કાકો જંગબાર મહા પરીએ કે કોણ જાણે વેપારે ગીઓ તે હીરાભાઇને હાથે લેતો ગીઓ તીફ્રા દહ વરહ વીતાં કે પાછો આયવો. હવે દહને દહ વીહ. તે વીહ વરહનો હીરો ને તન ને દસ તેર. તે તેર વરહની કુમલી. હમજેલાં હવે અમારી ઇફ્રાતો આવરી મોટી પોરી થીએલી તે ગામ લોક ઢુપી ખાય, માટે વીઆ કરવા છીપાએ કીયું. પણ તેટલા હીરાનો ઘેલો ડોહો દેવ લોક થીઓ. વરી એક બીજું વરહ વીતું ને વરી વેઆ નીકરીઆ કે મારો નાનો હીરો તો એકાએક વતલીને મહલમાન થી ગીઓ. અરે તારી એમ થીઉં. બાપરી કુમલી તો કુંવારીજ રીએલી તેટલાં હુરતનો દેવજી ભાઠેલો રંડાયો તેનું માગું આપવું. વરી હગાઇ થી કે લગન નીકરીઆ કે દેવજી દેવ લોક થીઓ તેથી વરી તેતો ઇમજ રી ગયલી. લોકોમાંબી હવે તો ધાક જે પેહી ગીએલે તે કોઇ તેનું માગું કરેની તેનું કારણ હું જો કે પોરીનું પગલું હારૂંની એમ લોકો કીએ."

"ત્યારે શું એ હંમેશ કુમારીજ રેહેશે કે?"

"મને એમ લાગે કે પેલા મંભઇવાળા હાથે ચોકહું બેહવાનું"

"તે શું? ક્યા મુંબઇવાલા સાથે?"

"તેનું નામ તો મને ની ખબર પણ તે મંભઇથી બે મહીના થીઆ આવેલો તે હેઠને તીફ્રાજ ઉતરેલો ને તેની હાથે બીજોબી આવેલો તે તો પાછો ગીએલો."

"તે જાતનો કોણ છે?" રતને પુછ્યું.

"એ જાતને ભાત. ભાઠેલો એવીએ દરકાર કરે કે?"

"તે પરોણો છીપાને ઘરેજ રહે છે કે?" રતને આગળ સવાલો કીધા.

"તોની? પરોણાને કીફ્રા રાખે? ઘરમાંજતો. પણ લે ચાલો આ ગામડું આયવું." આટલું બોલી પેલો ગામડીઓ ઉભો રહ્યો.

"લે ભાઇ આ ડેલી પણ મને જરા છીપાનું ઘર બતાવ" રતને ડેલી આપતાં કહ્યું.

"આ નાકેનું મોટું ઘર તે એનુંજ" એમ કહી પેલો ડેલી લઇ ચાલતો થયો.

છીપો ભીમો ઘણો પૈસાવાલો અને ગામ ધણી ને નાતનો શેઠયો હતો, અને તે પોહરીઉં ગામમાંજ મોટાં ઘરમાં રેહેતો હતો. જોકે તેના ગામમાં બધાના માલ વગરના બેઠી બાંધણીના ઘણાખરા કાદવ કામરાના ઘર હતાં પણ તેનું પોતાનું ઘર એક માલનું મોટું કુસાદે ચુના ઇટનું બાંધેલું હતું. તેની વરસ દહાડે એક હજાર રૂપ્યાની આવક હતી. જે તે ગામ પ્રમાણે ઘણીજ મોટી ગણાતી હતી. તેનું મોટું કુટુંબ હતું અને એક છોકરો અને એક છોકરી હતાં. છોકરો પરણેલો અને બચાંકચાંવાલો હતો. પણ કમનસીબ કુમલી પેલા ગામડયાએ વાત કીધી તેમ રહી ગઇ હતી.

રાત પડી હતી છીપો પોતાના પરોણા સાથે ઓટલાપર સુતો હતો. તેનો છોકરો પેહેલા માલપર પછવાડે પોતાના બચાં છોકરાં સાથે આરામ કરતો હતો. અને કુમલી પોતાની મા અને પોતાના ભાઇના નાના બુચા સાથે માલપરના આગલા ઓરડામાં પોઢેલી હતી.

મને આ ઘરના ખુના ખાચરાં ખબર હોવાથી મેં તે સંધી વાતની ખબર રતનને આપી મુકી હતી. રતન હલવે રહીને બારીને રસ્તે ઓરડામાં ઉતરી, અને એક મોટી છરી કહાડી ગરીબ બચારી કુમલીની, કુમલી છાતીમાં ભોકી દીધી. તેણીએ એક ચીસ પાડી, પણ

કાંઇ ગડબડ થાય તે આગમચ રતન પાછી સતી આવી, અને હમો પાછા સ્ટેશન તરફ નાઠાં, અને ઘરે મુંબાઇ બીજે દહાડે સહીસલામત આવ્યાં.

હમો ઘરે આવ્યાં તેને ચોઠે દહાડે સહવારના જગજીવન પાછા આવ્યા અને આવતાંને વાર તેવને મને પોતાના ઓરડામાં બોલાવ્યો અને કહ્યું, "રામલા રામલા ગરીબ ·કુમલી મરી ગઇ."

"મરી ગઇ?" મેં અંજાનો થઇ પુછ્યું "કેમ? કંઇ માદી પડી કે?"

"ના, ના, માદી શું! તેનું ખુન થયું" તે કપાલ પર હાથ મારી રડતો બોલ્યો. "ગરીબ બચારી એમજ વેહેમાઇ હતી કે હું કુંવારોજ છું ને તેનેજ પરણુશ. પણ ઇશ્વરે મને અટકાવ્યો અને તે બાપડી પવીત્ર દેહ સાથેજ મરી ગઇ."

"અરર શીવ શીવ" મેં કહ્યું.

"જા નીચે જઇને બેસ ને કોઇ મને મલવા આવે તો કેહેજે કે હું થાકેલોછું," હું નીચે જઇને બેઠો.

થોડા વારમાં મેં પાછો આવી કહ્યું "સાહેબ કેકોબાદ સારંગીઆ આવ્યાછે જી."

"પણ મારો તને કહી મુકેલો જવાબ કેમ ન કહ્યો વારૂં?" નર્મીથી પણ ઠપકાન. રૂપમાં જગજીવને પુછ્યું.

"મેં તમારો જવાબ કહ્યો સાહેબ પણ તેવન કહેછે કે હું આવતે બુધવારે લેથમ સોની કુo ની એક અલફાતુ સ્તીમરમાં વેલાત જનારછું તેથી તમને મલવા આવ્યો છું"

"પણ બુધવારને તો ઘણા દહાડા છે હજીતો આજે બ્રેસપતવાર થયો તેટલાં મલી લઇશું." જગજીવને પોતાનો વીચાર જણાવ્યો.

"પણ તેવન કહેછે સાહેબ કે તેવન આવતી કાલે ઉડવાડે જનાર છે, અને ત્યાંથી નોસારી જઇ મંગલવારે પાછા ફરશે તેથી મલાયું કે નહીંબી મલાયું." મેં જવાબ દીધો.

"હં હં એમ છે ત્યારે તો તેવનને બોલાવ." જગજીવન ઉઠી, બેસીને બોલ્યો.

કેકોબાદ સારંગીઆ આવ્યો અને હું પણ ઓરડામાં સાફસુફ કરવા લાગો. તેની સાથે કેટલોક વાર વાત થવા પછી જગજીવને પુછ્યું. "તમો સાથે બીજા પેસીનજર હશે કની?"

"હારે ઘણા છે પણ એક પાસીજ હજી ખાલી છે તે ભરાવાની વકી છે. મારી કેબીનમાંજ તે જગા છે રખેને કોઇ કુંજરો આવી મરે." કેકોબાદે કહ્યું.

"વળી કુંજરો આવે તો તેનું ગેરવતાં તુંને કયાં નથી આવડતું કેકી? તુંને વળી પુછવું પડે કે?" જગજીવને જેમ તેમ કરી કાંઇ પણ રીતે હસવાનું બોલવાના ફાંફાંમાં બોલ્યો.

કેકોબાદની મુસાફરીમાં તેને ફતેહ ઇચ્છી, એક બીજા પર કાગજના લખવાના કોલો લીધા અને મલી ભેટીને આ જવાન મીત્રો છુટા પડયા.

તેના ગયા પછી વળી તે અગાઉની મીશાલે પોતાની ખુરશી પર પડયો અને હું અંદરના ઓરડામાં કાંઇ કામ સર ગયો કે તે જગજીવનવાલા ઓરડામાં સુંદર રતન દાખળ થઇ.

"ઓહો! રતન તમે આવ્યાં કે?" જગજીવને પોતાની પ્રીયાને કહ્યું અને હું તેજ ઓરડામાં ચુપ સંધુ સાંભળતો અને ચીમાઇને જોતો ઉભો.

મેં અગાઉ કહ્યું તેમ જગજીવન સુધરેલો હતો. માટે પોતાની બાયડીને નામ દઇ હાંક મારતો, અને તેબી તેમજ વરતતી.

"તમોએ તો મને યાદબી નહીં કીધી કની?" તેની સામેની ખુરશીપર બેસી તે બોલી. "જરા ખબર તો પુછાવતે!"

"હું થાકી ઘણો ગયો છું તેથી મને કોઇ સાથે વાત કરવા ગમી નહીં. મારા મનમાંથી તું કોઇ વખતેબી ખસેચ કે?"

"નહીં કે? મારા સમ? તમારી પ્યારીની સાથની ખુશ વાતોની વખતેબી હું તમારા મગજમાંથી ખસતી નથી કે?" રતનબાઇએ ડોકી મરડી ટકોરમાં પુછયું.

"એટલે રતન? તે શું?" જગજીવને કડવું મોહ કરી ગુસ્સે થઇ ચીરડાઇને પુછયું.

"નહીંરે નહીં એતો હું મસકેરી કરૂં છું" રતનબાઇએ હજીબી તેને ટકોર કરતાંજ કહ્યું. "પણ જ્યારે તમે હરીઉં છોડયું ત્યારે પેલી ગામડેની ગોરી તેનું નામ શું રે? હા કુમલી–કુમલી, તે કેમ હતી? દુવા તો કરતીતી કની?"

જગજીવન જબરો ચોંકયો. ભય ભરેલો ફીકાસ તેના મોહડાં પર ફેલાયો.

"તું શું બોલવા માગેચ રતન?" તેનો પોહોંચો પકડી બુમ પાડી તેણે પુછયું.

"ચપો જગજીવન ઘરને તમારી વાત જણાવા માગોચ કે? આસ્તેથી બોલો, ઘેલા ના થાવો" પોતાનો હાથ છોડવી લેતાં તેણીએ કહ્યું.

જગજીવન ચુપ થઇ ખુરશીમાં પડયો.

"ખરૂં છે વહાલા ઘણી તમોબી સચાઇમાં શોભયા નહીં" રતને તેને આગળ સમજાવ્યું.

"મુગી રહે રતનબાઇ મુગી રહે!" જગજીવને ચેહેરાપરની કઠણાઇ અને પોતાના તદન ફેરવાયલા સાદે તેને બોલતાં અટકાવી "મારે તને કહેવું છે તે સાંભળ."

"બોલોની પણ" ઉજલી પુની જેવી થઇ ધાડા સાદમાં તેણે જવાબ દીધો.

"થોડાજ બોલોમાં મારૂં કહેવું પુરૂં થશે. રતન મારા મનમાં કાંઇ ભય ભરેલો વીચાર વસેછે. જે વીચાર તારા પોતાના બોલોથી પેદા થયોછે. શું મારૂં કહેવું તું નથી સમજતી?" આ શબ્દો નીકળતાંજ રતન ધ્રુંજવા લાગી અને તેની તરફથી પોતાનું મોહડું તેણે ફેરવી નાખ્યું.

"નહીં મારા ચેહેરામાં તું જો અને કહેકે મારો વીચાર ખોટો છે, મારો ખ્યાલ ખાલી છે." તેણીનો હાથ પકડી પોતાની તરફ ફેરવીને જગજીવને કહ્યું, "હું ફરી કહુંછું રતન કે મારા મનમાં શું શું થાયછે તે તું બરાબર સમજેછે, અને તારા બોલોથી કેવો દુ:ખદાયક શક મારા દીલમાં જન્મ પામ્યોછે, તે તું બરાબર વીચારી શકેછે. ઓ તારા ઓ તારા આવા ગુનાહને હું કેમ નામ આપું? તું ગુનેહગાર છે પણ તે કેવી?" તે પોતાનો ચેહરો પોતાના હાથોએ ધાંકી બરબડયો.

"હું સમજુંછું" રતનના ફીકા હોઠમાંથી તુટેલા બોલો નીકલ્યા.

"ત્યારે શું તેં કુમલીનું ખુન—ખુન—કીધું?" દરેક બોલ જગજીવનના ગલામાંથી દુચાની માફક ખુંટીને બહાર નીકલ્યો.

"એ ખુન કહેવાય નહીં." હવે રતનનો ચેહેરો ફેરવાઇ ગયો, તે લાલ થઇ ગઇ, અને તેની આંખોમાંથી જાણે આતસની ચીંગાર નીકળતી હોય તેમ ગુરકવા લાગી. "તું મારાથી બીહીને દુર ના જા. મને કહે શું તે ગામડયનને તું નહીં ચાહતો હતો?"

"ચાહતો હતો? અરે કાંઇક વધારે, મારો જીવ મને તેના જેટલો પ્યારો ન હતો" જગજીવને દચકાં ખાતા જવાબ દીધો.

આ જવાબથી ચીરડાયલી રતનના દાંત કકડયા. "અને શું ત્યારે તે મારો હરીફ હતી કે? તારો કોઇ હરીફ પેદા થતે અને તે મને તારી તરફ બેવફા થતાં શીખવતે, જ્યારે તું મને તારા જાન કરતાં વધારે ચાહતે અને હું તને પણ ચાહું એમ સમજતે તો શું કરતે?

તારા અંતઃકરણ પર હાથ મુકીને કહેકે તારૂં જે ખોટું થતે તેને માટે તું મુગો બેસી રડયા કરતે કે?"

"નહીં કદી નહીં."

"હું એમજ. તું તારૂં વેર લેતે. વેર અને મહોબતના જહનુનમાં તારા હરીફનું ખુન કરતે. તું ચુપ બેસતે તો હીચકારો નામર્દ ગણાતે. હવે જ્યાંસુધી કુમલી તને મળી નહીં ત્યાં સુધી તેં મને ચાહી હતી. તે સાચો પ્યાર હતો. એમ મારી ખાતરી હતી. કુમલીએ તુંને જીત્યો તો તે મારૂં તારા દીલપરનું રાજ જીતનાર મારા હરીફને મેં દુર કીધો તેમાં ખોટું શું?"

"તારા આ અઘોર પાપનું તું કેવું બાહનું લાવે છે રતન?"

"તું મને શું સમજે છે?" મગરૂર રતન પોતાની પુર ઉંચાઇએ ઉભી રહી દમામથી બોલી. "હું એક લાગણી વનાનો પથર યા લાકડું નથી. મારી તરફ થતું નુકશાન કીના વના હું જતું મુકું?" પણ વળી તે થંડી પડી જઇ પતાવતી બોલી "હું જાણું છું જે તેં મને કુમલીની આગમચ ખરેખર ચાહી હતી. પણ એકાએક ફેરફાર શરૂ થયો. તારા કાગજ ટુકા અને ટચ આવવા લાગાં, અને તારા ધારા પ્રમાણે પાછો ન ફરતાં લાંબો વખત બહાર ગામ રહ્યો, અને વળી રામલાને પણ તેં વીદાય કીધો. રામલાને ઉલટ પાલટ તપાસતાં તને હરીઉંમાં પકડી રાખનાર પકડની મને ખબર મળી, અને મારા દીલની ધાસ્તી ખરી પડી. મેં મરદાની પોશાક લીધો, મરદાની કામ કીધું, મારા હરીફને હઠાવ્યો, અને તને છોડવ્યો. તને બેવફા થતો અટકાવ્યો, અને મારો જે તું, તેને પાછો લીધો."

"તેં કુમલીને મારી, આ તેં એક આદમનું સ્વાર્થ માટે ખુન કીધું. તેનું વેર તું પર કોઇ દહાડે પણ ઉતરશે" જગજીવન કમકમીને બોલ્યો.

"નહીં નહીં, રતન મારો હાથ તે નથી જે તેનું વેર લેવાં ઉચકાય, અને તે મારા હોઠો નથી જે તને શ્રાપ દીએ. હવે સંધું જોવું છું. તારો ગુનાહ મારા વાંક માટે છે. મારી બેવફાઇ ને મારી નબલાઇ તે ખુનનું કારણ છે. તેટલા માટે આપણ બંને તે ખુનના જવાબદાર છીએ. બંને પર તેનો શ્રાપ ઉતરી તેનું વેર કોઇ બીજે રસ્તે વળશે."

"એમ ના બોલ, એમ ના બોલ" હવે રતન તદન પીગળી ગઇ અને જગજીવનને વલગી પડીને બોલી "તું જવાન છે, તું."

"ચુપ બસ" તે વચ્ચે બોલી ઉઠયો. "હું જાણું છું જે આ ગુનાહમાં વાંક મારો છે. પણ તેજ વેળાએ તે ગુનાહ તારા હાથે થયો છે. એમ ભુલી શકતો નથી." તે આંખોથી આંશું ખેરવતો બોલ્યો: "તે નીરદોશ લોહી તારા હાથે વહ્યું છે એમ જે મારી યાદદાસ્ત શક્તી પર છપાયું છે તે ભુસરી શકતો નથી. ઓ કુમલી કુમલી મને માફ કરજે" અને એટલું બોલી જગજીવન બચ્ચાં મીશાળ રડવા લાગો.

રતનબાઇ ત્યાંથી તેને એમજ મુકી ચાલી જવાનું ઠીક ધારી જતી રહી. જગજીવન આ પ્રમાણે થોડો વખત બેસી રહ્યો. અને પછી એકદમ ઉઠી કપડાં પેહેડી લેથમ સોની કું૦ની આફીસમાં જઇ કેકોબાદે કહેલી બાકી રહેલી વેલાત જવાની પેસેન્જ પોતા માટે કરાવી આવ્યો. તેની માતાએ બેનોએ તથા તેની પ્રીયા રતને ઘણો સમજાવ્યો પણ તે પાછો ફર્યો નહીં, અને કેકોબાદ સાથે ઉપડી ગયો.

પણ અફસોસ જગજીવનના બોલ ખરા પડ્યા. રતને કીધેલાં ખુન માટે તેની ઉપર પણ સજા ઉતરી ભરદરીએ સ્તીમર ભાંગી અને તવંગર જગજીવનનું માસ માછલીઓનો ખોરાક થયું, અને તેના હાડકાં દરીઆની ભેદભરી ઉંડાઇમાં સદાના આરામમાં પડ્યાં.

ખરી સજા હવે રતનને થવા લાગી. થોડા દહાડા ભેજાંની તેને તાપ આવી, અને તે તાપ વૈદક મેહેનત અને કારીગરીથી ગઇ ત્યારે તેના ભેજાંની અરધી સમજ પણ સાથે જતી રહી. તે ઘેલી થઇ ગઇ અને દર પા કલાકે જગજીવન અને કુમલી વીશે બકી અતી હારમારી અને કંટાળા વચ્ચે બીજા પાંચ વરશ કહાડી જવાનીના પુર બહારમાં અને ખુવાર થયલી ખુબસુરતી અને ચંચલાઇના ખંડેર સાથે મસાને જલી.

મારાથી હવે વધારે ખમાયું નહીં તે દુ:ખના ધામને મેં છોડયું, અને મુંબાઇને છેલી સલામ કરી હું અત્રે આવી એકાંતમાં રહ્યો. ત્રણ ખુન મારી ગરદન પર છે. હું રતન આગળ ખુલું કરતે નહીં, તો તે વાત તે જાણતે નહીં, ને કુમલીનું ખુન કરતે નહીં, જગજીવન દુબતે નહીં, અને રતન દીવાની થઇ, જવાનીમાં મરતે નહીં.

તેની આ વાત સાંભળી હું બીછાને પડયો પણ ઉંઘ આવી નહીં. અને સહવારના ઉઠી તે કમબખતને તેની પરોણાગતના બદલામાં થોડું નાનું આપી ચાલતો થયો.

ભાવનગર ગયો કે ત્યાં મને મારા ભાગ્યાનું કાગજ મળ્યું કે સઉ ખેમ કુશળ છે અને લાકડાં તો જોઇએ તે કરતાં વધતાં છે, એટલે બીજાં મોકળવા નહીં. આપણે તે અલબતાં ધનજી ઘેખરાને ત્યાંજ ઉતર્યો, અને તેઓતો મને જોઇને ધરૂંપરૂં થઇ ગયાં. મારી મીઠી મનમોહન માણક હજી કુમારી હતી. તે મને જોઇને કાંઇ થોડી ખુશી થઇ નહીં. ભીખીએ બાર વખત ઓવરણાં લીધાં, અને ધનજીએ બોતેર વખત મને પોતાની પસીનાથી ભીનાયલી મેલના લેપરાવાલી છાતી પર દાબ્યો.

એમ બીજા બે ત્રણ દહાડા જવા પછી મેં ધનજીને બહુ શરમાઇ શરમાઇને માગણી કરી કે મારૂં માણેક સાથે વીશાલ કરો. પણ તેતો એ વાતથી ભડકયો ને બોલ્યો કે "રે બાપા એ તું હું બોલે? એ કામ કાંઇ તારૂં ની મલે. તું એમાં હું હમજે તારી માહી કેહે તો હમારે કબુલ. નીતો તે ડોહી એમ ની કેહે કે મારા પોયરાના રૂપ્યા ખાવા માયગા? બાપા એ વાત તું ની હમજે રે ની હમજે. તું નાદાન પોયરો હજી બચ્ચું છે. પોયરાં આવહે ત્યારે તને માલમ પરહે. હા બાપા હુંબી હાચું કહું કે માણકબી તારૂં ઘરી ઘરી નામ લીયા કરે ને મને ને તેની માને કેહે કેહે ને કેહે કે હાપુર હાથે મને પયનાવો. પણ બાપા ઉ શું કરૂં?" તે મેલા સદરાએ આંખ નુછી બોલ્યો. "મારી બાપડી પોરીનું નામ એકતો હલકું પયરૂં ને એમ જો માગું તારી માહી પર મોકલું ને ખોદાય ના કરે કાંઇ તનો થીયું બીયું તો તારી માહી તો મારે ઘરે આવીને કુટી જાય કે તેં માગું મોકયલું તે માર પોયરાને અપહગન થીઆ."

ખરેખર કેવો ભોલો પણ ભલો સાચો ગામડયો!

મેં તેને ઘણો દીલાસો દીધો અને કહ્યું કે હું મારી માસી પાસેજ પેહેલાં માગું મોકલશ.

પ્રકરણ ૧૧ મું.

હું પાછો વડોદરે ઘરે ગયો અને હમારૂં કનતરાક ત્રણ મહીનામાં પુરૂં થયું, અને હમને કરડા કરડી અને કાપકુપ થઇ બીલ મળ્યું, અને જો કે હમે તો સંધાને કેહેતા કે હમુને ખોટ ગઇ છે તોબી હમોને દરેક ભાગ્યાને બબે હજારનો નફો થયો. હવે મારૂં કામ બેહક્યું. બીજે મહીને વડોદરાની સરકારે ઘાસનો ઇજારો આપવા કહાડીઓ ને હમો બે ભાગ્યા અને બીજા આઠે મળીને લીધો, અને એમનો એમ ઇજારો વડોદરાના એક બીજા કંનતરાકતરને દશ હજાર રૂપ્યાના નફે આપી દીધો કે હમારે દરેકને ત્યાં વગર મેહેનત અને

ખટપટે એક એક હજાર ચાલી આવ્યો. પણ હવે કંનતરાકટ કોઈ દહાડેબી ન લેવું એવો મેં ઠેડાવ કીધો. કારણ કે તે ધંધામાં દહાડામાં હજાર વખત મારામારી કરવી પડતી હતી, અને ગાલ દઇ ગાલ ખાવી પડતી હતી. પણ ધંધા વના કાંઇ ચાલે, આ ઉપરથી આપણે કાંઇ નવુંજ બીડું ઝડપ્યું.

અત્યાર સુધીમાં મારી પાસે ત્રીસ હજાર રૂપ્યાની પુજી થઇ હતી. હું મુંબાઈ ગયે અને ત્યાં બે પેહેડી સાથે મેં આડત બાંધી એક વાન્યા 'ખેમજી મીઠા' સાથે અને એક ઈંગ્રેજ 'જેમસ બેગર' સાથે. વાન્યા સાથે શરાફી આડત હતી, અને ઇંગ્રેજ સાથે એમ બંધન હતું કે હું જે વડોદરેથી ટીપ કરી મોકલું તે તેને વેલાતથી મંગાવી આપવું અને દલાલીના ત્રણ ટકા લેવા, આ કામ કરી હું પાછો વડોદરે ગયો. અને ભર બજારમાં પેહેડી ઉઘાડી બેઠો. મારો ભાગ્યો મોટાજીબી મારી સાથેજ જોડાયલો હતો પણ તે બાપડો નકામો હતો. એક વેળા એવું હતું જે હું નકામો જેવો લાકડાની વખારમાં તેને માથે પડયો હતો અને તે મને દરરોજ નવું નવું શીખાડી વેપારમાં આગળ પાડવાનું કરતો હતો, અને હું મફતના રૂપ્યા ઘરે લઇ જતો હતો.

હવે એવો વખત આવ્યો હતો કે બાપડો મોટો મારે માથે પડયો હતો, અને હું તેને લઇ ચલાવતો હતો. અસલ મારા પૈસાથી મોટાની વખાર વધી હતી. હવે મારા પૈસામાં તેના ઉમેરાવાથી હમારી પેહેડી ધમધુકાર ચાલતી હતી. પણ પ્રીય વાંચનાર! આટલું તો યાદ રાખજે કે હમો પ્રમાણીક ધંધો કરતા હતા. સચાઇ હમારો સાથી હતો, અને કોઇની પણ દમડી ડુબાડવાનો હમારો રવઇઓ હતો નહીં. જો મોટાએ જ્યારે મને વખારમાં ભાગ્યા તરીકે લીધો ત્યારે તે લુચો બની અપ્રમાણીક થતે, મને ખોટું ખોટું સમજાવી મારા રૂપ્યા ખાઇ જતે તો તેને કોઇ પુછનાર કે પકડનાર હતું નહીં. પણ તેથી થતે એમ કે મારા પાંનસો રૂપ્યાજ ખાઇને તે બેસતે, અને પછવાડેથી હું તેને જે કામ લાગો, નવા નવા કામમાં બહાર પડવાની જે મેં હીંમત અને હીકમત બતાવી તેની આવડ તેનામાં હતી નહીં. તે માટે તેને આ પછવાડેનો લાભ જરૂરજ ખોવો હતે. આ વાત મારા ધ્યાનમાં હંમેશા રમી રહી હતી. માટે મેં એ ઉપરથીજ ધડો લીધો હતો અને ઠેડાવ કીધો હતો કે ગમે તે થાવો પણ પ્રમાણીકજ રોટલી ખાવી.

હું મુંબાઇ લખી વેલાતથી માલ મંગાવી વેચવા લાગો અને સાથે શરાફી ધંધોબી નાના પાયા ચલાવા લાગો. પણ એટલુંજ કરીને આપણે અટકયા નહીં. પણ બીજા વડોદરાના વેપારીઓનો માલબી મંગાવી તેઓ પાસથી દલાલી ખાવા લાગો. દલાલ, વેપારી અને શરાફ હું હવે બન્યો હતો. ખુદા મારી ઉપર પ્રશન હતો. અને મારી માસીનું મારે માથે છત્ર હતું.

એક દહાડે વલી મારા ઘરમાં માસી રમખાન લઇને બેઠાં કે "ના તું પરણને બસ પરણ."

હવે મેંબી જોયું કે પરણવું તો જોઇએ તે ઉપરથી મેં મારી માસીને મારા દીલની વાત કહી. ઓ મારા બાપ! માસી તો મારી છલાંગ ને ઉઠયાં ને અને તરાડ દેતા કકડા મોરી એમથી તેમ સારી સોધવા દોડાદોડ કરવા લાગા.

મેં પુછયું "એ એમ શું કરોચ જો માસી."

"અરે તારી માસી મરે પાછલી રાતે ને તુંબી પેહેલી રાતે." માસીએ ચલાવ્યું—

"કાંહ પયણવા નીકર્યો? મુઆને ઘરની દીકરી કોઇ નહીં લે ને હું લઉં? લે ચાલની કાલે તો કેહેજે કે માસી નાતરૂં કરો. બસ તારૂં ભેજું ખીસી ગીયું કે શું?" ઇત્યાદી. અને વાત લાંજ ધબ થઇ.

અફ્સોસ? મારા જીગરની મોટી મુરાદ બર આવવાની વચે આ મોહોટો પાહાડ હતો. વચમાં માસીની નારાજી હતી. તેવનને એકાએક સમજાવવું તો મુશકેલ હતું માટે હલુંફ્લું એ માટે કાંઇબી કરવું એવો ઠરાવ કરી હાલતો ચુપ રહ્યો.

મને તો ઘણુંજ લાગું કે મારી વરસોની ઉમેદ આ પ્રમાણે નીશફ્ળ જઇ ભ્રષ્ટ થઇ. પણ તોબી આશા મારા દીલને ઉશકેરી રાખી ઉલટ આપતી હતી.

હું કાંઇ કામને મસે પાછો ભાવનગર ગયો અને ધનજી ઘેખરાને સમજાવી પટાવીને કબુલ કરાવી આવ્યો કે મારા વડોદરે જવા પછી તે પોતે વડોદરે આવી સુથારનો ધંધો ત્યાં ચલાવે.

પોતાના વચન પ્રમાણે ધનજી, બઇરીને છોકરી સાથે વડોદરે આવ્યો અને એક નાનું ઘર ચાર રૂપ્યે ભાડે લઇ રહ્યો. તે મારા ઘરથી ઘણો દુર રેહેતો હતો, તેથી પેહેલાં તો માસીને તે વીશે ખબર પડી નહીં પણ જ્યારે ખબર પડી ત્યારે થોડો વાર ચીરડાઇ ને પછી તેની દયા ખાવા લાગા, અને થોડા દહાડામાં તો કાંઇ કાંઇ તેને માટે મોકલવા પણ માંડયું.

હું તો દરરોજ માસીની હરૂસે ત્યાં જતો અને એમ કુશલ પુછતો. મેં મારી માસીની નારાજી માટે કાંઇ તેઓને જણાવ્યું હતું નહીં, કારણ કે મને ફીકર હતી, કે એમ જાણી રખેને કોઇની સાથે માણેકનું તેઓ ગોઠવી દે.

મારો ધંધોબી ખુદાની મેહેરથી સારો ધીકવા લાગો અને હું બીજા એક વરસમાં તો પેહેલે વાંગેનો વેપારી અને સરાફ્ બની ગયો. પણ મોટો હજી મારી સાથેજ હતો. તેની બાયડી પણ દર વખતે હમારે ઘરે આવતી. પણ કમનસીબે તે મારા બુઢા બાવ્વાને ઘરે કાંઇ ફરજંદ હતાં નહીં. મારી માસી એખલીજ હમણાં સુધીતો મને કંટાલો આપતી હતી કે "દીકરા પરણ" પણ હવે તો આ બુઢા માટી બૈયેર પણ તે તાયલામાં જોડાયાં.

હું જો સમજાવતથી જરા વાર થોભવાનું કેહેતું તો માસી મારી સાથે મરાઈ પડે, જો હું ચીરડાવું તો માસી ભુખાંજ સુઇ જાય, એમ દરરોજ નવો નવો રકાસ થયા કરે.

એક દહાડે હું દુકાનેથી બહારો બહાર ધનજી ઘેખરાને ઘરે તેમને મલવા ગયો. સાંજ પડેલી હતી અને ઘેરે ઘેર દીવા બતી થતા હતા. બૈરાંઓ મોહલામાં મરઘાં પકડવા સારી વના ઉતરી પડ્યાં હતાં. ઠાકેલા મજુરો પીઠાંની ભેટ લેવા ખુશીમાં ગીત ગાતાં ચાલી જતાં હતાં. મ્યુનીસીપાલનો જાફ્તો મસાલ નીસરણી પર ચહર ઉતર કરી ટાંટીયાની કહડી કરતો, દીવાના થામલા આસ્તે આસ્તે સલગાવતો હતો, પનીઆરનો ઝડફ્માં છેલું પાણીનું માટલુ લઇ ઘર તરફ્ પગલાં ભરતી હતી, અને સાંજ થોડો વખત પોતાનું રાજ પુર બહારમાં ચલાવતી હતી.

ધનજીના ઘર આગલ આવતાંજ કાંઇ જબરૂં ગોધીઆરૂં થયલું માલમ પડ્યું. મોહલામાં શીપાઇ સપરા હતાં, બઇરાંઓ બારણે નીકલી પડી બધા જણા એવી વખતે બોલી ન સમજ પડે તેવી ગડબડ કરતાં હતાં, અને ધનજી ઘરના ઓટલા પર બેસી રડતો હતો, અને ભીખી કુટતી હતી.

હું તે ઘર તરફ્ દોડયો અને કારણ પુછ્યું.

"ઓ બાપા માણેક રે! મારી માણેક!" ધનજી અને ભીખી એકી વખત બોલ્યો.

"શું છે? માણેકને શું છે?" મેં અધીરાઇથી પુછ્યું.

તેઓએ તો બરાબર જવાબ દીધો નહીં, પણ એક પોલીસનો સીપાઇ ત્યાં હતો તેને કહ્યું કે મારી માણેક કેઠે ગુમ થઇ ગઇ હતી. ખોલ કરતાં એક નાના આંઠ વરસના છો-

કરાએ એટલીજ નીશાની આપી હતી કે કુવા પરથી બેડું લઇને આવતી હતી. તેટલાં તેને એક ઘોડે સ્વારે ઊંચકી લીધી, અને ઘોડો મારી મુકી તે તેની સાથે કેઠે નહાસી ગયો.

અરે અફસોસ! આ મારી મોટી આશાનું કેવી ક્રૂર રીતે ભ્રષ્ટ થવું? અરે માણેક! તું કોણ જુલમગારના હાથમાં જઇ પડી હશે? તુંને કોણ લઇ ગયું હશે? અને તારી ઉપર શું શું વીત્યું હશે? હું વીચારના સાગરમાં તણાવા લાગો. અને ધનજીને ભેટી તેના આંજુ સાથે મારા આંજું મેં ભેલ્યાં.

સરકારમાં ખબર કીધી, પોલીસના શીપાઇઓ ચારે તરફ ફરી વલ્યા. જાસુસોને ફરતા મુક્યા, અને શોધ ખોલમાં કાંઇ મના રહીં નહીં.

હું તુટેલે દીલે ઘરે આવ્યો અને આંખમાં આંસુ સાથે સંધી વાત મારી માસીને મેં કહી.

"અરે એમાં કાંઇ ભેદ હોશે રે ભેદ." મારી માસીએ અટકળ ચલાવી. "રાંડ આવી મોટી તેને કોણ મુઓ ઉંચકી જતો હશે? એતો એની મેરે ગયલી———"

"બસ માસી એવી નીંદા મારે સાંભળવી નથી." આજેજ પેહેલવેહલો હું મીજાજ ખોહીને માસી સાથ તરડાયો. "ખબરદાર તેને એવા બોલો ઓચર્યાં છે તો."

"તો તું શું કરવાનો છે?" ઉલટો તેવનેજ દમ ભરાવ્યો, "ઘરમાંથી મને કહાડી મુકજે ગમે તો, કે ગમે તો તું જુદો જઇને રેહેજે. લે જો મારી ઉપર દવારો કરવા આયો."

"નહીં માસી હું સોગંદ ખાઇને કહું છું જે માણકને કાંઇબી આડું તીડું બોલશો તો હું કુવો પુરીને મરી જવશ." મેં હવે છેકજ પગલાં ભર્યાં.

અને માસીબી હવે થંડાંજ પડી ગયાં. તેવન લાગલાં ઉઠીને મારી આગળ આવ્યાં, અને મને વળગી પડયાં, અને આંખમાં આસું સાથે બોલ્યાં: "ઓવારૂં રે, ઓવારૂં રે, તારી મદઇબી કુવો નહીં પુરે. તુંને બધા જીજો મરૂં. એમ ફરી ના બોલતો નહીંતો મારો જીવ કહાડી નાખશ જો. ચાલ તારી મરજી નથી તો હું માણેકને કાંઇ નહીં કેહવશ. પણ મારા બાપ તું છે તો મારૂં જીવતર છે. ને તું છે તો મારી આંધરી આંખની રોશની છે."

આહા! કેવી દયાળુ અને ભોળી મયાવંતી માસી! મેં તેવનને કોટી કીધી, અને મેં વાપડેલા બોલો માટે મનમાં પસતાવો કીધો.

પણ મારી વ્હાલી માણકને હું કહાં ધુંડું? તેની શોધમાં કેની તરફ જાઉં? તેની નીશાન મેળવવા કોણને પુછું? અને તેની સુરત કહાં જઇને જોવું? મને જબરો ફટકો લાગો. મારી આશા ઉમેદ ઉંધી વળી ગઈ અને જીવ અને જગ બંને મને નકામાં લાગ્યાં.

પ્રકરણ ૧૨ મું.

ચાર પાંચ દીવસ વહી ગયા અને ગામનાં લોકો તો માણેકનાં ગુમ થવાની વાત પણ ભુલી ગયાં. પણ તે વાત હું કેમ ભુલું અને તેના ગરીબ માબાપ તે વાત કેમ વીસરે?

હું દરરોજ આશા સાથે બીછાનેથી ઉઠતો અને નાસીપાસી સાથે બીછાને જતો.

એક દહાડે હું મારે ઘરથી સાંજનાં નીકલી શેહેરમાં થઇ બહાર મેદાન પર નીકલી પડયો. મારા મગજમાં માણેકનોજ ખ્યાલ હતો, અને તેને વીશે હજારો દુ:ખદાયક વીચારોમાં હું રીબતો હતો. હું આસ્તે આસ્તે આગલ ચાલ્યો કે દુરથી એક જણને મેં આવતો જોયો, તરત મેં તેને પીછાન્યો. તે કોઇજ નહીં પણ પેલો ફાજલમીઆં લોહાડ હતો, કે જેને ત્યાં હું ચાકરી રહ્યો હતો, જેની ગાડીની કમાન વેચી ફટાકરા લાવ્યો હતો, અને જે ફટાકરાથી તેની દહાડી દાજી ગઇ હતી. તે મારી નજદીક આવ્યો, અને મને સુગલાઇ

ઢપમાં સલામ કીધી. મેં પાછી કીધી. મારી ખબર અંતર તેને પુછી, અને મેં તેને લાયક જવાબ દીધો. તે મારાથી ઉલટી દીશાએ જતો હતો, પણ હવે તે મારી સાથે ચાલવા લાગો. મેં તેના મોહડાં પરથી જોયું કે તેમને કાંઇ કહેવા માંગતો હતો. મેં તેને પુછયું. "મીઆં ફ્રાજલ તમારે મને કાંઇ કહેવું છે?" "હા હજરત" તેને જવાબ દીધો "તમારી મદદ જોઇએ છે, અને જો મદદ આપે તો આપણું કામ ફલે ખરૂં"

"કેવી રીતે મદદ જોઇએ છે?" મેં પુછયું અને મને કાલી માતાના ભોગ તરીકે લઇ જતી વેલાનું કાવત્ર યાદ આવ્યું

"તમારે કશી રીતે ધભરાવું નહીં." તે મને ધીરજ આપી બોલ્યો. "એક વેળા તમો મારા નોકર હતા હું તમારો શેઠ હતો. હવે તમો મારા શેઠ થાવો હું તમારો નોકર બનું."

"શું તને ચાકરી જોઇએ છે ફ્રાજલ?" મેં તેને નર્માંથી પુછયું. "જો તેમ હોય તો હું જરૂર એક બે દહાડામાં મારો વગ લગાડીને તને સરકારમાં યા કેહેબી નોકરી મેલવી આપશ, કારણકે એક વેળા હું તદન બેઠા બેકાર હતો ત્યારે તેં મને આશરો આપ્યો હતો."

"અરે નારે સાહેબ એવું કાંઇ નથી." તે બોલ્યો "મારો લુહારનો ધંધો શું ખરાબ છે કે હું તમારે ત્યાં ચાકરી રહેવા આવું?"

"ત્યારે તું કેહવા શું માગે છે?" મને લાગું કે બુઢાનું ભેજું જ્યાં છે ત્યાં ગેપ થયલું છે.

"તમો નહીં સમજ્યા?" તેને પુછયું.

"અરે યાર સમજ્યો હોતું તો આટલું નકામું તાહેલુંબી કરૂં કે?" મેં હવે કંટાલવા માંડયું.

"ત્યારે હું તમુને સમજાવું. હું આજે આઠેક દહાડાની વાત પર મારી દુકાનમાં બેસી કામ કરતો હતો, તેટલાં એક મરાઠો આવી લાગો, અને મને એક તલવાર આપી કહ્યું કે આ તલવાર સાફ કરજે, અને એવીજ એક બીજી બનાવજે. મેં તે વાત કબુલ કીધી, અને કીંમત ઠેડવી. મેં તલવાર બનાવી મુકી અને ત્રીજે દહાડે આવીને તે તેને લીધી, અને તે ઘણીજ પસંદ કીધી મેં જોયું કે એતો ઠીકજ છે તેથી તાલ કીધી કે સાહેબ તમોએ જે પડયું છે તેતો મારો શેઠ લેશે પણ મને કાંઇ પાન સોપરીનું આપી જાઓ. તે ઉપરથી તેને મારા હાથમાં બીજો એક રૂપ્યો મુક્યો, પણ સાંજના તે પાછો આવ્યો અને મને પુછયું કે મારો શેઠ ક્યાંછે. મેં કહ્યું કે તે માંદો છે, માટે ઘેરે છે આ ઉપરથી થોડોવાર તે વીચાર કરતો ઉભો, અને પછી મને એક ખુનામાં તેડી કહ્યું કે તું તારા શેઠને પુછી આવ કે આવીજ બીજી એક સો તલવાર બનાવાની છે. તેબી ત્યાં નહીં. પણ બીજેજ ઠેકાણે જ્યાં હું તુંને ને તારા શેઠને આંખે પાતા બાંધીને લઇ જાઉં. તમો ત્યાં રહો, અને તલવાર બનાવી રહો કે તે તલવારની મજુરીના પૈસા ઉપરાંત તમો માગો તેટલું બીજું ઇનામ આપું. મેં આ વાત હા કહી હું અમથો અમથો મોહલ્લામાં દોડયો અને પાછો આવી કહ્યું કે મારો શેઠ કબુલ છે. પણ મારા શેઠની એવી મરજી છે કે પેહેલાં હું તમારી સાથે આવું, ત્યાં જોવું કે કાંઇ કપટ જેવું નથી, તલવાર બનાવાના હથ્યાર પુરતાં છે, અને તમારી પાસે મુને ઇનામ મલે તેટલું નાણું છે. જો એમ હોય તો કબુલ છે. આ વાતબી પેલાએ કબુલ કીધી, અને મને રાતના નવ વાગે મલવાનું કહીને તે પાછો ગયો. બરાબર નવ વાગે તે આવ્યો, અને હમો બંધે જણા શેહેરની બહાર નીકલી ઘેંડી દરવાજેથી મેદાન તરફ ચાલ્યાં. થોડે દુર ગયા પછી પેલાએ મારી આંખે પાટા બાંધ્યાં, અને વલી થોડેક ચાલ્યા પછી હમો એક બેલના ગાડામાં બેઠા દોહડ બે કલાક ગાડામાં મુસાફરી કરવા પછી હમો

ઉતર્યા, અને પેલાએ મારા પાટા છોડ્યા, કે એક મોટો પણ ઘણે ઠેકાણેથી ભાંગેલો અને પડી ગયલો કીલો મારી નજરે પડ્યો. તેની અંદર તે મને વાંકે ટીકે રસ્તે લઇ ગયો, અને એક ઓરડામાં મને તલવાર બનાવાનો સંધો સામાન બતાવ્યો. હવે તે જોવા પછી તેને તાબડા ફોડ્યા, અને એક માણસે આવીને પૈસાની ઠેલીઓની ઠેલીઓ હમારા પગ આગલ ખાલી કરી ચલકતા રૂપ્યાનો ઢગલો કીધો. ત્યાર પછી તેને મને પાછો ત્યાંથી ફેરવ્યો, અને જેમ ગયા હતા તેમ પાછા આવ્યા. આવતી કાલે રાતના નવ વાગે તે પાછો મને અને મારા શેઠને લેવા આવનાર છે. પણ તમો જાણો છો તેમ મારો કોઈ શેઠબી નથી ને મુરંબીબી નથી. ત્યારે હું લઇ તે કોણને જાવું?"

"ત્યારે શું તું મને લઇ જવા માંગે છે?" મેં પુછ્યું.

"હા એમજ" તે બોલ્યો "એમાં મોટો લાભ છે."

"પણ તું જાનેચ કેની કે તું જેટલું ત્યાં મેલવશે તેના કરતાં દશ ઘણું મારી પેહેડી પર હું એક દહાડામાં કુટી કહાડશ" મેં વલી પુછ્યું.

"અરે ત્યારે તમો હજુ બરાબર સમજ્યા નહી." વલી તેને પટપટારો માંડયો. "મારી મતલબ તમો પામ્યા નહીં એમ વાત છે કે, મને લાગે છે કે આ મરાથો કોઇ લુતારો છે—"

"લુતારો" હવે મને જરા સમજ પડી અને લુતારાના હાથમાં હું સપડાયો હતો, તે વાત મને યાદ આવવાથી મારા રૂવાં ઉભાં થયાં.

"હાજી તેઓ પીંઢારા નજર આવે છે" તે થંડેપણે બોલ્યો. આપણે ત્યાં જઇએ, તેમનો રાહઘાટ જોઇએ, થોડી ઘણી નીશાની મેલબ્યે, અને પછી કોટવાલને તેની ખબર કરી ઇનામ ખાટએ."

"પણ ભાઇ ત્યાં ગયા ને પકડાઇ કાં જ્યાથી ડોઉડી ગયાં તો?" મને જોકે આ સાહસ કામમાં માથું મારવાની ઉમેદ થઇ પણ જરા બીહકબી લાગી.

"અરે મારા પોચા શેઠ! વાઘનું બચું શીકાર કરે નહી ત્યાં સુધી વાઘ ગણાય નહી" તેને દકાંસ ચલાવી. "એમતો તમો ઘરમાં પડી રહો ને કહેસો જે બા પેહેડી બંધ કર. ખોટ ખોટ જશે તો શું કરશ."

"પણ ભાઇ હું એક પારસી છું, તું મુસલમાન છે" મેં વલી નવો વાંધો કહાડયો.

"નહીં નહીં, એ વાત નથી" તેને મને ઉલટી રીતે સમજાવ્યું. "તમો પારસી છો તો મારા શેઠ કાંય નહી બની શકો. મુસલમાન નોકરનો પારસી શેઠ નહીં આવી શકે કે! તોબી તમારે મુસલમાન તરીકેજ આવવું. તેનું કારણ શું?" તેનેજ મને પુછ્યું.

"શું!" મેંબી પાછું પુછ્યું.

"એજ કે કાલી માતાના મંદીરમાં તમો પકડાયલા તે તમારો ચેહેરો વખને આ લુતારાના ધ્યાનમાં હશે. અને તેથી તમુને કદાચ ઓલખે."

"ત્યારે શું આ જસવંતરાવની ટોળકી છે કે" મેં ધડકતી છાતીએ પુછ્યું.

"હોયબી કે નહીબી હોય" તેને જવાબ દીધો. "પણ સાવચેતી લીધેલી સારી. જસવંતરાવની ટોળકી હશે તો તમો તરત ઓલખસો, એટલે આપણને વધારે મોટું ઇનામ મલવાની આસા રહેશે, અને વલી તમો તમારૂં વેર પણ તે કૂર મરાથા પર લઇ શકસો."

"ખરૂં" મેં હીંમતથી જવાબ દીધો અને એક પલમાં ઠેરાવ કીધો કે કાંઇબી કરીને આ પાપીની ટોલીમાં જવું. અને બને તો વેરનો ફટકો મારવો.

"ત્યારે હવે તમને મુસલમાન બનાવાની રીત બતાવું છું" ફાજલે ચલાવ્યું. "એક ફાશકી કપડાંની જોડ તમને હું આપી જવશ, અને આ તમારા બોરેલા થેબયા અને દહ

પર એવી સીફતથી હું બાલ વલગાડશ કે કોઇ ટુપવા માંગે તોબી નીકલે નહીં પણ એક ચોકસ દવા લગાડયાથી નીકલે. તમારી આંખ જરા આંજજો અને તપખીરની દાબડી ગજવામાં રાખી અમથી અમથી ઉંઘાડજો."

હમોએ નકી કીધું અને હું મારી માસીને સમજાવી આવ્યો કે મને ઘણું અગતનું કામ છે, માટે ગોવે દશ દહાડા જઇ આવું છું. મારી પેહેડી પર બધું મેં નકી કીધું, મારા ભાગ્યાને મેં કાંઇ જુદો ઓરંગો મારીને સમજાવ્યો, અને ઓરડામાં ભરાઇને મેં મારૂં વસીયત નામું લખી કહાડયું.

અરે પાલનહાર પરમેશ્વર હું કયાં જતો હતો. મોહતના ખુદ દાચામાંજ. જાણે કે મહોતને તેને ઘેરે જઇ તેડી લાવવાજ.

હું માસીને મલ્યો, ધનજી ઘેખરાને અને તેની દુઃખી સ્ત્રી ભીખીને ભેટી આવ્યો અને પછી ફાજલ મીઆની દુકાન તરફ ચાલ્યો.

આ દુકાનને છોડયાને મને નજદીક પાંચ વરસ થઇ ગયાં હતાં, તોપણ જાણે ગઇ કાલેજ તે ભટ્ટીમાં દીવાલીના દાહડા પર હોલી સલગી હોય તેમ મને લાગું. હા! તે દીલખુશ યાદમાં મંદ થઇ બે ઘડી તે સુખી દહાડાના વીચારમાં હું ઉભો રહેો. બે ઘડી હું મને તે વેલાનો નાનો મસતાન છોકરો સમજવા લાગો, અને આજની મારી દુઃખી સ્થીતી, મારી માણેકના ગુમ થવાનો ગમ હું ભુલી ગયો.

મેં જડફમાં કપડાં બદલ્યાં, અને મુવેલી મડમના બાલ જે ફાજલ બજારમાંથી વેચાતા લાવ્યો હતો, તે તેને મારી દહાડી અને ઘેબયા પર વલગાડયા. જે ઉખેડવાની દવાની શીશી મેં અગાઉથી મારે ઘરે મુકી રાખી હતી.

મેં આરસીના ભાગેલા કાંચમાં જોયું તો મારો ચેહેરો હું પોતે પારખી શકયો નહીં. ? નરો જાણે મુસલમાન !

થોડો વાર થયો અને પાસેના ભાભડ ભુજાના ઘરની પેલી તરફના વાણ્યા સાઉકારના ઘડીઆલમાં નવનો ટકોરો થયો, અને નવ ટકોરા પુરાં થતાંજ એક મરાઠો આવી લાગો અને મેં પેહેલીજ નજરે તેને **સામલ** તરીકે ઓલખ્યો.

તે સામલને મારા પ્રીય વાંચનાર ભુલી ગયાં હશે નહીં તે તે લુચો પીંઢારો, જેને મને રામચંદ્ર સાથે સામેલ થઇ કાલી માતાના મંદીરમાં સપડાવ્યો હતો.

તેને જોતાંજ મને એક ચોંક લાગી પણ મેં તરત મારો જીવ ઠેકાણે લીધો, અને હવે માંથું ખાડન્યામાં મુક્યું તો ધપકરાથી બીહવું ન જોઇએ એમ ઠેડાવ કીધો.

મેં તરત અનુમાન કીધું કે હમો જસવંતરાવનીજ ટોલીમાં જનાર છીએ.

પેલાએ મને નમીને સલામ કીધી, અને મેંબી ભારમાંજ પાનછેરી હીલવી. તેને ખબર અંતર પુછી અને મેં જવાબ દીધો. તે મારો સાદ ઓલખી શકયો નહીં.

પ્રકરણ ૧૩ મું.

પેલા મરાઠા સાથે હમો આગલ ચાલ્યા, અને જીંદગી અને મહોત વચેના સાંકડાં રસ્તા પરનું પેહેલું પગલું શરૂ થયું. આની તરફ જીંદગીની સેજ ફુલોના ઢગ સાથે બીછાવેલી હતી, અને પેલી તરફ મહોતનો ઊંડો દરામનો ગાર પોતાનું નાસકારક હાચું વકાશી ઉભો હતો. એકજ ખોટું અને અસાવચેત પગલું ભરાયું યા એકજ લપેરો ખાધો, તો

પેલા ગારમાં ઊંધે મસતક પડવાનો સંભવ હતો. ખુદા મદદગાર છે તેની સાહયતા હમારે માથે છે, તો આ લુતારાઓ શું કરી શકશે?

હમારી આંખે પાટા બાંધ્યા અને હમો ઘણુ આગળ ચાલ્યા, પછી એક બેલની ગાડીમાં બેઠા અને જપાટામાં બેલ ખડબચડા રસ્તા પર દોડવા લાગા. નજદીક બે કલાક સુધી તે હાથી જેવા માતેલા બલદીઆ જડફથી દોડયા પછી ઉભા. હમારા આંખેથી પાટા છોડયા, અને હમો એક કીલા આગળ ઉતર્યા.

ફાજલે કહ્યું હતું તેમ કીલો મોટો પણ પડત હતો. તોપણ તેમાંના ઘણા ઓરડાઓ સહીસલામત હતા, અને તે લુતારાઓએ વધારે સારા બનાવી વપડાસમાં લીધા હતા. હમુને તો રાતો રાત એક ઓરડામાં લઇ ગયા, જ્યાં બતી સલગાવેલી હતી. બે નાના પણ સગવડ ભરેલાં બીછાનાં હતાં, અને બીજી તરફ એક ભઠી બે એરન મોટા હથોડા ચીપીઆ ઇત્યાદી લોહાડનો સંઘો સામન બધો તદન તૈયાર હતો. હમો ઓરડામાં દાખલ થયા કે એક નાગી તલવારવાલો મરાઠો બારણા આગળ આવ્યો, અને પેહેરો ભરવા લાગો.

"તમો આ બીછાનામાં સુખે ઉંઘાવો." સામલે હમને કહ્યું "આ માણસ તમારી ચોકી કરશે અને તમારે એને હાથે નુકશાન થવાની ધાસ્તીથી બીહવું નહીં." એમ કહી તે ચાલી ગયો.

હમો તો પેહેલા એક બીજાનું મોહડું જોવા લાગા અને પછી હલુસે વાતો કરતા ઠેઠાવ પર આવ્યા કે એકેક પછી એકે જાગવું અને બીજાએ ઉંઘવું. પેહેલી મારી જાગવાની વારી હતી. ફાજલ તો પથારી જટકી માથા સુધી ઓઢી ઉંઘાઇ ગયો, અને હું મારી પથારીમાં પલાંઠી મારી એકડે એકથી આંક ભણવા લાગો.

તદન શાંત હતું. પોહરેગીરના એક સરખા પગલાં સીવાય કાંઇ બીજું સંભલાતું ન હતું, અને ચુપચાપ વચે ફાજલમીઆનો ઘોરવાનો સાદ ઘણો કઠોર લાગતો હતો.

મેં તીશ એકાંવેર આંક ભણ્યાં, પણ પછી શું થયું તે મને ખબર નથી, કારણ કે હું જ્યારે જાગ્યો ત્યારે સહવાર પડી હતી.

હમો બંને જણા ઉઠયા હાથ મોહડું ધોયું દાતન પાણી કીધું. શીપાઇની ચોકી સાથે ખેતરમાં જઇ આવ્યા. દુધ અને રોટલીનો નાસતો કરી આંઠ વાગેને કામ પર લાગી ગયા.

હમો કામપર મંડયા ત્યારે હમારી ચોકીને માટે બે સીપાઈ બેસી રહ્યા હતા, અને તેઓ તહરેવાર ગપાટા ચલાવતા હતા. તલવારો બનાવાનું કામ કાંઇ ઘણું મુસકેલ નથી. હું અમથું અમથું વચમાં માથું મારી "એમ નહી એમ કર" "ના આએ કહાડ પેલું મુક" કરીને ડોહવાયા કરૂં કારણકે તલવાર તે કેમ બનાવવી તેતો ભગવાન જાણે.

અગીઆર વાગે હમુને કામ બંધ કરવાનો હુકમ થયો, કે હમો ખાસા તમારે લેટી ગયા. એક વાગે જમ્યા ને પાછા કામપર મંડયા, તે છ વાગેને ચોકી પોહરા નીચે જરા એમ તેમ ફરવા નીકલ્યા.

આ કીલાની એક બોરડુ તલાવ, એક બોરડુ પહાડ, અને બે બોરડુ જંગલ હતું. જંગલની દીશા તરફ છેક નાંકે હમારો ઓરડો આવેલો હતો, અને હમારા ઓરડાને એક નાની બારી હતી, અને બીજી રીતે તદન બંધ્યાર હતો. હમારા ઓરડાની ઉપરનો ઓરડો જરા સનગારેલો જેવો લાગતો હતો. જેથી મેં ધાર્યું જે તેઓના સરદારનો આ ઓરડો હશે.

હમો જરા રતી લતાર મારી પાછા ફરતા હતા, કે હમને સાંમેથી એવોનો સરદાર જસવંતરાવ આવતો દેખાયો. ઓ તે વીકાલ વરને જોતાંજ મારા હાથ પગ સ્થીર થઇ ગયા. જંગલમાં છુટા ફરતા વાઘને જોઇ જેટલી હેબત ભરાય તે કરતાં હજાર ઘણી

વધારે આ ખવીસને જોઇને મને ધાસતી લાગી. તોબી મેં છાતી ધાડી રાખી અને તે જેવો નજદીક આવ્યો તેવીજ હમોએ નમીને સલામ કીધી. જસવંતરાવે અસારતમાં હમારે માટે પેલા પોહરેગીરને પુછયું. જેને જવાબ દીધો કે "લોહાડો છે" કે તે ત્યાંથી આગળ ચાલ્યો.

હમો પાછા હમારે ઓરડે આવ્યા, જમ્યા અને કામ પર દીવાની રોશની સાથે આઠ વાગે મંડ્યા અને દશ વાગે બંને જણાએ સાથેજ ગોટું માર્યું.

બીજે દહાડે સહવારે હમો કામ પર હતા ત્યારે મેં પેલા પોહરેગાર સાથે વાત છેડવા માંડી "ભાઇ તમો અત્રે કેટલાં વરશ થયા રહો છો?" મેં જાણે બેદરકારીથી કાનસ ફેરવતાં પુછયું.

"ભાઇ એ સવાલ તારે પુછવો નહીં" એકે દમ ભરાવીને કહ્યું.

"કાંય, **અજીબ** બચારાને કાંય દમ ભરાવે છે?" બીજાએ નર્માંથી પેહેલા–અજીબને–સમજાવ્યો "બચારો અમથો પુછે છે."

"તેતો જે હોય તે" અજીબે જવાબ દીધો "પણ કોઇ સાંભળશે ને જઇને ચાડી ખાશે તો નકામાં પીડામાં પડશું."

"અરે હઇઆં તે કોણ સાંભળવા આવતું તું?" બીજાએ કહ્યું "આપણને શું સરદારે નથી કહ્યું કે તમો બંને જણાજ આ લોક જ્યાં સુધી અત્રે રહે ત્યાં સુધી ચોકી રહેજો?"

"ભાઇ તેબી વાત ખરી" અજીબ બોલ્યો "પણ—" "અરે પણ ને બન" પેલા બીજાએ તેને થોભાવ્યો.

"ભાઇ શરીફઅલી (મેં શરીફઅલી નામ ધારણ કીધું હતું) હમો એક વરશ થયું અત્રે આવ્યા છીએ. હમો સારા માણસો છીએ પણ **દુ:ખના માર્યા સપડાયા છીએ. જાતના મુસલમાન છીએ.**"

"થોક રે મારા યાર!" મેં મનમાં પોકાર્યું. "આ તો જે જોઇએછે તેજ મલ્યું." પછી હું મોટે બોલ્યો, "ત્યારે આવી ચાકરી તમને નહીં ગમતી? ઓ મારા હમજાતો (!)"

"નહીંજતો" અજીબે હવે જબાં ખોલી "કંટાલી ગયોછું હું તો આ કાફર મરાથાઓથી."

"તે કંટાલોબી કોઇ જેવો તેવો કે? ખુદા દુશમનનેબી આવાના હાથમાં ના આપતો." પેલા બીજાએ કહ્યું "મારી જીંદગી ઘણી દુ:ખી છે."

"નહીં યાર તારા કરતાં હું વધારે દુ:ખી છું" અજીબે કહ્યું "મારા જેવો તો કોઇ દુ:ખી હશેજ નહીં."

"તું ભુલે છે ભાઇ મારી ઉપર દુ:ખના જાડ ઉગ્યાં છે" બીજાએ પોતાના રોડરા **રડ્યા.**

"ત્યારે એક કામ કર તું તારી વાત સંધી જણાવ અને હું મારો અહેવાલ કહું પછી આપણે જોઇએ કે કોણનું દુ:ખ વધારે."

પણ વલી વાંધો પડયો પેલો કહે કે તું પેહેલાં તારી વાત કહે ને પેલો કહે તું **કહે.**

અંતે મેં સુચવ્યું કે છાપ કાંટો નાંખો ને જે પડે તે ખરૂં. છાપ પડયો, **અને** અજીબે પોતાની વાત સરૂ કીધી.

હું કાબુલમાં એક ભઠીઆરાને પેટે જનમ્યો હતો મને કાંઇબી કેલવણી મલી હતી નહીં, અને અડુખરા જેવો હું વધી ગયો હતો. બાર તેર વરસનો થયો ત્યાં સુધી તો મહજામાં દહાડા કાહાડયા, અને ત્યાર પછી મારા બાપનો ધંધો તેની સાથે કરવા માંડયો. એમ બીજાં દશ વરસ વહી ગયાં. મારા ઘરની પાસે **રેહેમાન** કાશીવાલાનું ઘર હતું. તેની કાશીની દુકાન હતી, અને પાંચ પૈસે સુખી હતો. તેની **મહાનુર** કરી બાયડી હતી. તે **ઘણી ખુબ-**

સુરત હતી, અને હમારે ઘરે જ્યાર ત્યાર કાંઇ ખરીદ કરવા આવે. તેના ઉપર હું પ્યારમાં પડયો, અને મારો પ્યાર તેણીને અસેમસે જણાવા લાગો. પણ તે કાંઇ મને મચક આપે નહીં. એમ કરતાં ઘણા દહાડા નીકલી ગયા, ત્યારે એક દહાડે મેં મારો પ્યાર તેને ખુલો કહ્યો. આ વાતથી તે જરા સરમાઇ ગઇ, પણ કાંઇ બોલી નહીં, અને જતી રહી. બીજે દહાડે ફરી આવી ત્યારે મેં તેને ફરી કહ્યું કે "આપણે કેંઠે નહાસી જઇએ."

તે વાતથી ફરી તે શરમાઇ ગઇ અને જતી રહી. ત્રીજે દહાડે મેં પાછી તે વાત કહી, અને વલી કાંઇ બોલી નહીં, પણ ચોથે દહાડેથી તે શરમ મુકવા લાગી, અને મારી સાથે વાતો કરવા લાગી, પણ તે પોતાના ભરથાર રેહેમાનથી બહુ બીહીતી હતી. માટે મને કહેતી જે તેના દેખતાં મારે કાંઇબી ચેડાં કહાડવાં નહીં. એક દહાડે તે મને રસ્તામાં મલી ને મેં તેને થોભાવી.

"હવે તું શું કહે છે?" મેં તેને રોકીને પુછ્યું. "કાંય તવલાવે છે? તું મને શું જવાબ આપેચ?"

"જવાબ આપવાનો વખત નથી" તેને મને દમમાંજ જવાબ દીધો. "ચાલ રસ્તો છોડ."

"નહીં પ્યારી એમ શું કરે છે?" મેં પટાવીને કહ્યું "મને જવાબ તો જોઇએ. એમ તું ચીરડાય તે કેમ પરવડે?"

"નહીં પરવડે તો રસ્તો કાપ" તે વધારે ફફડીને બોલી.

મેં તેને ઘણી ઠંડી પાડી અને સમજાવી કે આજેજ રાતે કેંઠે બીજે ગામ નહાસી જઇએ.

"જો સાંભલ આજે રાતે સાત વાગેને તું મારે ઘરે આવજે. ઘરમાં ના આવતો બાહરજ બારીની નીચે ઉભો રહેજે. હું બારીએથી દોરડું બાંધી નીચે ઉતરી આવશ. અને આપણે સાથે જતાં રહીશું કેમ?"

"હા ઘણુંજ સારૂં" હું મલકાઇને બોલ્યો, "પ્યારી તારી તાલ મને બહુ પસંદ આવી."

પછી હમો છુટાં પડયાં અને સાંજની વાત જોતો હું આતુરતાથી બેઠો, સાંજ પડી અને મેં મહાતુરના ઘર તરફ ચાલુ મુકયું, સાડા છ થયા હતા, અને મહાતુરની બારીએથી દોરડું લટકતું હતું. મને જરા મન થયું તેથી હું આસતે આસતે દોરડાંપરથી ચહડયો, અને બારીમાં મુડું ઘાલ્યું, કે ઓ મારા બાપ! સાંમેજ રેહેમાન બેઠેલો. તેને મને જોયો નહીં, પણ તેને એક ખંખાર માર્યો, અને હું ઝડપમાં નીચે ઉતરવા ગયો કે તુટી પડયો, અને મારા હાડકાં દોડરાં થઇ ગયાં હું મારા પગ હાથ દાબતો બેઠો હતો. તેવામાં થોડા ઘોંડફોડાઓ મારાથી થોડે દુર આવીને બેઠા.

જરાવારમાં સાત વાગા અને મહાતુર દોરડાંપરથી ઉતરી આવી. તેને પોતાનો ચેહેરો (મેં ધાર્યું કે) શરમથી ધાંકયો હતો, અને ચુપ હતી.

"કેમ પ્યારી તૈયાર છે કે?" મેં પુછયું પણ તેને જવાબ દીધો નહીં, મેં ફરીથી પુછ્યું "મારી જાન તું શરમાયચ કાંય? હું કાંઇ પારકો છું? ચાલ આપણે જતાં રહીએ."

"હું જરા બેચેન છું." તે બોલી અને મને લાગું કે તેનો સાદ અસાધારણ ઘાડો હતો. "મારો ભરથાર ઉંગાઇ ગયો છે માટે હવે ઉતાવલ કરવાની અગત નથી. જરા થોભ પેલા સાંમે ઘોંડફોડાઓ બેઠા છે તેની પાસેથી કાંઇ ખબર લાવું કે તેવો કોણ છે? નહીં તો તેઓ કેંઠે જઇને ફુકી દેશે."

એમ કહી તે પેલા ઘોંડફોડાઓ આગલ જઇ કાંઇ વાત કરી પાછી આવી મને કહેવા લાગી કે "ચાલો ચાલો હવે કાંઇ ફકર નથી" હમો બે પગલાં ચાલ્યા નહીં, કે તે પાછી

ઉભી રહી ગઇ, અને બોલી "અરે જરા થોભ હું મારા ઘરેણાંની ગાંસડી ભુલી આવીછું તે ઝડક્માં લઇ આવું."

"અરે હવે રહેવા દેની" મેં કહ્યું "ખુદા છે તો ઘણું મલશે."

"નહીં નહીં વગર પૈસે કોણને ખાશે ?" તે બોલી અને દોરડાં પર જડક્માં વાંદરાની કાની ચહડી ગઇ. બારી માંહે પેઠી અને દોરડું માંહે તાંણી લીધું અને પેલા ઘોડફોડાઓએ આવીને મને ઘેરી લીધો.

"ચાલો હવે જવું જોઇએ બહુ મોડું થયું." તેઓમાંના એકે કહ્યું.

"હા ચાલો" બીજાએ કહ્યું. અને પોતાના પોતલાં અને જોડા મને આપી કહ્યું. "ચાલ એ આ ગાંસડા અને ખાસડાં તારે માથે લે."

"જા રે નીચ તારા માથામાંજ કાંય નહીં ખાસડાં મારતો ગુલામ!" મેં દમમાંજ કહ્યું "કાંઇ નોકર જોયો છે કે કેમ!"

"નોકર નહીં તો શેઠ કે, ભાઇ!" એકે ટકોર કીધી.

"અરે ભાઇઓ" વલી વચમાં બીજો બોલ્યો "રેહેમાનઅલીએ કહ્યું છે તેમ એવન તો સસેકા તીન પાઉં કરે છે. રેહેમાનઅલીએ ફરમાવી છે તે દવા કામે લગાડો."

"નહીં એને પેહેલા સમજાવીને કહીએ" વલી એક ત્રીજો દાહ્યો થયો. "જોની ભાઇ તું મજુર છે, તે હમો જાણ્યે છીયે. હમોએ તુંને નોકરી રાખ્યો છે, અને હમણાજ તારા દેખતાં રેહેમાન અલી હમોને તુંને સોંપી ગયા છે."

"રેહેમાનઅલી !" મેં અજબ થઇ પુછ્યું.

"લે આ તો છેકજ ગયો, આ બારી પરથી દોરડાં વાટે નીચે આવીને તુંને કાંઇ કહીને હમને સોંપી કોણ ગયું ? રેહેમાન કે કોઇ બીજું ?"

હવે મને સમજ પડી કે કેહો મહાતુરના આકાર અને પોશાકમાં ખુદ રેહેમાનજ આવેલો અને તે મારો ઘાટ ઘડી ગયલો. તોપણ હવે મેં દમ કરીને છટકી જવાનું નકી કીધું.

"હવે ચાલશો કે હવેબી નહીં?" એકે વલી પુછ્યું.

"અરે મુર્ખાઓ તમારા જેવા સાત મજુર મારે ત્યાં છે સમજ્યા. ખબરદાર એવું કાંઇ બોલ્યા છે તો ?" મેં દમ શરૂ કીધો.

"હવે ઠેકાણે આવતો નહીં તો માર ખાઇને ચટવાઇ અટવાઇ જશે" એકે ધબો મારીને કહ્યું.

"એ મારેચ કોણને ?" મેં હજુબી બપકી રાખી, બીજાએ જબરૂં કૉટ મારી કહ્યું "વલી કોણને ? હમારા મજુર સાહેબને"

"અરે યારો તમો કાંઇ ઘેલા થયાચ ? મને મજુર જાણી નકામા મારો છો ? રેહેમાન તો તમને બનાવી ગયો છે" મેં હવે પતાપત માંડી.

"મારા ડાહ્યા શેઠ કબુલ થાવો કે તમો મજુર છો" એકે લાકડી મારીને કહ્યું.

"ને કબુલ થાઓ કે હમારી નોકરી કરવાને તમો બંધાયલા છો." બીજો મારા થોબડાંમાં મુકી જાહડીને બોલ્યો.

કમરમાં લાત મારી ત્રીજાએ કહ્યું "અને કબુલ થાઓ કે તમો ફરી બોહોશ નહીં કરો અને હમારા હાથ મારવાથી દુઃખવો નહીં."

"અરે ભાઇઓ, યારો, કાંય મારો છો! હું મજુર બજુરની કાંઇ વાત જાણતો નથી" મેં કરગરીને કહ્યું.

"નથી જાણતો તો માર ખાઇને મરવાનો" એમ બોલી બધા ખુબ મારવા લાગા.

અંતે બીજો કાંઇ ઉપાય ન હોવાથી હું કબુલ થયો, અને તેઓ સાથે ચાલ્યો.

તેઓ મને એક દુકાનમાં લઇ ગયા અને આખી રાત પથરા ભંજાવી ખડી બનાવા કહ્યું, અને પથરા ભાંગતા પચાસ વખત મારાં આંગલાં પણ ભાગી ગયાં. સહવારના પોહરમાં મને કામપરથી ઉઠાડી તપલો મારી કહાડી મુકયો, અને મજુરીના પૈસા વટીક આપ્યા નહીં.

હું મહાતુરને અને રેહેમાનને હજારો ગાલો દેતો ઘરે ગયો, અને પાંચ દહાડા બીછાનું સેવી જેમ તેમ સાજો થયો.

પણ હજી મારો પ્યાર કાંઇ ખુટયો ન હતો. મહાતુર જ્યારે મારી દુકાનમાં પાછી આવી ત્યારે મેં તેને દમ ભરાવ્યો, કે તેં મને ફસાવ્યો, પણ તેતો સોગંદ પર સોગંદ ખાવા લાગી કે તેનો કાંઇ તેમાં હાથ હતો નહીં, પણ મને દોરડાંપરથી ચહડી આવેલો જોઇ, રેહેમાન ચેતી ગયો, અને મને સજા કરવાને તેને આ તાલ શોધી કહાડી. મારીબી ખાતરી થઇ કે મહાતુરનો કાંઇ વાંક નથી, માટે મેં ફરીથી મારો પ્યાર જણાવ્યો.

"હવે તો કાંઇબી કરી નહાસી જવું જોઇએ" મહાતુરે કહ્યું "જો એક કામ કર, હમણાતો મને ઉતાવલ છે, અને મને મારો ભરથાર કેડે જવા આવવા દેતો નથી. તેથી આપણે બરાબર મસલત કરવા એક જગ્યા સોધી કહાડીએ."

"તુંજ શોધી કહાડની પ્યારી" મેં તેનીજ ઉપર રાખ્યું.

"ઠીક ત્યારે હું આવતી કાલે બીમારીના ઢોંગ કરશ, અને મારી વીસવાસુ દાસીને કોઇ હકીમને શોધવા મોકલશ, કે તું તેની સાથે આવજે, અને પછી આપણે સાથે બેસીને બરાબર મસલત કરશું." એટલું કહી તે ગઇ, અને મારા જીવનેબી બહુ રાહત વલી.

બીજે દહાડે હું એક મોટો સાલ્લા પેહેડી એક લાંબી કાલી દાહડી બાંધી માથા પર લાલ અનીવાલી તોપી પેહેડી બજારમાં જઇ ઉભો કે થોડા વખતમાં મહાતુરની દાસી આવી અને તેની સાથે હું તેને ઘેરે ગયો.

એક પલંગપર મહાતુર લેતેલી હતી, અને રેહમાન આગલ ઉભેલો હતો,

દાસીએ કહ્યું. "આ હકીમજી આવ્યો છે."

મેં કહ્યું "ખુદાહાફેજ."

"હં હં ખુદાહાફેજ" રેહમાને ડોકી ધુનાવી જવાબ દીધો.

"શું છે? મને ઘણું કામ છે માટે જલદી દરદીને બતાવો" મેં જરા ઉતાવલનું ડોલ ઘાલ્યું.

"કેમ રે, ઘોડે ચહડી આવ્યો છે કે?" રેહેમાને તો પેહેલાંથી દમ ભરાવા માંડયો.

"અરે બેટા મોટાને માન આપ્યે" મેં જરા શીખામણ દીધી.

"અરે માનવાલા. ગુરતમાન મુગો મુગો મરની" તેતો વધારે તાતો થયો.

મેં જોયું કે કામ બગડશે તેથી હું મુગો રહી ગયો. અને પછી બોલ્યો "જરા હાથ આપોની નાડ જોવું."

"ના, ના, ના. હાથ કાંઇ અપાય નહીં." વળી રેહેમાન વચે આડે આવ્યો.

"ત્યારે સાહેબ હું તબીએત કેમ તપાસું?" મેં હવે વાંધો લાધો.

"તે મને શું પુછે છે? તું હકીમ છે કે હજામ છે?" આમ બોલી તે મહાતુરની પાસે તેના પલંગ પર બેઠો.

આ જોઇ મને અદેખાઇ લાગી, અને હું બોલ્યો. "સાહેબ જરા એવનને આંચકો ના લગાડો"

"તારૂં શું જાય છે? મારી બાયડી છે હું ગમે તે કરશ"

બેર પ્યારને ખાતર બધું અપમાન ખમવું જોઇએ. જરા તબીઅતના સવાલો પુછી મેં રેહેમાનને ઘણીજ નર્માથી કહ્યું કે "સાહેબ જરા બહાર જશો મને એવન આગલ એખલો રહેવા દેશો?"

મારૂં એમ બોલવું અને તેતો ઉઠયો અને મને મારવા દોડયો, તે જહનુનમાં બોલ્યો કે "નાપાક હકીમ તેં એમ બોલવાની કેમ હીંમ્મત કીધી?" અને ઘભો મારી તોપી ઉરાડી દીધી. દાહડી ધરીને મારવા ગયો કે દહાડી નીકલી આવી અને સાલ્લો ચીરાઇ ગયો.

હું કોણ હતો તે માલમ પડી ગયું અને ગડબડથી ઘર ભરાઇ ગયું, અને સર્વે મને મારતાં મારતાં કચેરીમાં લઇ ગયાં. મને ત્યાં બે દજન ફટકા બાંધી મારવાની સજા થઇ. તે સજાથી મારો બરડો બધો ચીરાઇ ગયો, અને જેવો હું સારો થયો કે હીંદુસ્તાન તરફ નહાસી આવ્યો, અને મેચીસો વેચી ગામે ગામ ફરી મારૂં પુરૂં કરવા લાગો. એક દહાડે વદોડરાની નજદીક ફરતાં આ લુતારાઓના હાથમાં સપડાયો, અને તેવોએ જબરીથી મને તેવોનો સાથી બનાવ્યો.

હવે બોલો ભાઇઓ મારૂં દુ:ખ કાંઇ જોવું તેવું છે?

તેની વાત સાંભલી હમો કલેજા ધરી ધરી હસ્યા, પણ તેટલાં અગીઆર વાગા અને હમો કામથી ફારેગ થયા. બપોરના જમીને પાછા કામે લાગ્યા કે બીજા પોહરેગીરે પોતાની વાત નીચે પ્રમાણે ચલાવી.

પ્રકરણ ૧૪ મું.

મારૂં નામતો અસલ તેહેમારપ હતું પણ મને લોકો છાંતુખાં કરીને કહે છે. (આપણે આ નામ પરથીજ વીચાર બાંધ્યો કે એ જે વાત કહે તેમાંથી સો એ સો ટકા બાદ કરી બાકી જે રહે તેજ ખરી મનવી.) હું અફ્ગાનના મુલ્ક આફ્રીકાના સુલતાનનો છોકરો છું. (ઓ તારો બાપ મરે! એ તે કેવું નાનું નાલીઉં?) મારા બાપના સાત દીકરા હતા તે એકેક પછી મરણ પામ્યા તેથી મને મારા બાપે એક જોગીને સોંપ્યો. તેની પાસે માગી લીધું કે મારી ઉમર અમર કરવી. જોગીએ આ વાત માથે લીધી, અને મને પોતાને ગોફે લઇ ગયો. તેનો ગુફો જંગલ વચે પાહડની કહણમાં હતો. ત્યાં તે એખલો રહેતો હતો, અને દીન રાત ભક્તી કર્યા કરતો હતો, અને ગુફાની બહાર પણ નીકળતો નહીં. તે ભુખો રહી જીવતો હતો, અને મને પણ મંત્ર ભણીને સાત વરસ સુધી ભુખોજ જીવવાનું વરદાન દીધું હતું. તે મારી ઉપર નવી નવી ક્રીયાઓ કરે. કોઈ દહાડે તે મને આતસની એહ સલગાવી અંદર બાલી નાંખે અને પછી પાછો સજીવન કરે. કોઇ દહાડે મને જમીનમાં આખોજ દાટી દે અને પછી જીવતોજ ખણી કહાડે. કોઇ દહાડે ફાંસી દઇ મંત્રથી જીવ બખશે. કોઇ દહાડે ખંજર મારી પાછો મંત્રથી જીવ બખશે. કોઇ દહાડે પાણીમાં ડુબાડી દઇ પાછો જીંદગીમાં લાવે અને એ પ્રમાણે મને તહરેવાર રીતે દેહ છોડાવી પાછો દેહ આપે. એમ કરતાં ત્રણ વરસ નીકળી ગયાં. એક દહાડે હું તેના ગુફામાં આમ તેમ ફરતો હતો, કે મને ભીંતમાં એક ખીલો જડેલો જણાયો. મેં તે ખીલાને અમથો હાથ લગાડયો કે એક નાનું બારણું જે ભીંતમાં ચીની લીધેલું, અને જે નજર ન પડે તેવું હતું તે ઉઘડી ગયું, અને એક નાની ટાંકાબારી માલમ પડી. તે ટાંકાબારીમાં એક કેતાબ હતી તે મેં બહાર કાહડી અને ઉઘાડી તો તેના પેહેલાંજ પાનાં પર લખેલું હતું કે "એએ ચોપડીના ઉઘાડનાર ઘણી જાણ કે આ ગુફામાં

જે જોગી રહે છે, તેની ઉમર અમર છે. પણ જો તેની છાતી પર જે એક નાનું કાલું લાંછન છે. તેમાં જો ખંજર ભોકે તો તે મરણ પામે અને મારનાર ધણી સાત વરસ સુધી એનો સંધો એલમ અખત્યાર કરે."

મને આ વાંચવાથી લોભ થયો અને જોગીને મારીને તેનો ઇલમ અખત્યાર કરવાનો મેં ઠેડાવ કીધો.

હું તે ઉંગાયલો હતો ત્યાં ગયો અને તેનું પેહેરન ઉંચકી જોવા લાગો તો ખરેજ તેની છાતી પર એક નાનું કાલું લાછન પડેલું હતું. મેં તે લાછનમાં ખંજર માર્યું કે છાતીમાંથી લીલું લોહી વહેવા લાગ્યું, અને જોગી ચીસ પાડીને જાગી ઉઠયો, અને મને આગળ લોહીથી ખરડાયલું ખંજર લઇને ઉભેલો જોઇ બોલ્યો. "તેહેમાસ્પ, તેહેમાસ્પ તેં મને માર્યો છે, પણ તુંને ખબર કરૂં છું જે આજથી સાત વરસ સુધી તું મારા એલમનો ધણી થશે. જીનો અને પરીઓ, દેવો અને શહેતાનો, તારા નોકર થશે. આગલી અને પાછલી વાતનો તું જાણનાર થશે. તું ચાહશે તે દુન્યામાં કરી શકશે, અને તુંને જેર કરનારૂં આ દુન્યામાં કોઇ મલશે નહીં" (હાંક બચા કોણ પુછે છે?) એટલું બોલી તે મરણ પામ્યો, અને મેં મારી રાજધાણી તરફ પગલાં ફેરવ્યાં. થોડેક ગયો નહીં તેવામાં એક દીલ બેહેલાવનારો બાગ આવ્યો. ગુલાબ અને મોઘરાનાં સાં ઝાડવાઓ હતાં. ચંપેલી અને સાહેલીઓના વેલા ઝાડોપર ચહડી રહ્યાં હતાં. સરોવર પોતાનું સીધું સર ઉંચકી હવાની બલીહારી ભોગવતું હતું. કોયલ અને બુલબુલ કીલ કીલ કરી રહ્યાં હતાં. મોર અને ચકોરે નાચથી બાગ ગજાવી મુકયો હતો. હંસ સરોવરમાં પુર દમામ સાથે પાંખો ઉભી કરી તરતું નાહતું હતું. અને ટુંકમાં દેખાવ તો એવો લાગતો કે જાને જીનત આ જેહાંનમાં ઉતરી આવ્યું હોય. (જીવ તો સફેજ ચાલ્યો!)

હું તે બાગમાં દાખલ થયો અને આસપાસ ફરવા લાગો. ફુલોની મંદ કરતી લંપટ લેવા લાગો. અને રસદાર ફલો ઝાડો પરથી તોડી ચાખવા લાગો. થોડેક ફર્યો નહીં કે કોઇને મેં ગાતું સાંભલ્યું. હું ઉભો રહી ગયો અને જોઉં છું તો મારી બરાબર સાંમે એક સોહામની સોલ વરસની સુંદરી હાથમાં સીતાર લઇ ગાતી વગાડતી હતી. શું તેણીનો ચેહેરો અને તેના કદની બાંધણી! નજાકતમાંબી પુર અને નખરાંમાં હરીફ વનાની. આંખો જાણે નરગેશ અને બાલમાં તો સીહા નાગન. તેને જોઇને હું તો દંગ થઇ ગયો, અને ઘડી બેએક સ્થીર થઇ તેનું ગાયન સાંભલતો ચુપ ઉભો રહ્યો. પણ પછી મેં મારા ઈલમની પેહેલી પરીક્ષા લીધી. મેં ભણ્યું મંત્ર કે હું ઘણોજ ખુબસુરત ફાંકડો જવાન બની ગયો. (બેહેશતી જાણુતા હતા ખરા કે તેવન બદસુરત છે, માટે પોતાને ખુબસુરત ઠોકવાનું નાલીયું ચાલશે નહીં.) અને બીજુ મંત્ર ભણીને સુંદરી તરફ ફુંક મારી કે તે મારી ઉપર દેવાની થઇ ગઇ. તે મને જોતાંજ મારી આગલ દોડી આવી અને મારી અલાબલા લેવા લાગી. (તો! તો!) મારી ગરદનમાં હાથ નાંખી તે મારા બાલ પસવારવા લાગી, અને મીઠીમીઠી વાતો કરવા લાગી.

મેં પુછયું "પ્યારી તારૂં નામ શું? અને તું ક્યાં રહે છે?"

તેને કહ્યું "વ્હાલી મારૂ નામ—મારૂ નામ," નામ શું કહ્યું જો હા! હા! તેને કહ્યું "મારૂં નામ જરીના છે" (બચા ખરૂં હોય તો યાદ રહે કની?) "અને હું દેવબંદ જાદુગરની દીકરી છું" (ઓ બાપરે!)

મેં કહ્યું "પ્યારી તારો બાપ જાદુગર છે તો મને કાંઇ ઓછો સમજતી ના. હું પણ એક ઇલમ હુંનરથી ભરેલો દાવપેચ જાણનારો હુશીયાર બાહોશ કીસબી જાદુગર છું"

"હા પ્યારા તારે તો તું મને મારા બાપના આજાબથી છોડવ" તે મને પગે લાગીને બોલી "તારી ઉપર મારો જીવ કુરબાંન છે. તું મને તારી સાથે લેતો જા. અને તારી વ્હાલી મહોરદાર થઇને હું રહેવશ."

મેં કહ્યું "ચાલ ત્યારે" અને હમો બંને બાગમાંથી બહાર નીકલ્યાં પણ બે ત્રણ કદમ ચાલ્યાં નહીં કે વાવીજોડું થઇ આવ્યું. જમીન પરથી ધુલ ઉડી આકાશ પર ગઇ. આકાશ પર વીજળીના ચમકારા અને ગગડાટ થવા માંડયો. ઝાડો ઉખડી ગયાં. કાગડાં ને ચલ્યાં જમીન-પર પટકાઇ બેજાન થવા લાગ્યાં અને ગોયા આખી કુદરત હમારી સાંમે થઇ.

જરીનાએ કહ્યું "મારો બાપ આવી લાગેલો લાગે છે અને આ સંધું રમખાંન તેનેજ મચાવ્યું છે."

મેં કહ્યું "કંઇ નહીં વ્હાલી. હું હમણા તેને જેર કરંછું" (તેમાં શું પુછવું?)

મેં પણ હવે મંત્રનું જોર ચલાવા માંડયું, અને મારી તરફથી તે જાદુગરને ઉંધો વાલવાનું સરૂં કીધું. જીનોનું લશ્કર મેં એકઠું કીધું, અને તેની ઉપર સરદારી લઇ હું મારા હમનબરદની સાંમે ચાલ્યો. આકાશના બુલંદ ગુંબજમાં મને અને તેને માહા ભારત લડાઇ જાગી. હજારો જીનો કપાઇ મુઆ લખો દેવો કચડાઇ ગયા. અને આઠ મહીનાં સુધી જબરી જંગ મચી. કોઇ કોઇથી થાકે નહીં અને હટે નહીં. અંતે મેં ફરીને બીજું લશ્કર તેડયું, અને ફરીને મેં એક જોરાવર હલો કરી જરીનાનાં બાપને હરાવી તેને ઠાર માર્યો (અરરરર!)

મેં મારા લશ્કરને મોટી જ્યાફત હવામાં અધર આપી અને પકડાયલાં દુસ્મનોને ફાંસી દીધા અને તેમનાં મુરદાં તારાઓની સાથે લટકાવી દીધાં. (બલાં જાને છાંતુખાંની કે તારા તે શું ચીજ છે!)

હું પાછો જમીન પર આવ્યો અને મારી જરીનાં જે જગ્યાએ હતી ત્યાં ગયો પણ અફસોસ! (ભોગ તારી તોપનાં) મારી વ્હાલી જરીનાં ત્યાં હતી નહીં. શોધ ખોલ કીધી પણ જડી નહીં. તે ઉપરથી મેં મારા જીનોને તેની શોધમાં મોકલ્યા. અને તેમને હુકમ કીધો કે તેણીની નીશાની તેઓ નહીં લાવશે તો બધાને ગરદન મારશ. (કોણના બાપની દીવાલી!) તેઓ ત્રણ મહીને ખબર લાવ્યા કે "અત્રેથી પાંચ કરોડ માઇલ પર (છાંતુખાંને દુન્યાના વીસતારનો શું ખ્યાલ હશે!) એક હેસીં હજાર માઇલ ઉંચો પાહડ છે. (જે બીજાઓની નજરે નહીં પડતો હશે) ત્યાં તેના શીખર પર એક મોટા કેદખાનામાં તેણીને કેદ કીધી છે. તેની આસપાસ સાત જાતની ચોકી છે. પેહેલી એક લાખ અઝદાઓની ચોકી છે, જે અઝદાઓના મોહડામાંથી આતશ નીકળે છે. તેમને દરેકને પચાસ પચાસ પંજા છે, અને દરેક પંજાપર મોટા પાવરા જેવા પચાસ નખ છે (તેબી જીનો ગણી આવ્યા હશે) દરેક અઝદાની બબે માઇલની લંબાઇ છે, અને તેમના બદનોનો પોણા માઇલનો ઘેરાવો છે. દરેક અઝદા દરરોજ સો સો માણુસનો ભક્ષ કરે છે. બીજી ચોકી દશ લાખ વાઘોની છે, અને તેઓ એકકા જીન જેવા વીકાળ છે. (જીન કેવા વીકાળ હશે તે તો આપણે જાણુતા નથી) ત્યારપછી બેહજાર માઇલ પોહલી આતસની ચરની ચોકી છે તે આતશની ગરમી જમીનથી પાંચ લાખ માઇલ સુધી ઉંચે પુગે છે અને જમીન નીચે પતાલથીબી પચાસ હજાર માઇલ નીચે પુગે છે. ચોઠી ચોકી "કુત્રુમેંદ્રીપોફ્રીઓરીદીનો" નામના પીસતાલીસ હજાર પક્ષીઓની છે. (નામબી કહાંથી શોધી કહાડયું?) તે પક્ષીઓની સુરત ગધેડાંના જેવી છે. તેનું બદન હાથી જેવું છે. પગ સોસવાટ જેવા છે. અને પુછડું ડુંકરના જેવું છે. તેની પાંખ પર લોખંડના ભીંગડાં ઉગેલાં છે અને એકજ પાંખ આખા આફ્રીકા દેશને ઢાંકી નાખવાને

બસછે. (હો ! હો ! ! હો ! ! ! હો ! ! ! !) તેને વળી બેને બદલે ત્રણ ત્રણ પાંખો, ચાર ચાર પગ, પાંચ પાંચ પુછડાં, બબે મોહડાં, અઠાવીસ અઠાવીસ કાન, તેર તેર નાંખ, તેત્રીસ તેત્રીસ જીભ, એકોતેર એકોતેર હોઠ અને વીસ વીસ આંખ છે. (કાંઇ બીજું ?)

પાંચમી ચોકી બેતાલીસ અબજ જીનોની છે. (બસ ! એટલાંજ !) દરેક જીન પાંચ પાંચ હજાર માણસના જેવડો મોટો છે. પચાસ પચાસ ડુંગર માઇ જાય એવડું તેમનું પેટ છે. અને તેઓ એકજ ફુંકારે સુરજનેબી ઉડારી દે તેટલાં જોરેમંદ છે. (તેમાં શું મોટું !) તેઓ એકતાલીસ નીખર્વ માઇલ સુધી જોઇ શકે છે. અને બેતાલીસ માહપદમ માઇલ સુધીનું સાંભલી શકે છે. (થઇ ચુકું.) છઠી ચોકી સડસત સંકું ભુતોની છે. તે ભુતો એક પલમાં આખી પૃથ્વીપર દોડી જાય તેવા ઝડફવાલા છે. કીડીના પગમાંથી ઉડીને પડતી ધુલનો અવાજ સાંભલી શકે તેવા તેમનાં કાંન છે, અને માખને ફુલા થયા હોય, તેઓ જોઇ શકે તેવી મજબુત તેમની આંખો છે. (શાબાશ બચા તોપ મારવામાં તું બાહદર ખરો) સાતમી ચોકી જાદુગરોની છે. તે તેઓની સંખ્યા ન ગણાઇ શકાય તેટલી છે. (આસરે પચાસ એક પરાધ હશે !) તેવો સર્વે ચીજોથી માહેતગાર છે. દુન્યાના પેટાંની અને આસમાનની છાતીની (ને કપાલની) ખબર રાખે છે. ઊંઘે છે ત્યારે પણ જાગે છે. (અને જાગે છે ત્યારેબી ઊંઘે છે ?)

આ વાત સાંભલી હું પેહલાં તો જરા ધભરાયો (જરાકજ !) પણ પછી હીંમત ધરી (હીંમતવાંનબી ભારી, બીલાડી જોઇને બીહે.) અને મારા સંધા જીનોને અને દેવોને બોલાવ્યા. તેઓ જ્યારે એકઠા થયા ત્યારે તેમના ભારથી દુન્યા પણ થોડી બેસી ગઇ. તેમના અવાજથી ગગડાત સરમાઇ ગયો (અરે રડી પડયો કહેની) આ મોટું લશકર લઇ હું ચહડી ગયો (સુલીએ કે ?) અને તે કેદખાનાની જગ્યાએ જઇ પુગો. અઝદાની ચોકી જલદી હરાવી નાંખી (શાબાશ) વાધોને મારી કહાડયાં (ધન છે) આતશની ચેહપર મંત્ર ફુંક્યું કે તે બુજવઇ ગઇ. (વાહવાજી વાહવા) પણ પેલાં પક્ષીની ચોકી હઠાવતાં ઘણી મુશ્કેલી પડી ("કુત્રુમેંદ્રીપોફ્રીમોફ્રીદીનો" યાદ નહીં આવ્યું ક્યાંથી યાદ આવે ? મારો વાહલો છાંટે તે) પણ તેઓને બધાંને બેજાન કરી જમીનપર ફેંક્યાં (ખરો બહાદુર ! પણ તેઓની પાંખોથી દુન્યા ઢંકાઇ નહીં ગઇ ?) જીનો વચે જંગ કરી તેમને પરાગંદે કીધાં, અને જાદુગરોને એકજ છુમંત્રથી નસાડયા. (કોઇ બીહતું ના રે) અને મારી વ્હાલી જરીનાને મેં છોડવી. (ધન છે તારી તોપને)

હું મારે દેશ મારી વ્હાલીને લઇને ગયો. અને ઘણાં સુખમાં દહાડા કહાડવા લાગો. પણ બરાબર સાત વરસે મારો એલમ જતો રહ્યો, અને હું અસલના જેવોજ બની ગયો. મારી જરીના તે જોઇ ગમથી મરી ગઇ. (પીડા ઓછી) અને હું તેના ગમમાં શેહેર દેશ છોડી ચાલતો વડોદરે આવ્યો. (આફ્રીકાથી ચાલતો આવ્યો તે તે વેલાએ સુવેજની નેહેર ખોડાઇ ન હશે તેથી તે ઉપર થઇને આવેલો) અને એક દહાડે જંગલમાં લાકડાં કાંપતાં (કોઇ જાતનો લાકડહારજ હશે) લુટારાને હાથ સપડાઇ ગયો. અને તેમની સાથે તેમન ધંધામાં મને મરજી ઉપરાંત સામેલ થવું પડયું."

આ તેની વાત સાંભલી કાજલ મીઆં મારાં કાનમાં કહેવા લાગો કે "માનતા નાં જો બધી થું છે."

"હેં એમ શું કરે છે" હું જરા ડાહ્યો થયો "કાંઈ ખોટી વાત હોય કે ?"

કાજલ પેહેલાં મારૂં મોહોડું જોવા લાગો, અને હું હસી પડયો કે તેબી હસવા લાગો આ વેલા છ વાગેલા હતાં, માટે હગો મારા પ્રમાણે ચોકી પોહરા નીચે કીલાની બહાર ફરવા નીકલ્યાં.

પ્રકરણ ૧૫ મું.

અમને બે દહાડા આ મહોતનાં મઠકમાં થઇ ગયા હતા, અને શું ઉપાયો કરવા તે અમોએ ઠેડવ્યું ન હતું. વડોદરૂં કંઇ બાજુએ આવેલું હતું, ત્યાં જવાનો રસ્તો ક્યાંથી હતો. અને તે રસ્તો કેટલો લાંબો હતો, તે વીશે હમો તદન અજ્ઞાન હતાં માટે હમારા ચોકીબા, નોજ જો ફુટે તો તેમની મદદથી કાંઇ વલે એમ હતું. હું આ ઉપલા વીચારો કરતો ફ્રાજલમીઆંની સાથે ચાલતો હતો, અને હમારા પોહરેગારો હમારી પછવાડે હતા, તેટલાં સાંમેથી બે હીંદવાની સ્ત્રીઓને આવતી હમે જોઇ. તેઓ જરા નજદીક આવી કે ઓ પરમેશ્વર! તેમાંની એક તો મારી માણેક હતી. મેં માણસથી થઇ શકે તેથી વધારે જોર કરી મારા જુસ્સા દબાવી દીધા કારણકે માત્ર એકજ મારી તરફનું શક ભરેલું પગલું મારૂં માથું તેજ જગ્યાએ ગબડતું કરવાને બસ હતું. શું કરવું તે સુજે નહીં. માણેક મને ઓળખી શકે એમ પણ હતું નહીં અને તેણીને મેં ઓળખી છે એમ જણાવામાં મેં ડહાપણ જોયું નહીં તોબી માણેક અત્રે કેમ આવી અને હાલ તે ત્યાં કેવી સ્થીતીમાં છે તે જાણવાની મને બહુ જીજ્ઞાસા થઇ. પેલી સ્ત્રીઓ હમારી આગળથી પસાર થઇ ગઇ. માણેકનો ચેહેરો ઉજલો ફ્ક થઇ ગયો હતો, ગમગીની તેના ચેહેરા પર પ્રગટ દીસતી હતી, અને ચીંતા ફ્કર તેના દીલમાં ઘર કરી પડી હોય એમ તેની મુખમુદ્રા પરથી દેખાતું હતું. તેણીએ હીંદવાની જેવી સારી પેહેડી હતી, જેને કસબી કોર હતી. પગમાં મોટાં રૂપાંનાં કલાં હતાં. હાથમાં સુનાની બાંગડી અને કોપરીઆં પર સુનાની ગુંગરી હતી. ગલામાં સોનાની પાંચ સાત સેરી માલા હતી, અને કાંનમાં મોતીની બુટી હતી. નાખમાં મોટા આબરૂદાર મોતીની નથ હતી. માથાપર માથાબાનું ન હતું, પણ સારીની સોડથી માથું ધાંકયું હતું, અને કેપાલપર લાલ જીનું ટીલક કીધું હતું. હા! મારી માણેક! મારી મનમોહન સુરત! તુંને મેં કેવા ખુનીઓના હાથમાં સપડાયલી જોઇ. કેવા દીલ બલે, જીવ જલે, મગજ ભમે, અને લોહી ઉછલે તેવા વીચારો તે વેલાએ મને આવવા લાગા! પણ તે હજી પાક દામાન છે એમ મને મારૂં અંતઃકરણ કહેવા લાગું, અને જોર જુલમથીજ તે ત્યાં રહી, ફરજની મારી આવો ઠઠેરો કરી નીકલી છે, એમ મે ધાર્યું છે. બીજી સ્ત્રી આસરે ત્રીસ વરસની રૂપાલી અને કોમલ કાંતીની હતી. તે તો હીંદવાનીજ હતી. એમ દેખાતું હતું, અને તે માણેક સાથે વાતો કરી તેનું મન રંનજન કરવાને અને તેણીને હસાવાને બહુ કરતી હતી.

તેઓના ચાલી જવા પછી મેં પુછયું. "ભાઇ આ સ્ત્રીઓ કોણ છે!"

"કોણ વલી?" છાંટુંખાએ જવાબ દીધો "સરદારનીજ બાયડીઓ હશે તો."

"ત્યારે તુંને ખબર શું છે?" અજીએ કહ્યું——"વાત કાંઇ જુદી છે. એમ છે કે આ એક જે વડી છે તે હમારા સરદારની બાયડી થાય અને આ બીજી છે તે તો હમણા કાંઇ નવીને લાવેલા છે."

"હં હં એમ છે" મેં દેખાઇતી બેદરકારી બતાવી પણ દીલમાં બલીને ખાખ થઇ ગયો.

"એબી બાઇ જબરી છે જો" અજીબની લુલી આગલ ચાલી "જાતની કોણ છે તે તો અલાહ જાણે પણ સરદારને માથેની મલી."

"સરદારને માથેની? તે કેમ?" છાંટુંખાએ અજાયબ થઇ પુછયું.

"તો જોની એને ત્યાં લાવ્યા કે બસ એ તો ન ખાય, ન પીએ ને રબ્યા કરે. ઘણી સમજાવી ને જરા રતી ખવાડયું અને કપડાં બદલાવ્યા. પણ કેહેય કે કાંચરીની નીચે કાંઇ બાંધુ સફેદ પેહેરણ છે, તે તો ન કહાડે, ને તેની ઉપર કાંઇ સુતરનો તાર વીતાલી મુકે."

"ત્યારે તો એ કોઇ પારસણુ હશે" ફ્રાજલમીઆંએ મારી બાજુ દાબીને વચમાં ટાપસી પુરી.

"જે હોય તે આપણુને નાત જાત સાથે શું છે?"—અજીબે આગલ ચલાવ્યું. "પણુ તે તો હમારા સરદારને કબુલ કરે નહીં. ઘણુએ સમજાવી પતાવી, લાલચો બતાવી, ધમકીઓ આપી, પણુ ના. મારી રાંડની તો એકની બે થાય નહીં. ને હજી એ તેને પોતાનો બોલ ઉપર રાખ્યો છે. અને સરદારને દુરનો દુર રાખ્યો છે."

હા ખુદા! કેવી મીઠી વધાઇ! કેવી જીવને રાહત વલે તેવી ખબર! મેં એક છુટકારાનો દમ ખેંચ્યો.

"પણુ એ તમારા સરદારને મારા વહલાને આવડતું નહીં?" ફ્રાજલે વલી એક ટાઉકો મુકયો. "સ્ત્રીને તાબે કરતાં વાર શું?"

"અરે પણુ ભાઇ વાત વલી જુદી છે" અજીબે જણાવ્યું "કાલી માતાની એને આન છે કે બ્રાહ્મન, ગાય અને સ્ત્રી પર જુલમ કરવો નહીં, અને તેથીજ એ પટાવતથી કામ લેછે. નહીં તો એતો એવો માણુસ છે જે જોર જુલમ ને જબરી કરવાનેબી ચુકે કે? પણુ નાચાર જયાં માતાનીજ આન ત્યાં થઇ ચુકું."

કાલી માતાને મેં તેના મંદીરમાં મને ભોગ તરીકે લઇ ગયા હતા, ત્યારે લાખ લાખ ગાલો દીધી હતી, પણુ હમણા મેં તેને કરોડ કરોડ દુવા દીધી.

એમ કરતાં વાતો ચલાવતા હમો પાછા હમારે મકાને આવ્યા, અને હવે મેં જરા હીંમત કીધી.

"ભાઇ તમો હયાંથી કંતાલ્યા હોવો તો સરદાર પાસેથી ચાકરી પરથી રજા કેમ નથી લેતા?" મેં તેમની દયા ખાઇને કહ્યું.

"અરે રજા તે શું લીજીએ!" અજીબ માથું કુટીને બોલ્યો. "આ ચાકરીથી કંટાલવાનો જે હરફ વટીક કહાડે તેને એકદમ લટકાવી દેવાનો ધારો છે."

"ત્યારે તમારો છુટકો તો થાયજ નહીં કે?" મેં વધારે ઉસકેરાઇને કહ્યું. "એ તે કાંઇ જુલમ છે?"

"જુલમ જેવો જુલમ કે?" છાંતુંખાંએબી પોતાનો ફ્રફડાત જણાવ્યો. "શું કરૂં મારો ઇલમ જો હોયની તો આ સંધાને બાલીને ભસ્મ કરી નાંખું."

"પણુ અજીબઅલી તમારી પાસે કાંઇ ઉપાય છુટકારા માટે નથી?" મેં જરા જરા પગલાં આગલ ભર્યાં.

"નથીજ તો. હોય તો બેસીબી રહું કે?" તેને જવાબ દીધો.

"પણુ રાતની વેલાએ અત્રેથી વતી જાઓની?" મેં તાલ બતાવી.

"તેબી ન બને" અજીબે ડોકું ધુનાવી કહ્યું. "રાતનાં દર કલાકે શીપાઇઓ દરેક ઓરડાનાં બારણા આગલથી રોણુ ફ્રરી જાય છે. જો કોઇબી નહીં હોય એમ લાગે તો તરત તેની ખબર કહાડવાને શીપાઇને ઓરડામાં બેધડક દાખલ થવાનો હક છે, અને તે ગુમ થયલો માલમ પડયો તો તેની જુસતેજુમાં પચીસ પચાસ સવારો નીકલી પડે છે."

"પણુ ત્યારે કાંઇ ઉપાય હોય તો તમો અત્રેથી છુટા થાવો ખરા કે?" મેં હવે સીધી રીતે પુછ્યું.

"હા ભાઇ હું તો પેહેલો." અજીબે કહ્યું.

"અને હું બી." છાંટુખાંએ પડઘા કીધો.

"ઠીક છે" અને મેં તેમને એક ઉપાય સુચવ્યો. ફાજલમીઆં જે આ સંધું સાંભલતો ચુપ બેસી રહ્યો હતો, તે અને આ બંને પોહરેગીરો મારી વાત સાંભલીને બહુ ખુશી થયા, અને ઉપાય અમલમાં લાવવાનો ઠેડાવ કીધો.

પ્રકરણ ૧૬ મું.

બીજે દહાડે સવારે ત્રણ વાગે હું ઉઠયો. અને મારા સાથીઓનેબી મેં જગાડયા. મારા બીછાનાપર થોડાં હથીઆરનો એવી રીતે ઢગલો કીધો કે કોઇ માણુસ ભીંત તરફ મોંહડું કરીને સુતું હોય તેમ લાગે. તેની ઉપર ચાદર ઓઢાડી અને બીછાના આગલ પગરખાં મુક્યાં, અને હું એક દોરડાંની મદદે પેલી એક પુરી બારીમાંથી જેમતેમ સીકડાઇ સંકોચાઇને બહાર પડયો. જેવો કીલાની બહાર નીકલ્યો કે અજીબ અલીએ નીશાની આપી હતી તે મુજબ શેહેર તરફ દોડયો.

હજી અંધારૂં કીલીઆન હતું, અને અજાના રસ્તાપર મને મુસાફરી કરવી બહુ ભારી લાગી. તોપણ ખુદાનું નામ લઇ હું ચાલ્યો. ચાલ્યો નહીં દોડયો અને સહવારૂં થતાં છ વાગે શેહેરમાં પેઠો. મેં કોટવાલના ઘર તરફ હેર્યું લીધું. કોટવાલજી તો પોઢેલા હતા, પણ માણુસોને તાકીદ કરી તેમને જગાડયા. તેવન જીફ્તા જીફ્તા ઉઠી બેઠા અને મને બોલાવ્યો. કોટવાલે મને ઓલખ્યો નહીં મેં તેવનને સંધી વાત જાહેર કીધી.

આ વાત સાંભલતાંજ કોટવાલની ઉંઘ ઉડી ગઇ, અને ખંખાર મારી ઓઢવાનું એક તરફ ફેંકી તેવન ઉભાં થયાં. અને જોઇતી તૈયારીઓ કરવાની મને ખાતરી આપી કે હું પાછો મારી મુસાફરીએ નીકલ્યો, અને દશ વાગે કીલાની નજદીક આવી પુગો. મેં ચીમાઇને જોયું તો રસ્તો મોકલો હતો. હું ભરાતો ભરાતો મારા ઓરડાની બારીની નીચે આવ્યો અને એક કાંકરો અંદર નાંખ્યો કે બીજી પલે એક દોરડું નીચે ઉતર્યું, અને તે રસ્તે હું ઉપર ચહડી ગયો.

ત્રણે જણા મને એકક પછી તરેહવાર સવાલો કરે મેં તેમને સંધાને બરાબર જવાબો દીધા, અને જરાં સાંત પાડ્યા, અને હું ઓઢી પોઢીને સુતો. થોડા વારમાં ઓરડાનું બારણું અને એક માણુસ ઓરડામાં દાખલ થયું.

"કેમ ભાઇ શું ખબર ?" તેને પુછ્યું. અને સાદ ઉપરથી મેં તેને સામલ તરીકે પીછાન્યો.

"ખબર તો સારી" અજીએ કહ્યું "તમો ક્યાથી આવ્યા" !

"જરા એમથીજ. પણ શરફઅલી ક્યાં છે ?" તેને મારે માટે પુછ્યું.

"જરા બીમાર છે તે પોઢેલા છે" છાંતુંખાંએ કહ્યું

"હં એમ છે" તે મારી આગલ આવ્યો, અને મોઢાંપરનું ઓઢેલું ઊંધાડી મારી તરફ જોવા લાગો. મેં જરા લાખું મોહડું કરી ડોલા અરધા મીચી કપાલપર કલચલીવાલી જરા ફાંસીને ડોકું ધુનાવ્યું.

પછી સામલે અજીબઅલીને દુર લઇ જઇ કાંઇ કહ્યું. અજીબઅલીએ તો લાગલી એક મુકી સામલના ચાવન્યામાં મારી ને સામલદાસજી તો જમીનપર ઊંધે મસતક બેહેસુધ થઇ પડ્યા.

હું ચોંકીને ઉભો થયો. મારી બીમારી ઉડી ગઇ. ફાજલ પણ નજદીક આવ્યો અને છાંતુંખાંએ શમશીર ખેંચી.

"ભાઇ જલદી કરો પેહેલાં એના હાથ પગ બાંધો" અજીઅલી હાંફતો હાંફતો બોલ્યો, અને એક તડાકામાં મેં તે બેસુદ્ધ થયલા સામલના હાથ તેની પીઠપર બાંધ્યાં. અને ફાજલે

તેના પગપર દોરડાના આંટાં માર્યા. પછી તેના મોહડામાં દુચો દીધો, અને એક ખુનામાં તે પાપી લુતારાનું બદન ગુણપાટની નીચે ઢાંકી મુક્યું.

"પણ એમ કાંય?" હવે મેં પુછ્યું.

"અરે યાર મરતા બનચ્યાં" અજીબે જરા મુછપર તાવ દઇને કહ્યું. "તમો કોટવાલ પાસે ગયા ત્યારે કેઠો એબી ત્યાંજ છુપા પોશાકમાં હતો. તેને તમને અત્રે પાછા આવતા જોયા, અને દોરડાંપરથી વલી આ ઓરડામાં પેસતા પણ દીઠા. એને જોયું કે કાંઇ કપટ છે તેથી લાગલો એ હઇઆં આવ્યો, અને પછી તાલમેલ કરી મને દુર લઇ જઇને કહે છે જે. "અજીબ આ સુતેલો આદમી બીમાર નથી. એતો સાજો છે, અને શેહેરમાં કોટવાલની દેવડીએ જઇ આવ્યો છે. માટે બચા ઝડફ કર, અને એને અને આ એના માણસને જલદી આપણે બાંધી લઇએ. અને પછી સરકાર પાસે જઇને સંધી ખબર જણાવીએ" મેં આ વાત સાંભલી કે જાણ્યું કે ચોકઠું ઉંધું વલવાનું માટે લાવની, એનેજ નક્કી કર્યે, એમ કહી મુકી જપેટી કહાડી અને મારા વાહલાને બંદીવાન કીધો."

હમો સંધાએ "વાહ વાહ! વાહ વાહ!" કીધું. અને તેની અકલ ઘણી વખાણી કીલામાં કોઇને ખબર ન હતી કે સામલનું શું થયું હતું. સંધા એમજ સમજતા હતા કે સામલ સરદાર સાથે કાંઇ મસલત કરીને કોઇ બીજે રસ્તે પાછો ગયો હશે.

એજ સામલે એક વેલા એનાજ જેવા દગાખોર સાથી સાથે મલીને મને નીરદોશને ફસાવ્યો હતો. હજી તો અગીઆર વાગા હતા, અને રાતના દશ વાગે હમારૂં છેલું કામ હતું ત્યાંસુધી આ કમબખત સામલને આજ પ્રમાણે બાંધી રાખવામાંજ ડાહપણ હતું. પણ તેની જીંદગી ઘણી ધારતીમાં હતી. ખેર, બીજો ઉપાય હતે તો આ રસ્તો જરૂર હું મારા સાથીઓને લેવા દેતે નહીં.

હમારૂં લોહાડનું કામ અગીઆર વાગે પુરૂં થયું કે હમો જરા લેટતા હતા કે હમારા ઓરડામાં એક બીજો સીપાઇ દાખલ થયો. તેની સાથે આઠ માણસો હતાં. તેઓ હમારી ભઠી નજદીક પચાસ તલવાર મુકી ગયાં, અને પેલો સીપાઇ મને કહેવા લાગો કે, "શરીફ-અલી આ સંધી તલવારો કાલ સહવાર સુધીમાં તદન ઘસીને ધારદાર ચાલતી કરી મુકજો."

"વારૂં આજે પેહેલાં હું એજ કામ કરશ" મેંબી દમામમાંજ જવાબ દીધો.

"અને કેટલી તલવાર તમોએ નવી તૈયાર કીધી છે વારૂં?" પેલો પુછવા લાગો.

"આસરે કેટલી હોશે ફાજલ વારૂં?" મારી તો બલા જાણે માટે મેં ફાજલનેજ આગલ કીધો.

"અઠાવીસ તૈયાર થઇ છે." ફાજલે જવાબ દીધો.

"ત્યારે તે અઠાવીસ ને આએ પચાસ તે બધી મલીને આપરે તમારે થઇ ઇઠોતેર. બસ ઘણી થઇ. કાલ સહવારના પાંચ વાગામાં હું સંધી તલવાર લેવા આવશ. ગમે તો રાતના બેસીને કામ કરજો એનું તમને જુદુ દામ મલશે." તે બોલીને ચાલતો થયો.

"બચા કાલ સહવાર સુધી તું જીવતો રહેવા પામે ત્યારેજ તો" હું મનમાં બરબડયો.

આખો દહાડો નીકલી ગયો અને હું કલાક કલાકે સામલની નાડ જોયા કરૂં તે આસ્તે આસ્તે દમ લેતો જીને અવાજે કાંસતો હજી જેમનો તેમ લાઇલાજ પડેલો હતો. સાંજના છ વાગે ધારા પ્રમાણે ફરવા ગયા નહીં કારણ કે હું જરા માદો (!) હતો જે વાત સરદારને ખબર પડી હતી, માટે સાત વાગે સરદારે મારી ખબર પુછાવી અને મેં જરા ધીમેથી કહ્યું કે "જરા હું બેહતર છું" (તેમાંનું કાંઇ નહીં)

પણ સાત વાગા ને હમો બીજા કામપર મંડ્યાં. પેલી પચાસ અને હમારી નવી બના-વેલી અઠાવીસ તલવાર ઘસીને ધારદાર બનાવાને બદલે હમો તેને ઘસીને બુઠી કરવા લાગા અને સપાટામાં ઉલટમંદ બની થાકની દરકાર વના ધમધુકાર કામ ચલાવ્યું. અને ચાર તલવાર ચાલતી રાખી. બાકીની એવી તો બુઠ્ઠી કરી મેલી કે માખણુબી કપાય નહીં.

નવ વાગામાં કામ ખલાસ થયું, અને દસ વાગાની રાહ જોતા હમો બેઠાં. બરાબર દસનો ટકોરો થયો અને પેલી નાની બારી વાટે એક નાનો કાંકરો આવ્યો. અને એક લોખંડના ઠીકડાંપર પડી ખનન કરીને વાગો. જલદી હમોએ તે વાટે એક દોરડું ઉતાર્યું અને એકક પછી હથીઆરબંધ શીપાઇઓ હમારા ઓરડામાં દાખલ થવા લાગ્યા એમ નજદીક કલાકેકમાં બસો શીપાઇઓથી હમારો ઓરડો ભરાઇ ગયો. કોટવાલને સામલ વીશેની વાત કહી જેથી તેવન ઘણાજ ખુશી થયા. અને પછી કીલાના ખુનાં ખાંધરાં, ઓરડા ઓરડી દાદર ઇત્યાદીની પકી નીશાનીઓ અજીબ અને છાંટુંખાં પાસેથી મેલવી, તેવને પોતાના માણસોને હુકમો આપ્યા. પોતાની ટુકડીને ચાર ભાગમાં વેહેચી નાખી અને ચારેને જુદી તરફથી એકદમ હલો કરવાનું ફરમાવ્યું.

હા! હા! તે વેલાનો દેખાવ! કોટવાલના શીપાઇઓએ જે સામે થયું તેને કાપી નાંખ્યાં ને જે તાબે થયું તેને બેડી ચોકી કેદ કીધા. કેટલાક જણા હમારાં ઓરડામાં ધસ્યા આવ્યા અને બુઠી તલવાર લઇ પાછા લડાઇપર દોડ્યા પણ ગરીબ બીચારાઓ ઘાવ કરવા વના ઘાહેલ થઇ પડ્યા. મારા હાથમાં એક શમશેર હતી ખરી પણ કેમ વાપડવી તે તો અલાહ જાણે. ફાજલમીઆં તો શુરપરજ ચહડેલો, મરાથાઓનાં તાંતીઆઓમાં તલવારનાં જરબ લગાવે, ને તેઓ પડે કે તેમને બાંધે. છાંટુખાં તો ઓરડીમાં ભરાઇ બેઠા ને કહે કે "હું તો સામલની માવજત કરૂંછું." અજીબેબી કાંઇ થોડી બજાવી નહીં તેબી બહુ શુર પર ચહડી લડ્યો અને ઘણા ભરાઇ બેસવાના ઠેકાણાઓ દેખાડી આપી સંધાઓને પકડાવ્યા. જસવંતરાવ એક દેવની મીસાલે લડ્યો તેને ત્રણ શીપાઇઓને જાનથી માર્યા, પાંચને ઘાયલ કીધા, અને નજદીક પ-ચીસને દુરના દુર ઉભા રાખ્યા. પણ એક શીપાઇએ દુરથી તેને છુટી તલવાર મારી તે તેની જાંગમાં લાગી કે તે જબરદસ્ત મરાઠો એક ચાશ મારી કુદયો, અને એખલા હાથે હલો લાવ્યો અને બીજીજ પલે એકને મારીને મુઓ. શાબાશ! ખરી હીંમત તે આ. હીંમતની પરીક્ષા તેને ફતેહ સાથે આપી અને દુશમનને હાથે જીવતો અને ઘાહેલ પકડાવાના કરતાં હીંમતથી લડી મારીને મરવામાં તેને આબરૂ જોઇ. મેં દીલમાં તેના વખાણ કીધાં અને એવા સરદારો લડાઇના મેદાનપર હોય તો કેટલું માન મેલવે તેનો વીચાર કરવા લાગો. પણ હવે લડાઇ પુરી થઇ ચુકી હતી. પચાસ લુતારામાના અગીઆર માર્યા ગયા હતા. બાકીના કેદ પકડાયા હતા. જેમાના કેટલાક ઘાહેલ હતાં, પણ મેં હવે અજીબને પુછયું કે "બાઇ જનાનો કેની તરફ?"

"અરે હારે તેતો આપણે ભુલીજ ગયા." એમ કહી તે આગળ દોડયો અને હું તેની પાછળ.

હમારા ઓરડાની ઉપરજ તે ઓરડો આવ્યો હતો. અજીબે તે ઓરડાનું બારણું ઠોક્યું પણ અંદરથી ચીસોજ માત્ર સંભલાઇ. આ ઉપરથી અજીબે જેટલું તેનાથી મોટે બોલાયું તેટલું જોર કરી બાંગ મારી કહ્યું "અરે ગંગા, ઓ ગંગા એ તો હું છું અજીબ અલી."

આ અવાજ સાંભલતાંજ બારણું ઉઘડયું, અને ગંગા તે પેલી હીંદવાની જે મારી માણેક સાથે ફરતી હતી, તે અજીબ અલીને વલગી પડી. હું મારી માણેકને ઢુંડવા લાગો તે એક ખુનામાં સંકોચાઇને બેહેલી હતી. હું તેની નજદીક ગયો કે તે ઉભી થઇ, મેં હાથ પોહલા કરી બગલગીરી કરવા માંગી તો તે બુમે બુમ પાડવા લાગી. અરે, હા યાર. હું

ભુલ્યો, મારો ચેહેરો ફેરવાયલો હતો. તે બચારી માણુક કેમ મને ઓલખે ? મેં કહ્યું "વ્હાલી મને નહીં ઓલખે કે? હું તો શાપુર છું જો."

તે એક બોલ બોલવા વના મને ભેટી પડી, અને મારી વ્હાલી માશુકને મેં તેજ વેલાએ પેહેલ વેહેલી મારી છાતીએ ચાંપી.

કેથી પેલી ગંગા સાથે અજીબ મીઆંને બહુ દોસ્તી અને તેથીજ અજીબે માણુકની સંધી બાતમી મને મેલવી આપી હતી.

પ્રકરણ છેલું.

હમો હવે સંધા રાતોરાત તો ત્યાંજ રહ્યાં. સ્ત્રીઓને માટે તો તેમનોજ ઓરડો હતો. હમો હમારા ઓરડામાં ગયા. બંદીવાનોને બેડી ઠોકી એક બંધીઆર ઓરડામાં કેદ કીધા, અને તેની ઉપર અજીબઅલી, છાંટુખાં અને બીજા બે કોટવાલના સીપાઇઓને ચોકી રાખ્યા.

બીજા એક ઓરડામાં ઘાહેલ માણસોને પાતા પાતી બાંધી કાંસતાં કરાંસતા સુવાડ્યા અને તેઓ પર ઘણીજ મજબુત ચોકી રાખી. આપણે તો ફાજલ સાથે વાતો કરતા સુતા, પણ મારી વાહલી ઉંઘ કાંઇ આવે ? બે વાગે સુવા ગયા તે છેક ચાર વાગે સુતા ને પાંચ વાગે ઉઠયા.

કોટવાલે શેહેરમાં માણસ દોડાવ્યા ને ઘટતી તૈયારીઓ કીધી. મુવેલા મરાથાઓ લુટારાઓને તથા કપાયલા સીપાઇઓને અને જસવંતરાવના મદડાંને કરકતીઓ પર નાંખીને તથા ઘાહેલોને ખાતલીઓ પર પોઢારીને શેહેરમાં લાવ્યા. આપણે તો માણકને લઇને બાહરો બાહરથી કોટવાલની રજા લઇને ઘરે ચાલ્યા.

આખા વડોદરા શેહેરમાં હો ! હા ! થઇ રહી હતી. લુટારાને પકડનારના નામની તહરેવાર અટકલો થતી હતી. અને ઘણી રમુજી ગપો ચાલી રહી હતી.

હું ઘરે ગયો તો માસી બાપડા પાસેના પાનવાલાને લુતારાની વાતો પુછતાં હતાં. પાનવાલો કહેતો હતો જે "તેરસો લુતારાઓને આપણા કોટવાલે કતલ કરી નાખ્યા." ઇત્યાદી.

મને જોઇ માસી તો ઘરમાં ભરાઇ ગયાં. વલી મારો ચેહેરો બદલેલો તે મને યાદ રહેલું નહીં.

"અરે માસી માસી એ તો હું છું" મેં બારણામાં પેસતાંજ કહ્યું

"ઓ મારો બાપારે" કરીને માસીએ મને કોટી કીધી અને પછી વલી મારો અને માણેકનો ચેહેરો ટીકવા લાગાં, અને પછી જરા દુર જઇ પુછવા લાગા. "આ ઘાટણને કાંહથી લાયો ને આ બધા બાલ કાંહથી ઉગાડી મુકયા."

મેં આસ્તે આસ્તે બધું સમજાવ્યું કે માસી તો મને કોટી કરીને માણુકને વલગે ને માણુકને કોટી કરીને મને વલગે. એમ ધીંગ ધતુરા પા કલાક ચાલવા પછી માસીએ તો લાગલી ભીખી ભવાનીને ને તેના વરને તેડાવી મંગાવ્યાં, અને માણુકને પોતાને હાથે નવાડી ધોવાડી પાછી પારસણ બનાવી મુકી.

મેંબો ઉપર મારા ઓરડામાં જઇ દવા લગાડી બાલ કહાડી નાખ્યા અને ઇસકી મીસકી બની તૈયાર થઇ રહ્યો. ધનજી ઘેખરો ને ભીખી ભવાની આવી લાગી, અને તેઓના હરખનું શું પુછવું ? મારા માસીએ તો આગલી પાછલી એક કોરે મુકી લાગલા માણુકને રૂપ્યા પેહેડાવી હમુને અડરાવી દીધાં.

મેં ખુદાની ખરા દીલથી મારી ફત્તેહ માટે બંદગી કીધી, અને પછી દુકાને ગયો. ત્યાંબી એજ વાત અને મારા મેહેતા મુનશી જાણે હું એ વાતથી અજાણ્યો હોતુંની તેમ મારી

આગલ કાંઇ કાંઇ થું છાંટે. આપણેબી "હોશે હોશે" કીધું. અને કામ બરાબર કાયદા સર ચાલે છે અને ધંધો ધીકેલો છે એમ પકકી ખાત્રી કરી આપણે કોટવાલ પાસે ગયા.

અજીબઅલી અને છાંટુખાંએ મને ઓલખ્યો નહીં. પણ ફાજલે ઓલખાવ્યો કે તેઓ તો નમી નમીને સલામ અલેકુમ કરે.

સંધા કપાયલા લુટારાઓને સામટા ચીતા ખડકી બાલી મુક્યા. જસવંતરાવને માટે જુદીજ ચીતા તૈયાર કીધી હતી, અને મુવેલા સરકારી સીપાઇઓ માટે પણ જુદી જુદી હતી. તે વખતનો દેખાવ ઘણો ત્રાસદાયક હતો, કારણ ઘણા બૈરાં છોકરાં આસરા વનાના થઇ ગયાં હતાં. પણ તેમને સરકાર તરફથી મદદ મલવાની આશા હતી.

થોડા દહાડામાં ખરી બીનાઓ બહાર પડી કે બંદાના ભાવ વધ્યા. મારી સૌ લોકો હીમત અને હીકમત વખાણે, ને હુંતો દમમાંજ જવાબ દેઉં કે "અરે યાર એમાં શું મોટું? એતો કોઇબી કરે."

સામલ જે કાંઇ મરી ગયો ન હતો તેને અને બીજા કેદી લુટારાઓને જનમ દેશનીકાલની સજા થઇ.

છાંટુખાં, અજીબ મીઆં અને ફાજલને તેઓ જીવે જાગે ત્યાં સુધી સરકાર તરફથી સો રૂપ્યાના દરમાયાનું ઇનામ મલ્યું, એટલે તેઓ તો ખુશી ખુશી થઇ ગયા, અને અજીબ મીઆંએ ત્રીજે દહાડે ગંગા સાથે લગન કીધાં, અને આઠ રૂપ્યે ભાડે ઘર લઇ દમામમાં રહ્યો.

કપાઇ ગયલા શીપાઇઓની ધણીઆંનીઓને તેઓ જીવે ત્યાં સુધી દશ રૂપ્યાનો પગાર આપતો કીધો, તો જો કે ખુદ શીપાઇઓનો ચાર ચાર રૂપ્યાનો પગાર હતો. અને કોટવાલને અને મને વડોદરાના તાબેના શેહેરની નજદીકના બે ગામ ભેટ વંસપરમપરા અને 'યાવાચંદ્રદીવા કરો' સુધી આપી દીધાં. મારા ગામનું નામ મેં માણકપુર રાખ્યું અને ત્યાંજ એક નાનું ઘર બાંધી હાલ હું રહેલો છું. દરરોજ શેહેરમાં તો જવું પડે છે કારણકે મારી પેહેડી હજી ત્યાં છે. મોટો અને તેની બાયડી પણ મારા ગામમાંજ આવી વસ્યાં છે, અને તે હજી મારી દુકાનમાં અરધો ભાગ્યો છે. મારા સાસુ સસરાં પણ ત્યાંજ રહે છે. મારા ગામની વરસ દહાડે ૧૨ હજાર રૂપ્યાની ઉપજ છે. તે મોટાં ખેતરો, ઘરો, પાંચ છ નાળાંઓ, ઇત્યાદીથી ઘણું ફળદ્રુપ છે. માણકની સાથના મારાં લગનની વેલાની ધામધુમનું પુછવુંજ શું. માસીએ તો મને કહ્યું કે "તારી અરધીબી નહીં જોઇએ કેમકે મેં તો બાધા લીધેલી કે હાપુર પરણે તો તેનો હંધો ખરચ મારે કરવો. એક અરધીબી નહીં લેવું. વાહતે મારા હમ છે તુને એક અરધીબી તેં ખરચી છે તો, કાંઇબી તુંને જોઇતું કરતું હોય. કાંઇબી કોઇને આપવું લેવું હોય, તો મારી પાહેથી માંગી લેજે."

ચાલ ભાઇ એમ તો એમ પણ હું વીચારવા લાગો કે માસી પાસે એટલું તે શું છે જે એમ ધામધુમ કરેચ? પણ માસીએ તો કેડું આગલ એકઠું કીધેલું, અને પોતાના વરનું દાબેલું આજે કહાડયું.

આખા માણેકપુરના રહેવાશીઓને મીઠાઇની ત્રણ દહાડા સુધી ન્યાત જમાડી, આતસબાજીઓ કીધી, ગરીબોમાં કપડાં વેહેચ્યાં, મહારાજાને લગનનાં સાજનમાં તેડ્યા હતા, તેમને નજર આપી. અમલદારોને માટે ભેટ સોગાદો ગઇ. ચાકર નફરોને તેમનો જીવ ખુશી થાય તેટલું આપી સંતોખ્યાં, અને ટુકમાં માસીએ તો નજદીક સાત હજાર રૂપ્યાનો હાથ કહાડયો.

મારે ત્યાં ખુદાની બખશેશથી ને પ્રીય વાંચનાર તારી દુવાથી સાત છોકરાં છે. પાંચ

છોકરા ને બે છોકરી. એક છોકરાને માસીએ દીકરો કરી લીધો છે, તેવું નામ માસીએ કુવરજી પાડયું છે. એકને મારા મોટાએ દીકરો કરી લીધો છે, અને તેબી તેવનને ઘરે રહે છે, ને મારે ઘરે તો તેને સોહવાતુંબી નથી. તેનું નામ દીનશાહ છે. ત્રીજાને મારા સસરા ધનજીએ દીકરો કરી લીધો છે, ને તેબી મારો વાહલો ધનજીનાજ ઘરમાં રહે છે. તેનું નામ પેસતનજી છે. પણ મારો વડો દીકરો જે મારાં ગામનો મારા પછી ધણી થશે, અને જે મારૂં નામ રાખશે, તેનું નામ મેં મારા બાવાનુંજ એટલે સુખલાજી રાખ્યું છે. બીજો એક બુચો છે, તે તો નાનો છે, એ-ટલે તે તો આખા ઘરની રમત છે. વડો બાવીસ વરસનો છે, તેથી નાની એકવીસ વરસની એક છોકરી છે. તે સુરતના સરકારી દાકતર સાથે પરણેલી છે. તેથી ઉતરતો બુચો જે મા-સીએ કરી લીધો છે, તે ઓગણીસ વરસનો છે. તેથી નાનો, મોટાવાળો અઢાર વરસનો, ત્યાર એક બુચી જે મુંબાઇ એક વકીલ સાથે પરણી છે. ત્યાર પછી મારા સસરાને આ-શે સાત વરસનો દીકરો ને ત્યાર પછીનો પેલો નાનો ટેંગણુ.

બધાંઓને ઠીક વારસો મળશે એમ છે એટલે હું નચીંત છું.

મોટા ત્રણ દીકરાઓના લગન કરી આપ્યા છે. અને તેઓમાંના બે તો હજી કાલેજમાં શીખે છે, પણ મોટો તો મારો ભાગ્યો થયો છે.

મારી માણક હમણા આઠમી વખત જણવા ગઇ છે અને મને ઘરમાં તેના વના કાંઇ ચેન પડતું નથી તેથી આ મારી વારતા, પ્યારા વાચનાર! તને ગમતબી મળે તથા મારો વખતબી નીકળી જાએ એમ સમજી ચીતરી કહાડી છે.

સમાપ્ત.

જેહાંગીર બેજનજી કરાંણીએ પ્રગટ કરેલાં સસતાં પુસતકોની ટીપ.

	રૂ.	આ.
ખુરદેહ અવસ્તા—૧૧ ચસ્તો સાથે, ઉંચા કાગજ તથા સારી બંધાઇની.	૦	૮
ઉનાહ અથવા પાપીનું પગલું—અસરકારક નૉવેલ................	૦	૮
એક તબીબની તવારીખ—પુસ્તક પેહલુ જેમાં ત્રણ મોટી નૉવેલોછે	૧	૦
એક તબીબની તવારીખ—પુસ્તક બીજું જેમાં ૬ નૉવેલો છે	૧	૮
ફરામરજ નામું—વાલમ પેહલું તથા બીજું સાથે એક મોટા પુસ્તકમાં.	૧	૦
કેરસાસ્પ નામું—બંને વાલમ સાથે બાંધેલાં એક મોટાં પુસ્તકમાં.	૨	૦
દારાબ નામું—માહભારત દાસ્તાનોથી ભરેલું આખુ પુસ્તક.	૦	૧૨
શેતાયસ નામું—આસમાની, ફારસી, તથા ગુજરાતીમાં ખાલેસ બંદગી.	૧	૦
હાતમ નામું—સોલ મોટાં ચીતરો અને સાત સવાલો સાથે સંપૂરણ.	૦	૮
ખોરદેહ અવસ્તા બેતોમાં—અવસ્તાની બંદગી ગુજરાતી બયતોમાં.	૧	૮
અમર મુનાજાત—જાણીતા સાયર રૂસ્તમની ૪૮ મોટી મુનાજાતે		
રૂસ્તમી મુનાજાત—જેમાં ૮૯ ગુજરાતી મોનાજાતો છે..........		
ગુન્ચે અવસ્તા—અવસ્તાની ન્હાની બંદગી બયતમાં...........	૦	
યજશનેનો તરજુમો—ગાથા સાથે, ફરેંચમાંથી ગુજરાતીમાં તરજુમો.	૧	૪
પારસી ધારા—ઇંગરેજી તથા ગુજરાતીમાં સંપૂરણ ધારા	૦	૮
પુરાતમ જમાનાના પારસીઓ: તેઓ વીશે હીરોડોટસનું લખાણ.	૦	૧૨
અરદા વીરાફ નામું—જાણવાજોગ સુધારા તથા વધારા સાથે.	૧	૦
જન રમુજ વાર્તા સંગ્રહ—પુસ્તક પેહેલુ	૧	૮
જન રમુજ વાર્તા સંગ્રહ—પુસ્તક બીજું.	૧	[illegible]
અકબર કથા ગ્રંથ—અકબર તથા બીરબલની વાંચવાજોગ વાર્તા	૧	૮
વિલકશન કથા ગ્રંથ—ધણી સરસ ચમતકારીક વાર્તાઓ...........	૧	૦
અફતાબી મીજલસ—પરીઓએ કીધેલી અજાયબ ૧૨ વારતા	૦	૧૨
સુગંધમાં સડો—યાને રંગેલું લાછન નામની એક મોટી નોવેલ...	૧	[illegible]
યાદ રાખજે આ રીતભાતનો રસાલો—ઇંગ્રેજી તથા દેશી રીતભાત	૧	[illegible]
જીંદગી ભોગવવાની જુગતી—જેમાં નીતીનો ભંડાર સમાવેલોછે.	૦	૧૨
ડોન કવીક્ઝોટનો રમુજી કીસ્સો—૧૨૮ સુંદર ચીત્રો સાથે........	૪	૦
ચતરીકા નામું—ચીનના શાહનશાહ તથા મગરેબી શાહજાદીની વારતા.	૦	૧૨
બાગો બહાર—ચાર દરવેશનો જગત પરસીધ કીસ્સો ચીતરો સાથે.	૧	૮
લોક કથા—૨૧ મોટી વારતાનો વાંચવા જોગ સંગરહ.........	૧	૦
રજપુત વીરરસ કથા—મોટી રજપૂત નોવેલોના ૨) પુસ્તકો.........	૨	૦
રાજવીર કથા—૨૦ વારતાનો મોટો સંગરહ..........................	૧	૮
ગુલેસ્તાંનનો ગુજરાતી તરજુમો, બનાવનાર મીં૦ કા૦ દી૦ કયાસ.	૧	૦
દરેક માણસનો વૈદ—વૈદકની સસતી ને સારી મોટી ચોપડી	૧	૮
ખુલાસે જાદુ—રમત ગમતનાં ખેલોની ચોપડી..........................	૧	૦
નારી દુઃખ નીવારણ—દરેક સ્ત્રીને ઉપયોગી રાખવા લાયક ચોપડી	૦	૮

☞ નાં૦ ૧૭ તથા ૧૮, પારસી બજાર સ્ટ્રીટ, 'હૈદરઅલીબીલડીંગસ' કોટ, મુંબઇ.